Website : www.rakhewaldaily.com     Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૧૮૭
તા.૧૧-૦૮-૨૦૧૭, શુક્રવાર
સંવત ૨૦૭૩ શ્રાવણ વદ - ૦૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૧૫   સૂર્યાસ્ત : ૦૭:૧૫

તાપમાન
ડીસા ૩૪.૦
અમદાવાદ ૩૪.૦
ગાંધીનગર ૩૫.૦
વડોદરા ૩૩.૪
સુરત ૩૧.૮
નલિયા ૩૦.૮

ચાંદી : ૩૯૫૦૦   સોનું : ૨૯૩૦૦

P.R.No. GBK/06/2015-17   RNI No 20508/71   Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ   પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭   જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...




# રાજયમાં સ્વાઇન ફલુનો કહેર : ૧૪૦થી વધુના મોત

### સૌરાષ્ટ્ર-રાજકોટમાં કુલ મૃત્યુઆંક ૫૦ને આંબ્યો : રાજયભરમાં સ્વાઇન ફલુ પોઝીટીવના એક હજારથી વધુ કેસો : સ્વાઇન ફલુના ખતરનાક કહેરથી પ્રજા ભયભીત

અમદાવાદ

રાજયભરમાં સ્વાઇન ફલુનો વાયરસ ખતરનાક રીતે ત્રાટકયો છે અને અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના વિસ્તારોમાં જાણે સ્વાઇન ફલુએ હાહાકાર મચાવ્યો છે. સ્વાઇન ફલુના ખતરનાક કહેરના લીધે અત્યારસુધીમાં રાજયભરનો કુલ મૃત્યુઆંક હવે ૧૪૦ને આંબી ગયો છે, તો સ્વાઇન ફલુ પોઝીટીવના રાજયમાં એક હજારથી વધુ કેસો નોંધાયા છે. જેમાં સૌથી વધુ અમદાવાદમાં ૨૨૫થી વધુ કેસો સામે આવ્યા છે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં નરોડાની મહિલા અને વિરાટનગરના એક પુરુષ દર્દીનું સ્વાઇન ફલુના કારણે મૃત્યુ થયું છે. આ સાથે અમદાવાદમાં છેલ્લા નવ દિવસમાં સ્વાઇન ફલુના કારણે ૧૨ મૃત્યુ નોંધાતા જબરદસ્ત ચકચાર મચી ગઇ છે. વડોદરામાં છેલ્લા ૨૪ કલાકમાં ચાર દર્દીઓના મોત નોંધાયા હતા. રાજયભરમાં જે પ્રકારે સ્વાઇન ફલુના પોઝીટીવ કેસો વધી રહ્યા છે અને જે હદે મૃત્યુઆંક વધી રહ્યો છે તેનાથી પ્રજા હવે ખરેખર ભયભીત બની છે.તો બીજીબાજુ, સરકારની ગંભીર નિષ્ક્રિયતા સામે આવી રહી છે. અત્યારસુધીમાં સૌથી વધુ મત્યુઆંક સૌરાષ્ટ્ર-રાજકોટમાં ૫૦નો નોંધાયો છે. રાજયભરમાં સ્વાઇન ફલુની વકરતી ભયાવહ સ્થિતિને ખુદ રાજય સરકાર અને આરોગ્ય તંત્ર જબરદસ્ત ચિંતિત બન્યું છે કારણ કે, રાજયમાં સ્વાઇન ફલુની સ્થિતિ ગત વર્ષની સરખામણીમાં આ વખતે વધુ ખતરનાક અને ભયંકર છે પરંતુ સરકારની આ ચિંતા અને લેવાઇ રહેલા પગલાં જાણે દાવા પોકળ સાબિત થઇ રહ્યા છે. સ્વાઇન ફલુ પોઝીટીવના વધતા જતા કેસો અને વધી રહેલા મૃત્યુઆંકને જોતાં રાજયના આરોગ્યતંત્ર આ મામલે નિષ્ફળ સાબિત થઇ રહ્યું છે. અમદાવાદ શહેરમાં અત્યારસુધીમાં કુલ મળી ૨૨૫થી વધુ સ્વાઇન ફલુ પોઝીટીવના કેસો સામે આવ્યા છે, જેમાં ૩૭ કેસો તો છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયા છે. સ્વાઇન ફલુના કારણે અમદાવાદમાં છેલ્લા નવ દિવસમાં ૧૨ મોત નોંધાતા શહેરનો કુલ મૃત્યુઆંક ૨૬ થઇ ગયો છે. સ્વાઇન ફલુના જબરદસ્ત કહેરના લીધે રાજયના અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના વિસ્તારોમાં અત્યારસુધીમાં ૧૪૦ જેટલા દર્દીઓના મોત નીપજયા છે. ગયા વર્ષની સરખામણીએ સ્વાઇન ફલુના કારણે આ વખતે રાજયમાં ખતરનાક ભય અને ચિંતાજનક સ્થિતિનું નિર્માણ થયું છે. સ્વાઇન ફલુ આ વર્ષે ખતરનાક રીતે ત્રાટકયો છે, જેના કારણે અત્યારસુધીમાં એક હજારથી વધુ સ્વાઇન ફલુના પોઝીટીવ કેસો સામે આવ્યા છે. માત્ર છ મહિનામાં જ સ્વાઇન ફલના કેહરે આ વરવી પરિસ્થિતિનું નિર્માણ કર્યુ છે. જેમાં અમદાવાદમાં અત્યારસુધીમાં ૨૬, વડોદરામાં ૨૦, સુરતમાં ૧૦, રાજકોટ-સૌરાષ્ટ્રમાં ૫૦, કચ્છ-ભુજમાં ૧૫થી વધુ, ગીર-સોમનાથમાં પાંચ, જામનગરમાં ૧૦ અને આણંદમાં ત્રણથી વધુ દર્દીઓના મોત મળી કુલ ૧૪૦ લોકોનો ભોગ સ્વાઇન ફલુએ લીધો છે. ખુદ સરકારી હોસ્પિટલોના સત્તાવાળાઓએ કબૂલ્યું છે કે, આ વર્ષે રાજયભરમાં સ્વાઇન ફુલની સ્થિતિ ઘણી ચિંતાજનક અને ભયંકર છે અને સરકારી હોસ્પિટલોમાં સ્વાઇન ફલુના દર્દીઓ માટે આઇસોલેશન વોર્ડ સહિતની સુવિધા તૈનાત કરાઇ છે. જો કે, આરોગ્યવિભાગના અધિકારીઓના આ દાવાઓ છતાં સ્વાઇન ફલુ કે તેનો ભરડો કંટ્રોલમાં આવતો જણાતો નથી. ઉલ્ટાનું દિન-પ્રતિદિન સ્વાઇન ફલુની પરિસ્થિતિ વણસી રહી છે અને ભયંકર રીતે વકરી રહી છે.

## વિચાર વૈભવ...

### હોમવર્ક : એના વિના ઉંબરો ઓળંગાય ?

આ મોટેરાઓના હોમવર્કની વાત છે. પોતે જે ક્ષેત્રમાં કામ કરે છે એ માટેની સજ્જતા વિકસાવવા માટે દરરોજ નહિ તો ય સપ્તાહે બે દિવસ પણ હોમવર્ક કર્યા વિના જાહેર મંચ પર બોલવા આવી જાય છે અને પછી ગલ્લાતલ્લા કરે છે ત્યારે સમાજને આઘાત લાગે છે, હોમવર્ક ન કર્યું હોય તો પ્રભુ આપ મુંગા રહો અને બોલવું હોય તો લેશન કરી તૈયાર થઈને આવો. રાજકારણીઓને તો હોમવર્ક વિના બોલતા શરમ આવતી નથી, ગમે તે વિશે અરસિક ભાષણબાજી માટે તેઓ કુખ્યત છે અને તેમનો એક શબ્દ પણ સાંભળવા કોઈ રાજી નથી. કેટલાક જ એવા નેતાઓ હોય છે જેઓ હોમવર્ક કરીને વિધાનસભામાં આવે છે. હોમવર્ક વિનાનો વક્તા હાસ્યાસ્પદ હોય છે. કારણ કે એની વાતમાં માત્ર સમયનો ક્ષય અને વ્યય હોય છે. હોમવર્ક પરમ પવિત્ર શબ્દ છે, હાથમાં થોડાક કાગળ, થોડી નાની ફાઈલ, એકાદ પુસ્તક હોય તો રમતા રમતા હોમવર્ક થયા કરે છે, સ્વવિકાસના હિમાલયનું નાને ડગલે આરોહણ એટલે હોમવર્ક, સ્વાભિમાની અને આત્મગૌરવના ચાહકો હોમવર્ક કર્યા વિના ઉંબરો ઓળંગતા નથી.

ગિજુભાઈ ભરાડ

## સાર સમાચાર...

### રાહુલ ગાંધી પર પથ્થર ફેંકનાર આરોપી જયેશ દરજીના જામીન મંજુર

ધાનેરા

ધાનેરામાં પુર અસરગ્રસ્ત વિસ્તારો ની મૂળકાટ્સ અમયે આવેલા રાહુલ ગાંધી ની ગાડી પર પથ્થર મારનાર આરોપીને ડીસાની કોર્ટે શરતોને આધીન જમીન મંજુર કર્યા છે. જયેશ દરજીને જામીન મળતા ભાજપ કાર્યકરોમાં ખુશીની લાગણી જોવા મળી હતી.

આ સમગ્ર કેસની વિગત એવી છે કે, ધાનેરામાં અઠવાડીયા અગાઉ પુર અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આવ્યા હતા. તે સમયે ધાનેરાથી થરા તરફ જઈ રહેલા રાહુલ ગાંધીની ગાડી પર પથ્થર મારી કાચ તોડી નાખવાના મામલે ચાર શખ્સો સામે ફરિયાદ નોંધાઇ હતી. જે કેશમાં જિલ્લા ભાજપ યુવા મોરચાના ઉપપ્રમુખ જયેશ દરજી ની ધાનેરા પોલીસે ધરપકડ કરી હતી અને ધાનેરા કોર્ટમાં રજુ કરતા તેના રિમાન્ડ નામંજૂર રાખી આરોપીને સબ્જેલમાં ધકેલાયો હતો.જયારે તેની જામીન અરજી આજે ડીસાની સેશન કોર્ટમાં ચાલી જતા જજ એસ.વી. વ્યાસે તેના જમીન મંજુર રાખ્યા હતા.૨૫ હજારની સોલ્વન્સી અને સરતોને આધીન જયેશ દરજી ને જમીન મળતા ભાજપ કાર્યકરોમાં ખુશી જોવા મળી હતી.આ કેસ માં હજુ પણ ત્રણ આરોપી ફરાર હોવાથી પોલીસે તેમની શોધખોળ હાથ ધરી છે.

### ચીન દ્વારા વિવાદ વચ્ચે ભારત સામે પણ શરત મુકવામાં આવી

## ડોકલામ વિવાદ : ૧૦૦ મીટર પીછેહઠ કરવા માટે ચીન તૈયાર

### વિવાદને ઉકેલવા ચીનનો સંકેત : સૈનિકોની સંખ્યા વધારીને ચીની સેનાએ ૮૦ ટેન્ટ ગોઠવતા ભારતે પણ અગાઉ ગામ ખાલી કરવાનો આદેશ કર્યો હતા

નવી દિલ્હી

સિક્કિમમાં ડોકલામ અંગે ચીનની સાથે ચાલી રહેલી મડાગાંઠ વચ્ચે ભારતીય સેનાએ આજે ભારત-ભુટાન-ચીન ટ્રાઇ જંક્શન નજીકના ગામમાં રહેતા લોકોને અન્યત્ર ખસેડવાનો આદેશ કર્યો હતો. પોતાના મકાન ખાલી કરવા નાથંગ ગામના લોકોને આજે આદેશ કર્યો હતો. નાથાંગ ડોકલામથી ૩૫ કિલોમીટરના અંતરે સ્થિત છે. ડોકલામમાં છેલ્લા બે મહિનાથી ભારત અને ચીનના જવાનો આમને સામને છે. આ આદેશ શાના માટે જારી કરવામાં આવ્યોછે તે અંગે હજુ માહિતી મળી શકી નથી. ૩૩ કોર્પ્સ સાથે જોડાયેલા ભારતીય જવાનોને ગોઠવવા માટે આ આદેશ કરાયો છ કે કેમ તે અંગે માહિતી મળી શકી નથી. કોઈપણ સંઘર્ષના કેસમાં નાગરિક ખુવારીને ટાળવા માટે પણ ભારતીય સેનાએ આ આદેશ કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. ડોકલામની માલિકીને લઈને ચીન તરફથી વારંવારની ધમકીના અનુસંધાનમાં આ બાબત ખુબ મહત્વપૂર્ણ છે. ચીની અખબારે ચેતવણી આપતા કહ્યું છે કે, યુદ્ધ માટેનું કાઉન્ટડાઉન ચાલી રહ્યું છે. ચીને સિક્કિમના ડોકલામમાં મોટી સંખ્યામાં જવાનો તૈનાત કર્યા છે. બીજી બાજુ ચીને પણ આ ક્ષેત્રમાં પોતાના જવાનો તૈનાત કરી દીધા છે. ડોકલામ મામલામાં ભારતની મોટી જીત થઈ હોવાના અહેવાલ પણ બીજી બાજુ મળી રહ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ ચીન ડોકલામમાં પીછેહઠ કરવાની ભારતની માંગણીને લઈને તૈયાર થઈ ગયું છે પરંતુ સાથે સાથે એવી શરત પણ મુકી છે. અલબત્ત વિશ્વસનીય માહિતી મળી શકી નથી. અગાઉ સવારે એવા અહેવાલ આવ્યા હતા કે, ચીને આ વિસ્તારની આસપાસ પોતાના સૈનિકોની સંખ્યાને વધારીને ૮૦ ટેન્ટ ગોઠવી દીધી છે. ચીનની પીપલ્સ લિબ્રેશન આર્મી ડોકલામના વિવાદાસ્પદ પોઈન્ટથી ૧૦૦ મીટર પીછેહઠ કરવા માટે તૈયાર છે. ભારતીય સેનાએ ચીની સેનાથી ડોકલામથી ૨૫૦ મીટર પીછેહઠ કરવા કહ્યું હતું પરંતુ ચીન તરફથી કહેવામાં આવ્યું હતું કે, તેમની સેના વિવાદાસ્પદ સ્થળથી ૧૦૦ મીટર પીછેહઠ કરવા તૈયાર છે.

<u>૨૦૨૨ સુધી ગુજરાતને મેલેરિયા મુક્ત કરાશે</u>

## સ્વાઈન ફ્લુની ટેમીફ્લૂ દવા પુરતા પ્રમાણમાં છે : આરોગ્યમંત્રી

### ૨૦૧૫-૧૬થી કુપોષણમુક્ત ગુજરાત મહાઅભિયાનનો પ્રારંભ કરાયો છે : સંવેદના કાર્યશાળાનું આયોજન કરાયું

અમદાવાદ

રાજયભરમાં સ્વાઈન ફ્લુનો આતંક છે ત્યારે સરકાર તરફથી ખાતરી આપવામાં આવી હતી કે, સ્વાઈન ફ્લુની ટેમીફ્લુ દવા પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૨૨ સુધીમાં ગુજરાતને મેલેરિયા મુક્ત બનાવી દેવાના લક્ષ્યને પહોંચી વળાશે. ૨૦૩૦ સુધીમાં રાજયમાં માતા મૃત્યુદરને ૪૫થી નીચે લઈ જવાશે. જ્યારે બાળ મૃત્યુદરને ૧૦થી નીચે લઈ જવામાં આવશે. મંત્રીએ કહ્યું હતું કે, રાજયમાં સ્વાઈનફ્લુ માટેની ટેમીફ્લુ ટેબલેટ પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. સ્વાઈન ફ્લુ જેવા રોગો અટકાવવા રાજય સરકારે ઘરે ઘરે સર્વેલન્સનું અભિયાન હાથ ધર્યું છે. રોજના ૧૦૦૦થી વધુ લોકોનો સર્વે કરાઈ રહ્યો છે. સ્વાઈન ફ્લુ અટકાવવાના ભાગરૂપે પીએચસી, સીએચસી, સિવિલ તેમજ ખાનગી હોસ્પિટલોમાં ટેમીફ્લુની દવા ઉપલબ્ધ કરાવાઈ છે. આજના આ રાજયકક્ષાના વર્કશોપમાં પણ સ્વાઈન ફ્લુથી કઈ રીતે બચી શકાય તેની વિગતે માહિતી આપવામાં આવી હતી. વર્ષ-



૨૦૨૨ સુધીમાં ગુજરાતને મેલેરિયા મુક્ત કરવાના લક્ષ્યાંકને આપણે સાથે મળીને સિદ્ધ કરવાનો છે. વર્ષ-૨૦૩૦ સુધીમાં રાજયનો માતામૃત્યુદર એક લાખ જીવીત જન્મે ૪૫થી નીચે અને રાજયનો બાળમૃત્યુદર પ્રતિહજાર જીવીત જન્મે ૧૦થી નીચે લઈ જવા રાજય સરકાર પ્રયત્નશીલ છે. રાજયમાં વર્ષ-૨૦૧૫-૧૬થી કુપોષણ મુક્ત ગુજરાત મહાઅભિયાનનો પ્રારંભ કરાયો છે. નીતિ આયોગ દ્વારા સુચવાયા મુજબના ૭-૧૧ આરોગ્ય ઈન્ડીકેટર્સ હાંસલ કરવા આરોગ્યની ટીમ ગુજરાતે ચોક્કસ નિર્ધાર કર્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા ૭-૧૧ સુચકાંકો ઉપર ખાસ ભાર મુકવામાં આવશે, તેમ આજે ગાંધીનગરમાં નીતિ આયોગના મુદ્દાઓના સુદ્રઢ અમલીકરણ માટે યોજાયેલી સંવેદના કાર્યશાળામાં આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ પ્રેરક ઉદબોધન કરતાં જણાવ્યું હતું. મંત્રીએ આ એક દિવસીય કાર્યશાળાનો પ્રારંભ કરાવતાં વધુમાં કહ્યું હતું કે, આશા વર્કરથી આરોગ્ય મંત્રી એટલે કે ટીમ આરોગ્યના સક્રિય પ્રયાસોથી ઓપીડીમાં ગુજરાતને નેશનલ એવોર્ડ પ્રાપ્ત થયો છે. વૈદિકકાળમાં પણ ટીમવર્કનો ઉલ્લેખ છે જે આજે એટલો જ પ્રસ્તુત છે.

અનુસંધાન પાના નં.૬

## પાલનપુરની એચ.ડી.એફ.સી. બેન્ક પાસે રૂ.૧૩ લાખની ચિલઝડપ






### ડ્રાઈવરની રૂ.૧૦૦ની લાલચ વેપારીને રૂ.૧૩.૧૫ લાખમાં પડી

પાલનપુર

×લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે× તે ઉક્તિને સાર્થક ઠેરવતી ઘટના પાલનપુરમાં બની છે. જેમાં ૧૦૦ રૂપિયાની લાલચમાં એક વેપારીને તેર લાખ પંદર હજાર ગુમાવવાનો વારો આવ્યો છે. પાલનપુર ડેરી રોડ પર આવેલી એચ.ડી.એફ.સી બેન્ક સામે ચિલઝડપનો બનાવ બનતા પાલનપુર પોલીસ દોડતી થઈ ગઈ હતી.

પાલનપુર ડેરી રોડ પર આવેલી એચ.ડી.એફ.સી બેન્ક નજીક રૂ.તેર લાખની ચીલઝડપનો બનાવ બન્યો હતો. આ ચકચારી સમગ્ર ઘટના જોઈએ તો, વડગામ તાલુકાના બસુ ગામના ટ્રાન્સપોર્ટ ના વેપારી પાલનપુર આવેલી એચ.ડી.એફ.સી બેન્કમાથી ઉપડ્યા હતા. તેર લાખ પંદર હજારની રકમ લઈ કારમા બેઠેલા વેપારીને એક ગઠિયાએ રૂ. તેર લાખનો ચૂનો લગાવ્યો હતો. ગઠિયાની વાતમા આવી વેપારી બેન્કમા ગયા હતા. અને કારનો ડ્રાયવર ૧૦૦ રૂપિયાની લાલચમા કારમાથી નીચે ઉતરી જતા તેર લાખ ભરેલી બેગ ગુમાવવાનો વારો આવ્યો હોવાનું ખુદ ડ્રાઈવર હનીફ મહંમદએ જણાવ્યું હતું.

૧૩ લાખ રૂપિયા ભરેલી બેગ લઈ કારમા બેઠેલા વેપારીને ગઠિયાએ બેન્ક મેનેજર તમને બોલાવે છે તેવા બહાના તળે બેન્ક મા મોકલ્યા હતા. અને કારની નજીક ૧૦૦ રૂપિયા નાખી ડ્રાયવર ને કાર નીચે ઉતરવા મજબુર કર્યો હતો. જોકે,ગઠિયાએ વેપારી અને ડ્રાયવરને ચૂનો લગાવી ફરાર થઈ ગયા હોવાનું પ્રત્યક્ષદર્શી પ્રદીપ સોનીએ જણાવ્યું હતું.

બેન્ક આગળથી જ ચિલઝડપ થયેલી ખાલી બેગ અડધો કિલોમીટર દૂરથી મળી આવતા અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે. ત્યારે પાલનપુરમા રૂ.૧૩ લાખની ચિલઝડપને પગલે પોલીસે તપાસ આદરી છે.

### થરાદના વાઘાસણ ગામના મંત્રીના ૪.૪૫ લાખની ચીલઝડપથી ચકચાર

#### પીકઅપ ડાલાનું ટાયર પંકચર જોવા જતાં ગાડીમાંથી રૂપીયા ભરેલો થેલો ગયો

થરાદ

થરાદની બેંક ઓફ બરોડમાંથી રૂપીયા ઉપાડીને જઇ રહેલા તાલુકાના વાઘાસણ ગામના ખાનગી ડેરીના મંત્રીના પીકઅપ ડાલામાંથી ગણતરીની મિનીટોમાં ૪.૪૫ લાખની ચીલઝડપ થતાં ચકચાર મચવા પામી હતી.પોલીસે ચારે બાજુ નાકાબંદી કરી આજુબાજુના સીસીટીવી ફુટેજના આધારે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

થરાદના વાઘાસણ ગામના જવાનભાઇ નાનજીભાઇ પ્રજાપતિ આજુબાજુના ગામોમાંથી દેશી ગાયોનું દુધ લાવીને પથમેડા ડેરીમાં ભરાવે છે.જેમનું થરાદની બેંક ઓફ બરોડામાં ખાતું હોઇ ગુરૂવારની બપોરના એક વાગ્યાના સુમારે પોતાનું જીજે૮ઢ ૯૫૮૯ નંબરનું પીકઅપ ડાલું લઇને પૈસા ઉપાડવા માટે આવ્યા હતા.અને બપોરના સવા ત્રણેક વાગ્યાના સુમારે બેંકમાંથી ૪.૪૫ લાખ રૂપીયા કાળાકલરના થેલામાં લઇને નીચે આવ્યા હતા.અને સીટ નીચે થેલો મુકી પંદર વીસ ફુટ ગાડી લઇને આગળ જતાં ટાયર દબાતું લાગતાં નીચે ચેક કરવા ઉતરતાં ટાયર પંકચર જણાયું હતું. આથી તેમના ગામના શામળાભાઇ સુથાર સાથે મળીને ગાડી થોડી પાછળ લઇને સ્પેર વ્હીલ કાઢતાં તેમાં પણ હવા નહી હોઇ ટાયર પરત મુકવા જતાં થેલો જણાયો ન હતો.આથી આજુબાજુ વ્યાપક શોધખોળ કરતાં નહી મળતાં આ બનાવની થરાદ પોલીસને જાણ કરવામાં આવી હતી.પોલીસે શહેરમાં નાકાબંદી કરી જીલ્લામાં વાયરલેસ મેસેજથી સુચના આપી હતી.અને બેંક તથા આજુબાજુના સીસી ટીવી ફુટેજ ચેક કરવાની કામગીરી હાથ ધરી હતી.નગરમાં વધી રહેલા ચીલઝડપના બનાવોથી ચકચાર મચવા પામી હતી.પોલીસે જવાનભાઇની ફરીયાદના આધારે અજાણ્યા શખ્સ સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### બેસણું (અનવરો)



સ્વ. શ્રી જબ્બરસિંહજી રાયમલસિંહજી ચૌહાણ
સ્વ.તા.૦૬-૦૮-૨૦૧૭, રવિવાર
[illegible]

[illegible] તા.૧૬-૦૮-૨૦૧૭ બુધવારના રોજ અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળ : મોટામેસરા, તા.થરાદ

લિ.
[illegible]
સમસ્ત ચૌહાણ પરિવાર, મોટા મેસરા તા.થરાદ

**સૂર્યોદય - ૬.૧૫ સૂર્યાસ્ત - ૭.૧૫**

## તિથિદર્શન
શ્રાવણ વદ-૦૪ શુક્રવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ શ્રાવણ વદ :ચોથ શુક્રવાર નક્ષત્ર : પૂર્વભાદ્રપદ સવારે ૬.૧૪ પછી ઉ. ભાદ્રપદ યોગ: સુકર્મા કરણ: બવ આજે જન્મેલા બાળકની રાશી મીન (દ.ચ.ઝ.થ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## નારણલાલા હોલમાં જીવન પરિવર્તન શિબિર નારી સમાનતાનું પાત્ર નહી પરંતુ સન્માનનું પાત્ર છે : રાજરાક્ષિતવિજયજી મ.

શ્રી મહાવીર સોસાયટિ સંઘ આયોજિત જીવન પરિવર્તન શિબિર - નારણલાલા હોલમાં આચાર્ય હંસકીર્તિસૂરિજીની પાવનનિશ્રામાંથઈ. ભરચકસભાને સંબોધતા પંન્યાસ રાજરક્ષિતવિજયજીએ જણાવ્યું કે. સમગ્રવિશ્વનો આધાર નારી છે. નારી જો સુસંસ્કારી હશે તો સંતાનોને વારસામાં સુદર સંસ્કાર આપશે. સંસ્કારી વ્યક્તિ સમાજ સંઘ રાષ્ટ્ર માટે ખૂબ જ ઉપયોગી બનશે. પરંતુ આજે નારીને પ્રગતિના ઓઠા હેઠળ, વિકાસના બહાના હેઠળ અધોગતિમાં ધકેલવામાં આવી છે. કેટલાક જાણભેદુઓએ ભારતીય પ્રજાને સત્વહિન અને નપુસંક બનાવવાનો ખતરનાક પ્લાન બનાવ્યો છે. પુરૂષ સમોવડી નારીના બણગાં ફુંકીને ઘરની મહારાણીને બોસની નોકરાણી બનાવી છે. ભારત દેશની સમાનતાનું પાત્ર નહીં પરંતુ સન્માનનું પાત્ર છે. આજે નારી કેટલી સલામત છે. વર્તમાનપત્રોમાં છાસવારે છાસવારે નારી તત્વનું આપમાન થતુ દેખાય છે. તેમના શીલ ઉપર આક્રમણ થતા સમાચારો આવ્યા કરે છે. ટી.વી. ચેનલોએ નારીને વાસનાનું રમકડું બતાવીને પુરૂષજાતની ઉશ્કેરણી કરી છે. એકપણ સીરીયલમાં નારીતત્વનું બહુમાન બતાવવામાં આવતું નથી. નારીને મોટી પોસ્ટ, મોટી ડીગ્રી,કે સારી નોકરી આપવાથી કલ્યાણ થવાનું નથી. પરંતુ નારી પ્રત્યે ઊંચો આદર, સન્માનભાવ જાગે તે જરૂરી છે. શિવાજીને પેદા કરનાર મા જીજા હતી. સંપ્રત્તિને પ્રભુભક્ત બનાવનાર પણ મા હતી. મુનિનયરક્ષિતવિજયજીએ ચોઈસ ઓફ કલ્ચર દ્વારા સંસ્કૃતિની સુંદર વાતો કરી હતી. મુનિ હંસવોધિવિજયજીએ કુકર્મ, કુસંસ્કારોની ભયાનક્તા બતાવી હતી. ઉધઈને દૂર કર્યા પછી ઉધઈની રાણી જીવતી હોય તો નવી ઉધઈ થઈ જાય તેમ કુસંસ્કારએ ઉધઈની રાણી જેવી છે. નવાનવા કર્મો બંધાવીને આત્માને દુર્ગતિમાં નાંખશે.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) રોકાયેલા નાણાં છૂટા થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.**
**વૃષભ : (બ.વ.ઉ.) આર્થિક સ્થિતિ તંગ રહે. વડીલ વર્ગ સાથે મતભેદ સર્જાય.**
**મિથુન : (ક.છ.ઘ.) પારિવારીક વિષમતા રહે. આવક-જાવક સરભર રહે.**
**કર્ક : (ડ.હ.) વ્યર્થ દોડા-દોડી રહે. સ્વાસ્થય બાબતે સંભાળવું.**
**સિંહ : (મ.ટ.) વાણી સંયમ જાળવવો હિતાવહ. યશ, પ્રતિષ્ઠામાં વધારો થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.) અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય. જોખમી કાર્યોમાં હાનિનો સંભવ.**
**તુલા : (ર.ત.) મનમાં અકારણ ચિંતા રહે. પારિવારીક જવાબદારીમાં વધારો થાય.**
**વૃશ્ચિક :(ન.ય. ) પારિવારીક કાર્યમાં ક્રિયાશીલ રહેવાય. મનમાં પ્રસન્નતા રહે.**
**ધન : (ભ.ફ.ધ.) મોજ-શોખ પાછળ ખર્ચ થાય. સંપત્તિને લગતા કાર્યોમાં સફળતા મળે.**
**મકર : (ખ.જ.) મનની મુરાદ બર આવે. અગત્યની યોજના પાર પડે.**
**કુંભ : (ગ.શ.સ.) આર્થિક સ્થિતિ સુધરતી જણાય. અકારણ ક્રોધ રહે.**
**મીન : (દ.ચ.જ.થ.) કામકાજમાં વ્યસ્ત રહેવાય. મહેનતનું ફળ મળે.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

સ્વાતંત્ર્યસંગ્રામના યશસ્વી શહીદ શ્રી ખુદીરામ બોઝની પુણ્યતિથિ છે. એમનો જન્મ ઈ.સ. ૧૮૯૦માં થયો હતો. કિંગ્ઝફોર્ડની હત્યા માટે બીડું ઝડપનાર શ્રી ખુદીરામ અને પ્રફુલ્લ ચાકી આપણા વંદનીય શહીદવીરો છે. શ્રી મિલોટા વેનેસ્ટાઈને લખ્યું છેઃ બંગાળના રાષ્ટ્રવાદીઓ માટે શ્રી ખુદીરામ બોઝની શહીદી આદરણીય અને અનુકરણીય બની ગઈ. તેમના માનમાં શાળા- કોલેજો અને દુકાનો બંધ રાખીને લોકોએ શોક પાળ્યો. તેમની છબીઓ દેશભરમાં વહેંચાઈ.

હાથમાં ગીતા રાખીને ત્રણ વાર 'વંદેમાતરમ્' ના નારા લગાવીને શ્રી ખુદીરામ બોઝ ફાંસી પર ચડી ગયા. એ દિવસ હતો ૧૧/૮/૧૯૦૮નો.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## નિફ્ટી ફ્યુચર ૯૯૩૦ પોઈન્ટ મહત્વની સપાટી....!!!

**તા.૧૦.૦૮.૨૦૧૭ ના રોજ નિફટી ફ્યુચર બંધ ભાવ ( ૯૮૭૮ ) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૮૩૦ પોઈન્ટના પ્રથમ અને ૯૮૦૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૯૯૦૯ પોઈન્ટ થી ૯૯૧૭ પોઈન્ટ, ૯૯૩૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૯૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો ...

**૧) ઇન્ડસિન્ડ બેન્ક ( ૧૬૪૦ ) :- બેન્ક ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૬૧૬ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૬૦૭ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૬૬૭ થી રૂ.૧૬૭૫ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૬૭૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ( ૧૬૦૦ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૫૮૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૫૮૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૬૧૬ થી રૂ.૧૬૩૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) લાર્સેન ( ૧૧૫૪ ) :- રૂ.૧૧૪૦ પ્રથમ તેમજ રૂ.૧૧૨૭ ના બીજા સપોર્ટથી કન્સ્ટ્રકશન સેકટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૧૭૨ થી રૂ.૧૧૮૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) સેન્ચુરી ટેક્ષટાઇલ ( ૧૧૮૮ ) :- સિમેન્ટ સેકટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૧૨૦૪ થી રૂ.૧૨૧૨ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૧૧૬૫ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) રિલાયન્સ કેપિટલ ( ૭૭૨ ) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૭૫૩ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ફાઇનાન્સ સેકટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૭૮૪ થી રૂ.૭૯૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો ૫

**૧) HDFC લિમિટેડ ( ૧૭૧૯ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાઇનાન્સ સેકટરનો આ સ્ટોક રૂ.૧૭૩૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૭૦૩ થી રૂ.૧૬૯૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૭૪૦ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) મહિન્દ્રા - મહિન્દ્રા ( ૧૩૯૬ ) :- રૂ.૧૪૦૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૪૧૯ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૩૮૪ થી રૂ.૧૩૭૭ નો ભાવ દશાવિ તેવી સંભાવના છે....!! રૂ.૧૪૨૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) ઈન્ફોસિસ ( ૯૮૫ ) :- ટેક્નોલૉજી સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૦૦૩ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૯૭૬ થી રૂ.૯૭૦ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) લ્યુપિન લિમિટેડ ( ૯૪૫ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેકટરનો આ સ્ટોક રૂ.૯૬૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૯૨૭ થી રૂ.૯૧૯ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૯૭૩ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) ડિવિસ લેબ ( ૬૩૦ ) :- રૂ.૬૪૫ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૫૬ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૬૧૯ થી રૂ.૬૦૯ નો ભાવ દશાવિ તેવી સંભાવના છે....!! રૂ.૬૬૧ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

# કાંકરેજના ખોડલા ગામેથી છ જુગારીયા ઝડપાયા


વિજય સિલ્વા

પ્રતિનિધિ શિહોરી

જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજર તથા મદદનીશ પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણાની સુચનાથી શિહોરી પી.એસ. આઈ વી.એસ. કટમટાના માર્ગદર્શન હેઠળ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા ત્યારે ખોડલા ગામે ખાનગી રાહે મળેલ બાતમીના આધારે રેડ કરતાં નરસિંહજી જેન્તીજી ઠાકોર, જોગાજી ઈશ્વરજી ઠાકોર, કાન્તીજી કપુરજી ઠાકોર, મશરજી કમાજી ઠાકોર, જોગાજી બાબાજી ઠાકોર તમામ રહે ખોડલા તથા ઓધારજી નાગજીજી ઠાકોર રહે.ખીમાણા તા.કાંકરેજ વાળાઓને જુગાર રમતા રંગે હાથ ઝડપી લીધા હતા.પોલીસે રૂા.૨૨૦૦ ની રોકડ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# થરા શાળા નં-૨ માં તિથિભોજન અપાયુ


કનુભાઈ પ્રજાપતિ

પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકામાં બાળકોની સંખ્યાની દષ્ટિએ સૌથી મોટી શાળા થરા શાળાનં-૨માં દાતાઓ દ્વારા અવાર-નવાર તીથી ભોજન આપવામાં આવે છે.થરા શાળાના નવિન આચાર્ય પ્રહલાદભાઈ એલ.આચાર્યની પ્રેરણાથી થરામાં ફુલનો વહેપાર કરતા સ્વ.વિઠ્ઠલભાઈ માળી(બોરતવાડા) પરિવાર દ્વારા શાળાનં-૨ માં તીથી ભોજન આપવામાં આવ્યું હતું.જેમાં શાળાના તમામ બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.જેમાં એમ.ડી.એમ.સ્ટાફ તથા શાળાના સ્ટાફે આચાર્ય પ્રહલાદભાઈ આચાર્યના માર્ગદર્શન હેઠળ આયોજનથી તીથી ભોજન સફળ બનાવ્યું હતું. જેમાં થરા-૨, મોડેલ ડે-સ્કૂલ અને રોહીતનગર શાળાના ૧૦૦૦ બાળકોએ ઉત્સાહથી જમ્યા હતા.

થરા-૧ ની ઘાંઘોસવાસ-૨ શાળામાં શાળાના બાળકોને શાળાના શિક્ષક વિષ્ણુભાઈ બી.પટેલ (માજી સી.આર.સી થરા-૧)તરફથી તીથી ભોજન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળકો-સ્ટાફ સાથે મહેમાનોને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું.આ પ્રસંગે ચંદ્રીકાબેન પટેલ પણ બાળકોને જમાડવા માટે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસામાં ભાજપ દ્વારા મશાલ રેલી યોજાઇ


ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠામાં ગાંધીજીએ ૯ ઓગસ્ટ ૧૯૪૨ ના રોજ અંગ્રેજોને ભારત છોડોનું અલ્ટિમેટ્રમ આપ્યુ હતુ. હિંદ છોડોનું આ આંદોલન સફળ થયુ હતુ અને આ આંદોલનમાં યુવાન, વૃધ સહિત હરકોઇ જોડાતા આખરે ઓગસ્ટ ૧૯૪૭ ના રોજ અંગ્રેજોને ભારત છોડ્વુ પડ્યુ હતુ.અંગ્રેજો સામેની કરો યા મરોની આ આખરી લડાઇ ના પાંચ વર્ષ આઝાદી માટેના મહત્વના વર્ષ રહ્યાં હતા. આ સાર્વભૌમ ભારત દેશની લડાઇને ૭૫ વર્ષ થયા છે. આ લડાઇમાં ખાસ યુવા વર્ગ જોડાયો હતો.

જેની ઉજવણીના ભાગ રૂપે આજાદ ભારત ના સહિદો ને સત સત નમન કરી ભાજપ યુવા મોરચા દ્વારા ૨૦૧૭ થી ૨૦૨૨ ના પાંચ વર્ષ સુધીના સમયગાલાને સ્વપ્રનું ભારત વર્ષ તરીકે ઉજવણી કરાઈ રહી છે.જેમા ભસ્ટાચાર અને ગરીબી મુક્ત ભારતની નેમ પણ લેવાઇ છે.

આ ઉજવણી ના ભાગરૂપે ડીસા સાંઇબાબા મંદિર પાસે જિલ્લા ભાજપ મહામંત્રી અમરતભાઇ દવે, દિનેશભાઇ અનાવાડીયાની રાહબરી નીચે સંજયભાઇ બ્રહ્મભટ્ટ, ચેતનભાઇ ત્રિવેદી, રમેશભાઇ ડેલવાડીયા, યુવા મોરચાના પ્રમુખ રમેશભાઇ તેમજ ભાજપ યુવા મોરચો, ડીસા શહેર ભાજપ સમિતિ તેમજ ડીસા મહિલા મોરચાના કાર્યકરોએ મશાલ રેલી કાઢી ૨૦૧૭ થી ૨૦૨૨ ના પાંચ વર્ષ સુધીના સમયગાળાને ભારતના સર્વાંગી વિકાસ માં સહભાગી થવાનો સંકલ્પ લીધો હતો. જેમાં અમરતભાઇ દવે, મહામંત્રી, જિલ્લા ભાજપ દ્વારા આઝાદ ભારતના શહીદો અને તમામ લડવૈયાઓને શત શત નમન કરી હદયપૂર્વક શ્રધ્ધાસુમન અર્પણ કરાયા હતા.

# ભીલડી માર્કેટયાર્ડ દ્વારા મૃતકના વારસદારોને ચેક અપાયો


કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસાના ઉપક્રમે મોરારજી દેસાઈ પેટા માર્કેટયાર્ડ ભીલડી મુકામે, અકસ્માતમાં મૃત્યુ પામેલ સ્વ.બાગજીભાઈ જોગજીભાઈ ઠાકોર(મોટી ઘરનાળ) ના પરીવાર વતી એમના પત્ની મીનાબેન બાગજીભાઈ ઠાકોરને રૂા.૭૫,૦૦૦ (પંચોતેર હજાર)નો ચેક અર્પણ કરાયો હતો. આ પ્રસંગે બાબુભાઈ વી.પાનકૂટા ડિરેક્ટર એ.પી.એમ.સી.ડીસા તથા ડિરેક્ટર બનાસબેંક પાલનપુર, દશરથભાઈ એલ.પટેલ-ડિરેક્ટર એ.પી.એમ.સી. ડીસા, હરજીભાઈ એસ.પટેલ પૂર્વ ડિરેક્ટર એ.પી.એમ.સી.ડીસા, મહેશભાઈ એન.મોદી, સરપંચ નવી ભીલડી, રમેશભાઈ કે.ઠક્કર પૂર્વ ડિરેક્ટર એ.પી.એમ.સી.ડીસા સહિત અગ્રણીઓની ઉપસ્થિતિમાં અકસ્માતમાં મૃત્યુ પામનારના પરીવારને ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

# થરાદના અંબાળેશ્વર મહાદેવના મંદિરે આજથી શ્રીમદ ભાગવત સપ્તાહનો પ્રારંભ


વિષ્ણુ પરમાર

(પ્રતિ.) થરાદ

થરાદના પ્રાચિન શ્રી અંબાળેશ્વર મહાદેવ ભક્તમંડળ તથા સુખદેવ સેવા સંસ્થાન દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં વિશ્વકલ્યાણ અર્થે સવાલાખ પાર્થેશ્વર ચીતામણી મહાપુજન તથા શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં ૧૦ મી ઓગસ્ટ શવણ વદ ૩ને ગુરૂવારથી ૧૬મી ઓગસ્ટ શ્રાવણ વદ ૯ના બુધવાર સુધી પુજ્યશ્રી યશવંતજી મહારાજ વ્યાસપીઠ પર બીરાજી સંગીતમય માહોલમાં કથાનું રસપાન કરાવશે.જેમાં કથાશ્રવણ કરવા ઉપસ્થિત રહેવા સરહદી પંથકના પ્રજાજનોને જાહેરઆમંત્રણ આપવામાં આવ્યું છે.

# આકોલી પે.કેન્દ્ર શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી


વિજય સિલ્વા

પ્રતિ. શિહોરી

કાંકરેજ તાલુકાના આકોલી પે.કેન્દ્ર શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાની વિદ્યાર્થીનીઓએ વિદ્યાર્થીઓને રાખડી બાંધી હતી. શાળાના આચાર્ય બિન્દેશ્વરીદેવી ઝાલાએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## રક્ષાબંધન પર્વની ઉજવણી

પાલનપુર

મનમંદિર મા. તથા ઉ.માધ્યમિક શાળામાં તાજપુરામાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી. જેમાં બાલમંદિરથી ધો.૧૨ સુધીના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. શરૂઆતમાં શાળાના પ્રાથમિકના વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારના ક્રાફટ વર્ક દ્વારા રાખડી બનાવવામાં આવી. વિદ્યાર્થીઓએ અનેરા ઉત્સાહથી કાર્યક્રમને દિપાવ્યો. બાળકોને પ્રોત્સાહિત પણ કરવામાં આવ્યા. આ પર્વ ભારતીય સંસ્કૃતિના ધરોહરરૂપ પર્વની ઝાંખી પર્વના અનુરૂપ વક્તવ્ય, રક્ષાબંધન પર્વ ગાન કાર્યક્રમ ઉજવાયો.

## કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલનના પ્રદેશ મહામંત્રીની વરણી

પ્રતિનિધિ પાંચડા

કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન ના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી રાકેશ નરવરજી અને આંતરરાષ્ટ્રીય મહિલા વિંગના અધ્યક્ષ નમામી પંડ્યા જી ની અનુમતિ થી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી કુલ્દીપસિંહ ચુડાસમા એ મુકેશભાઈ દરજીની કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલનના ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવતા સર્વત્ર ઉત્તર ગુજરાતમોં મુકેશભાઈ દરજીના મિત્રવર્તુળ મોં આનંદની લાગણી છવાઈ અને અભિનંદનની વર્ષો થઈ રહી છે.

# ચાલુ સરકારી બાંધકામમાં જી.એસ.ટી ૪ ટકાનો બોજો હળવો કરવા માંગ

અમદાવાદ

ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશનના ચેરમેન અરવિંદ પટેલે જણાવેલ છે કે, બાંધકામના સરકારી કામોમાં જી.એસ.ટી ના દર ૧૮ ટકા થી ઘટાડીને ૧૨ ટકા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો તે બદલ અમે સરકારનો આભાર માનીએ છે. પ્રગતિમાં હોય તેવા રોડ પ્રોજેકટના કામોમાં ૪ ટકા જેટલો વધારાનો નાંણાકીય બોજો ઘટાડવાની જરૂર છે. તેમજ બાકી પડતર પ્રશ્નો અંગે એસોસીએશનની મીટીંગ તાકીદે બોલાવી ચર્ચા વિચારણા કરવામાં આવશે. ત્યારબાદ સરકારમાં રજુઆત કરવામાં આવશે. અમોને આશા છે કે, આ પ્રશ્નોનો નિકાલ સરકાર સાથેની વાટાઘાટાથી આવી જશે. અમો આશા રાખીએ છીએ કે, હડતાલ જેવા ઉગ્ર પગલા ભરવાની જરૂર પડશે નહિ. ગુજરાતના કોન્ટ્રાકટરોની મજબુત એકતા અને એસોસીએશનના સફળ પ્રયત્નોથી આવું પરિણામ મેળવી શકાયું છે તેમજ ભવિષ્યમાં પણ મેળવી શકાશે.

## નેસડા પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર તાલુકાની નેસડા પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની ધામધૂમ પૂર્વકની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે શાળાના શિક્ષક ડાયાભાઈ માળીએ રક્ષાબંધનનું પૌરાણિક મહત્વ સમજાવ્યું હતું ત્યાર બાદ દરેક બહેનોએ ભાઈઓને રક્ષાબાંધીને શુભ આશિષ આપ્યા હતા.સામે ભાઈઓએ પણ પ્રતિજ્ઞા લીધી હતી કે અમે અમારી બહેનોનું રક્ષણ કરશું.અને તેમને દુઃખ લાગે એવું ક્યારેય વર્તન કરીશુ નહી ત્યાર બાદ શાળાના આચાર્ય રાણાભાઈ પટેલે સારા આયોજન બદલ સ્ટાફને બિરદાવ્યો હતો.

# ડીસામાં ટી.સી.ડી.મેદાનમાં નવી સ્કેટીંગ રીંગ બનાવાઈ


ભરત સુંદેશા

## જિલ્લા કક્ષાની સ્કેટીંગ ટુર્નામેન્ટ યોજાઈ

ડીસા

રમત ગમત ક્ષેત્રે ઉત્તર ગુજરાતમાં શ્રેષ્ઠ નામના ધરાવતી ધી ડીસા સ્પોર્ટસ ક્રિકેટ એન્ડ ચેરીટેબલ એકેડમી, બનાસકાંઠા જિલ્લા રમત - ગમત પરિષદ અને સ્કાય મોન્ટેસરી સ્કૂલ દ્વારા ડીસાના ન્યુ ટી.સી.ડી. મેદાન પર નવી અદ્યતન ઈન્ટરનેશનલ કક્ષાની સ્કેટીંગ રીંગનું ઉદઘાટન જિલ્લા કક્ષાની સ્કેટીંગ ટુર્નામેન્ટના માધ્યમથી કરાયું હતું.

ડીસામાં સામાન્ય પરિવારના સ્કેટીંગમાં રસ ધરાવતા બાળકો પણ લાભ લઈ શકે તે હેતુથી નિર્માણ કરાયેલી ઈન્ટરનેશનલ કક્ષાની સ્ટીંગ રીંગનું ઉદઘાટન ગુજરાત બાળ વિકાસ આયોગના ડાયરેક્ટર ડો.રાજુલ દેસાઈ, ડીસા એકેડમીના પ્રમુખ છબીલદાસ સોનેથા, સ્કાય મોન્ટેસરી સ્કૂલના પ્રિન્સીપાલ ધાન્યા મેડેમ, જિલ્લા રમત - ગમત અધિકારી ગોયાની ઉપસ્થિતિમાં કરાયું હતું. આ પ્રસંગે ટુર્નામેન્ટમાં જિલ્લાની કુલ આઠ શાળાના બાળકોએ ભાગ લીધો હતો. ટુર્નામેન્ટ કન્વીનર રાહુલ પરમાર, સ્કેટીંગ કોચ રમેશ ઠાકોર, શૈલેષ મકવાણા તેમજ એકેડમીના મુખ્ય કોચ વિપુલ આલ અને માનદ્મંત્રી સતિષ બનાવાલાએ સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન ગોઠવ્યું હતું.

# ડીસાની એન્જલ્સ સ્કૂલ સેપ્ક ટકરાવ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન


ભરત સુંદેશા

ડીસા

તાજેતરમાં યોજાયેલી બનાસકાંઠા અંડર-૧૩ સેપ્ક ટકરાવ ટુર્નામેન્ટમાં ડીસાની એન્જલ્સ સ્કૂલના ભાઈઓ-બહેનોની ટીમ ચેમ્પીયન બની હતી.

બનાસકાંઠા રમત-ગમત પરિષદ દ્વારા ડીસાની જી.જી.માળી હાઈસ્કૂલ ખાતે સેપ્ક ટકરાવ અંડર-૧૩ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ૫ શાળાની ભાઈઓ-બહેનોની ટીમોએ ભાગ લીધો હતો.તેમાંથી એન્જલ્સ સ્કૂલના ભાઈઓ-બહેનો સારો દેખાવ કરી ચેમ્પીયન બન્યા હતા.જે બદલ શાળાના આચાર્ય ઉપાસના મેમ તેમજ ટ્રસ્ટ પરિવારે આર્શિવચન પાઠવ્યા હતા.આ વિદ્યાર્થીઓ આગામી સમયમાં રાજ્યકક્ષાની ટુર્નામેન્ટમાં રમવા જશે. ખેલાડીઓને માર્ગદર્શન વ્યાયામ શિક્ષક સંદિપ દવે અને આકાશ ઘૈરાવ દ્વારા પુરુ પાડવામાં આવ્યુ હતુ.

## દેવ - દેવીનો શણગાર.....


(વિનોદ બાંડીવાલા, ડીસા)

પવિત્ર શ્રાવણ માસમાં ચોમેર ભક્તિ અને આરાધનાની રમઝટ જામી છે. ત્યારે હવે જન્માષ્ટમીનો તહેવાર નજીક આવતા જ ભગવાન કૃષ્ણ, રાધા અને ઠાકરજીના શૃંગાર માટે બજારમાં વાઘા, શણગાર, સિંહાસન, ઝૂલા, શંખ વગેરે વિવિધ બજારોમાં નજરે પડવા લાગ્યા છે. જેનાથી શ્રધ્ધાળુ ભાઈ - બહેનો ભક્તિભાવથી આરાધ્ય દેવનો શણગાર કરે છે.

# સામઢીમાં રણુંજાના પદયાત્રિકોની સેવા


ચંદુ રાવળ

પ્રતિનિધિ સામઢી

શ્રાવણ મહિનાનું બીજું પખવાડીયું શરૂ થતા જ કળીયુગના હાજરાહજૂર દેવ ગણાતા રાજસ્થાનના રણુંજામાં બિરાજમાન નકળંગ નેજાધારી બાબા રામદેવના દર્શને પદયાત્રાએ જતા ભાવિક ભાઈ- બહેનો હાઈવે સહિતના માર્ગો ઉપર નજરે પડવા લાગ્યા છે. ત્યારે ગતરોજ આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના વાલવોડ ગામનો ૪૩ ભાવિકોનો પદયાત્રી સંઘ છઠ્ઠા દિવસે પાલનપુર તાલુકાના સામઢી રાણાજીવાસ ગામે આવી પહોંચ્યો હતો. જેથી સેવાભાવી કેશરભાઈ દેસાઈ, શાંતિભાઈ દેસાઈ, સેંધાભાઈ ઠાકોર, કિરણભાઈ દરજી, રામચંદજી ઠાકોર વગેરેએ તમામ પદયાત્રિકોની રહેવા- જમવા અને ન્હાવા- ધોવાની સગવડ પૂરી પાડી હતી. પદયાત્રી જશુભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે અમારો સંઘ છેલ્લા પાંચ વર્ષથી રણુંજા જાય છે. બાબાની કૃપાથી રસ્તામાં ક્યાંય કોઈ તકલીફ પડતી નથી. હવે અમારો સંઘ પંદરમા દિવસે રણુંજા પહોંચી જશે.

# થરાદના ઘોડાસરમાં સામાન્ય બાબતે પિતાપુત્ર પર જીવલેણ હુમલો

## ઈજાગ્રસ્તને વધુ સારવાર અર્થે મહેસાણા ખસેડાયા : ચાર સામે ફરીયાદ

પ્રતિનિધિ થરાદ

થરાદના ઘોડાસર ગામમાં સામાન્ય બાબતે ચાર શખ્સોએ મળીને પિતાપુત્ર પર પાઈપ અને લાકડીઓ વડે જીવલેણ હુમલો કર્યો હતો.જે પૈકી પિતાને વધુ સારવાર અર્થે મહેસાણ ખસેડાયા હતા.પોલીસે ચાર સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

બુધવારની સાંજના સુમારે સુમારે કલ્પેશજી ભુદરાજીના કાકાના જમાઈ અને તેમના બનેવી ભુરાજી રાવતાજી ઠાકોર રહે.કોચલાનાઓ તેમના ગામ તરફ જવા નિકળતાં ઝાંપા આગળ ઠાકોર પારસજી વિરચંદજી તેમના ટ્રેકટર આગળ આવીને ઉભો રહ્યો હતો.આથી કલ્પેશભાઈને તેમને જવા દેવા જણાવતાં તુ વચ્ચે કેમ આવ્યો તેમ કહીને તેણે ઉશ્કેરાઈને અપશબ્દો બોલ્યા હતા.અને ફોન કરતાં જબરાભાઈ સવસીભાઈ ઠાકોર,નટાભાઈ વિરચંદ ઠાકોર અને ડાયા વિરચંદ ઠાકોર હાથમાં બે લોખંડની પાઈપો અને લાકડીઓ સાથે આવી ગયા હતા.આથી કલ્પેશભાઈ ડરીને ભાગતાં તેમના ઘર તરફ આવ્યા હતા.

જ્યાં રસ્તામાં મળેલા ભુદરાજીએ અપશબ્દો બોલવાની ના પાડતાં તેમને મારી નાખવાના ઈરાદે માથામાં પાઈપ મારતાં તેઓ બેભાન થઈને ઢળી પડ્યા હતા.આથી પિતાને છોડાવવા માટે કલ્પેશભાઈ વચ્ચે પડતાં તેના પર પણ લાકડીઓ વડે હુમલો કરવામાં આવ્યો હતો.ઈજાગ્રસ્ત ભુદરાજીને વધુ સારવાર માટે મહેસાણા લઈ જવાયા હતા. કલ્પેશભાઈની ફરીયાદના આધારે થરાદ પોલીસે ચારેયની સામે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# પાક નુકશાન તેમજ જમીન ધોવાણના ફોર્મમાં સહી કરવા રેવન્યુ તલાટીનો ઈન્કાર

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના રેવન્યુ સેજાઓની રચના થયેલ છે. જે દરેક સેજાઓમાં રેવન્યુ તલાટીની નિમણુંક પણ કરવામાં આવેલ છે. તાજેતરમાં થયેલ ભારે અતિવૃષ્ટિમાં તલાટી કમ મંત્રીઓ દ્વારા ફુડપેકેટ, એન.ડી.આર.એફ ટીમની સાથે કામગીરી, મકાન સહાય, પશુ મૃત્યુ સહાય, કેશડોલની તમામ કામગીરી કરેલ છે. તેમજ હાલમાં પણ ચાલુ છે ત્યારે માત્ર રેવન્યુ ત.ક.મંત્રીઓને પાક નુકશાન/ જમીન ધોવાણની કામગીરી તથા ફોર્મમાં સહીઓ કરવા જરૂરી સુચના આપવા માંગ કરાઈ છે. કારણ કે ૭/૧૨ માં પાણીપત્રક રેવન્યુ તલાટીઓ પાણીપત્રકની કામગીરી કરે છે. એટલે કે રેકર્ડ રેવન્યુ તલાટી પાસે હોય છે. જેથી સ્વાભાવિક છે જેની પાસે રેકર્ડ હોય તેને જ તેમાં સહી કરવાની થાય છે. હાલે રેવન્યુ તલાટીઓ સહી કરવાની ખેડુતોને ઈન્કાર કરે છે અને કહેવામાં આવે છે કે, અમોને આવો કોઈ સહી કરવાનો ઓર્ડર થયેલ નથી.

પાક નુકશાનની કામગીરીને મહેસુલ વિભાગ તેમજ ખેતીવાડી શાખાની સંયુક્ત કામગીરીના હુકમ પણ થયેલ છે. તથા જમીન ધોવાણ પણ જી.એલ.ડી.સી. અને મહેસુલ વિભાગ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવે છે. હાલમાં પંચાયત હસ્તકના તલાટી કમ મંત્રીઓ જે પંચાયત હસ્તક છે. અને રેવન્યુ તલાટી મહેસુલ હસ્તક છે જેથી પાક નુકશાન/ જમીન ધોવાણના ફોર્મમાં મહેસુલ હસ્તકના રેવન્યુ તલાટીઓ દ્વારા કામગીરી કરવાની હોય છે. આથી આ અંગે રેવન્યુ તલાટી દ્વારા પાક નુકશાન/ જમીન ધોવાણ અંગેની કામગીરી કરે તેવો આદેશ કરવામાં આવે તેવી માંગ છે.

# ધાનેરા ખાતે રાહુલ ગાંધીની કાર પર ફેંકાયેલ પથ્થર બાબતે પોલીસને પુરાવા રજુ કરવા અપીલ

## પુરાવા રજુ કરનારની ઓળખ ગુપ્ત રખાશે

પાલનપુર

નાયબ પોલીસ અધિક્ષક મુખ્ય મથક, પાલનપુર બી.એ.ચાવડા દ્વારા અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે ગત તા. ૦૪/૦૮/૨૦૧૭ ના રોજ કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ધાનેરા ખાતે પૂરપિડીતોની મુલાકાતે પધારેલ હતા. તેઓની ધાનેરા ખાતેની મુલાકાત દરમ્યાન કાર્યક્રમ પૂર્ણ કરી તેઓ પરત જઈ રહેલ હતા. ત્યારે લાલચોક સામેના જાહેર રોડ ઉપરથી હેલીપેડ જવા પસાર થતી વખતે કોઈ અજાણ્યા ઈસમે તેઓની કાર ઉપર પથ્થર ફેંકેલ અને કારનો કાચ તુટી ગયેલ હતો. જે બાબતે ધાનેરા પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.નં.૫૯/૨૦૧૭ ઈ.પી.કો. કલમ ૩૩૭, ૪૨૭ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ ગુનાની તપાસ કામે જે કોઈ નાગરિક અથવા પ્રેસ મિડીયા કે અન્ય પાસે આ બાબતે ચોક્કસ, દ્રશ્ય, શ્રાવ્ય તથા અન્ય વિશેષ પુરાવા હોય તો તે ગુનાની તપાસ કરનાર જે.એન. ખાટ સી.પી.આઈ. થરાદ સમક્ષ રજુ કરવા અપીલ કરવામાં આવે છે. અને જો કોઈ રજુ કરનાર પોતાની ઓળખ ગુપ્ત રાખવા માગતા હોય તો તેઓની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે. પુરાવા રજુ કરવા માટે જે.એન. ખાંટ સી.પી.આઈ. કચેરી થરાદનો ફોન નં. ૦૨૭૩૭-૨૨૪૦૭૭ અને મો. નં. ૯૯૭૯૭ ૪૭૩૯૯ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# વડા ગ્રામ પંચાયત પાસે જુગાર રમતા ચાર પકડાયા

## પોલીસે બે બાઈક સાથે રૂા.૪૩,૮૭૩ નો મુદ્દામાલ પણ કબ્જે કર્યો

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકામાં જ નહી બનાસકાંઠા-પાટણ-કચ્છ સહિત ગુજરાતના કેટલાક વિસ્તારમાં શ્રાવણીયા જુગારનો વ્યાપ વધેલો જોવા મળે છે.દર વર્ષે શ્રાવણમાસમાં ઠેર ઠેર જુગાર ધામોનો રાફડો ફાટે છે.ત્યાં તમામ પ્રકારની સુવિધા જુગારીયાઓને મળતી હોય છે.પોલીસ બાતમીના આધારે દરોડા પાડી આવી બદી અટકાવવા પ્રયત્ન કરે છે.પણ તેના "દારૂબંધી" જેવું જ બને છે.કાંકરેજ તાલુકાના થરા પોલીસ વડા ગામે ગ્રામ પંચાયત કચેરી આગળ કેટલાક ઈસમો ખુલ્લામાં જાહેરમાં ગંજીપાના વડે પૈસાથી હાર જીતનો જુગાર રમાય છે.તેવી બાતમીના આધારે અધિકારીઓના માર્ગદર્શન -સુચન મુજબ થરા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ બાબુભાઈ નાગજીભાઈ તથા સ્ટાફે પંચો સાથે રેઈડ કરતાં ચાર ઈસમો રૂા.૨૩૬૩ રોકડા, મોબાઈલ નંગ-૩(કિંમત-રૂા.૧૫૦૦)બે મોટરસાઈકલ (કિંમત રૂા.૪૦,૦૦૦) તથા પ્લાસ્ટિકનું કંતાન-ગંજીપાના મળી કુલ રૂા.૪૩,૮૬૩ નો મુદ્દામાલ સાથે પકડાયેલ જેમાં લાલુભા ભૂપતસિંહ વાઘેલા, બલુભા ભારતસિંહ વાઘેલા, કિશનસિંહ ભારૂભા ઝાલા, બાબુભા વિજુભા વાઘેલા તમામ રહે.ભાવાણી પાટી વડાને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું પોલીસ સુત્રો દ્વારા જાણવા મળેલ છે.

# પાલનપુર ખાતે કલેકટરના અધ્યક્ષ સ્થાને ડી.એલ.સી.સી.ની સ્પેશ્યલ બેઠક યોજાઈ

## પૂર અસરગ્રસ્તોને મદદ કરવા બેંકો ઉદાર બની લોન આપશે : દેના બેંકના એકઝ્યુટીવ ડાયરેકટર રમેશસીંગ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદ અને પૂરની આપત્તિ પછી જિલ્લામાં ઝડપભેર પૂર્વવત પરિસ્થિતિના નિર્માણ માટે વહીવટીતંત્ર દ્વારા વિરાટ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. પરિણામે જિલ્લામાં જનજીવન ઝડપથી પૂર્વવત થઈ રહ્યું છે. જિલ્લાના તમામ ગામો અને શહેરી વિસ્તારોમાં સો ટકા વીજ પુરવઠો ચાલુ કરવામાં આવ્યો છે. તમામ ગામોમાં પીવાના પાણીની પરિસ્થિતિ વ્યવસ્થિત રીતે કાર્યરત કરવામાં આવી છે તેવી જ રીતે લોકોના ધંધા - રોજગાર ચાલુ થાય અને જેમને આ પૂરમાં નુકશાન થયું છે તેવા વ્યવસાયીકારોને ઉદાર હાથે લોન આપવા પાલનપુર મુકામે કલેકટર દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને ડી.એલ.સી.સી.ની સ્પેશ્યલ બેઠક યોજાઈ હતી.

જેમાં કલેકટરએ બેંક ઓફિસરઓને સુચના આપતાં જણાવ્યું હતુ કે આ પૂરમાં જે લોકોની બેંક પાસબુક, એટીએમ કાર્ડ વગેરે તણાઈ ગયા છે તેમને તાત્કાલિક નવી પાસબુક અને એટીએમ કાર્ડ આપવામાં આવે. તેમણે મુદ્રા યોજના અને ખેડૂતોને પાક માટે લોન આપવા જણાવ્યું હતું. કલેકટરએ જણાવ્યું કે સેવા સેતુ કાર્યક્રમો યોજી પૂર અસરગ્રસ્તોને ચૂંટણી કાર્ડ, રેશન કાર્ડ વગેરે પ્રમાણપત્રો પણ સરળતાથી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા તંત્ર દ્વારા ગોઠવવામાં આવશે. તેમાં બેંકો પણ પોતાનો સ્ટોલ લગાવી તેમની સેવાઓ આપીને લોકોને મદદરૂપ બને. બેઠકમાં દેના બેંક એકઝ્યુટીવ ડાયરેકટ રમેશસીંગે જણાવ્યુ કે પૂર અસરગ્રસ્તોને મદદ કરવા ડી.એલ.સી.સી.ની સ્પેશ્યલ બેઠક બોલાવવામાં આવી છે. તેમાં થયેલ ચર્ચા મુજબ પૂર અસરગ્રસ્તોને મદદ કરવા બેંકો ઉદાર બની લોન આપશે. તેમણે કહ્યું કે આ પૂરમાં જે જાનમાલનું નુકશાન થયું છે તેની ભરપાઈ તો નહી કરી શકાય પરંતુ આ પૂરની ઘટનાને ભુલવામાં અને લોકોને ફરીથી બેઠો કરવામાં બેંકો ચોક્કસ મદદરૂપ બનશે. તેમણે કહ્યું કે જે ખેડૂતોને જમીન ધોવાણ અને પાક નુકશાન થયું છે, પશુપાલકોના પશુઓ મૃત્યુ પામ્યા છે.અને દુકાનદારોને પણ નુકશાન થયું છે તેની વિગતો મેળવી તેમને લોન આપવા બેંકો તમામ પ્રયાસો કરશે.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અમિત અરોરા,રિઝર્વ બેક ઓફ ઈન્ડીયાના પ્રતિનિધિ, ફિલ્ડ જનરલ મેનેજર વી.એસ. ખિંચી,નાબાર્ડ સહીત વિવિધ બેંકોના ઓફિસરઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લુદરા ગામેથી શ્રાવણીયો જુગાર રમતા ૮ શકુનીઓ ઝડપાયા

તા.પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકાના લુદરા ગામેથી ગઈકાલે દીઓદર પોલીસ પેટ્રોલીગમાં હતી તે દરમ્યાન પોલીસને બાતમી મળેલ કે લુદરા ગામમાં જુના શંકર ભગવાનના મંદિરના ખુલ્લા ચોકમાં અમુક માણસો જુગાર રમી રહ્યા છે.તે બાતમીના આધારે દીઓદર પોલીસે છાપો મારતાં ૮ જેટલા ઈસમો શ્રાવણીયો જુગાર રમતા ઝડપાઈ જવા પામેલ.જેમાં હેમજીભાઈ ચમનાભાઈ ઠાકોર,ઈમામ હુસેન સુમરા,ગફરૂભાઈ હબીબભાઈ સુમરા,નસરૂદીન રહીમભાઈ સુમરા, અકબરભાઈ રમજાનભાઈ સુમરા,ભુપતજી રાજુજી ઠાકોર, દશરથજી રાજાજી ઠાકોર, મેવાભાઈ આલાભાઈ પરમાર તમામ રહે.લુદરા, તા.દીઓદરને ગંજીપાના તેમજ રોકડ રકમ રૂા.૧૦,૦૬૦/-ના મુદામાલ સાથે ઝડપી લઈ જુગાર ધારા કલમ ક ૧૨ મુજબ વધુ તપાસ હાથ ધરી છે.શ્રાવણ મહીનો શરૂ થતા ની સાથે જ અને જન્માષ્ટમી નજીક આવતાની સાથે જ દીઓદર તાલુકામાં ઠેર ઠેર જુગારની હાટડીઓ ધમધમવા લાગી છે.અને જ્યાં જુઓ ત્યાં શકુનીઓ જુગાર રમતા ઝડપાવા લાગ્યા છે.

# સર્વોદય કોમ. કો- ઓપ. બેંક દ્વારા પૂરગ્રસ્તોને કુપનથી સહાય

ડીસા

બનાસકાંઠામાં આવેલ ધોધમાર વરસાદથી ઘણા ગામો પૂરગ્રસ્ત થતા આફત આવી પડેલ મીડીયા દ્વારા તેની વારંવાર જીવંત પ્રસારણ તેમજ રજેરજની માહિતીથી સર્વોદય કોર્મ.કો.ઓ.બેંક મહેસાણા બેંકના ચેરમેન નવીનભાઈ શાહ તેમજ જનરલ મેનેજર, તેમજ આસી. જનરલ મેનેજરએ તાત્કાલિક અસરગ્રસ્તોની મદદ માટે સીની. ડેવ. મેનેજર સર્વોદય કોર્મ. કો.ઓ. બેંક ડીસાના માર્ગદર્શન હેઠળ ટીમ બનાવી ધાનેરામાં માર્કેટયાર્ડમાં સર્વે કરાવ્યું. તેમજ ગરીબ કુટુંબોની ઘરવખરી, ખાવા પીવાના સાધનો, પૂરમાં તણાઈ ગયેલા

અનુસંધાન પાના નં.૬

## ધાનેરામાં પુર વખતે ચાલુ ટેલિફોન અત્યારે ઠપ્પ

# પુર પ્રકોપમાં બી.એસ.એન.એલ. સેવા અવિરત ચાલુ રહી હતી

## સાફ સફાઈ દરમિયાન કેબલો કપાતા ટેલિફોન અને મોબાઈલ બંધ

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા શહેર તથા તાલુકામાં રેલ નદીનું પુર આવતાં વિનાસ થયો હતો જેમાં ૨૧ ના મોત અને ૧૮૦૦ ઢોરના સત્તાવાર મોત થયા હતા. શહેરમાં પુરના પાણી ચાર - ચાર દિવસ સુધી રહ્યા તે દરમિયાન અન્ય મોબાઈલ ટાવરો બંધ થઈ ગયા હતા. પરંતુ લેન્ડ લાઈન તથા બી.એસ.એન.એલ.ના મોબાઈલ સતત ચાલુ રહ્યા હતા.

પરંતુ પૂરના પાણી ઓસરી ગયા બાદ સાફ સફાઈ માટે આવેલ બુલ ડોજરોથી સફાઈ વખતે મોટા ભાગના કેબલો કપાઈ જતાં ધાનેરામાં મહત્વના પોલીસ સ્ટેશન, મામલતદાર કચેરી, તા.પંચાયત કચેરી, પ્રેશ મીડીયાની ઓફીસો તથા માર્કેટયાર્ડ વિસ્તારના તમામ મોટાભાગના ૧૦૦૦ જેટલા અંદાજે ફોન બંધ પડી ગયેલા છે. ત્યારે તંત્ર પોલીસ સ્ટેશન અને મામલતદાર કચેરી અને અન્ય સરકારી કચેરીઓના ટેલીફોન ઝડપી ચાલુ કરે તો પુનઃ વસન કામગીરીને વધુ વેગ મળવા સાથે સંભવિત ખતરાને પણ ટાળી શકાય.

# ડીસા ધારાસભ્યએ પુરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી



ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ એ ગઈકાલે ડીસા તાલુકાના પુરગ્રસ્ત ગામડાઓની મુલાકાત લીધી હતી. જેમાં સૌથી વધુ પ્રભાવિત ચંદાજી ગોળીયા અને મોરથલ ગોળીયા ગામે જઈ ગ્રામ જનોના પ્રશ્નો સાભળ્યા હતા. આ ગામો દર વખતે પુરની સ્થિતિ સર્જાતી હોઈ નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને અન્યત્ર સ્થળાંતરીત કરવાની માંગણી કરી હતી.

## તાલુકા હેલ્થ કચેરી દ્વારા....

# વાવ પંથકના ૭૮ ગામોમાં 'ફોગીંગની' કામગીરી હાથ ધરાઈ



વિષ્ણુ પરમાર

તા.પ્રતિનિધિ વાવ

તાજેતરમાં વાવ પંથકમાં આવેલા ભારે વરસાદ અને નદીઓના વહેણના પ્રવાહમાં ઠેર ઠેર પાણીનો ભરાવો થઈ જતાં આ વિસ્તારમાં મેલેરીયા અને સ્વાઈન ફલુનો ઉપદ્રવ ના થાય તેને તાલુકાની હેલ્થ કચેરીએ ધ્યાનમાં લઈ વાવ પંથકના ૭૮ ગામોમાં ગાડી મારફત પ્રચાર ઝુંબેશ હાથ ધરી ફોગીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ બાબતે આરોગ્ય વિભાગના ટી.આઈ. સી.ઓ. એચ.કે.ગોસ્વામીએ મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે, ફોગીંગની કામગીરી દ્વારા તા.૧૦-૮-૧૭ અને તા.૧૧-૮-૧૭ બે દિવસ દરમ્યાન વાવ પંથકના વાવ-૧, વાવ-૨, ઢીમા, અસારા, દેથળી, મોરીખા, બીયોક, ગંભીરપુરા, માવસરી જેવા ૭૮ ગામોમાં કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ફોગીંગની કામગીરી મારફત ગાડીની પાછળ ફોગીંગ મશીન લગાવી ધુમાડો નીકાળવામાં આવે છે જે ધુમાડાથી મેલેરિયા, સ્વાઈન ફલુ જેવી બીમારીઓ ફેલાવતા તમામ ઝેરી મચ્છરોનો નાશ થઈ જાય છે.

અનુસંધાન પાના નં.૬

# વડગામના સકલણા ગ્રામજનો દ્વારા પૂરપીડીતોને સહાય

તા.પ્રતિ. વડગામ

તાજેતરમાં વડગામના સકલાણા ગ્રામજનો દ્વારા ફાળો એકત્ર કરી પૂરપીડીતો માટે ચાદર ધાબળા, સાલ - સાડી, ટુવાલ, બિસ્કીટની કીટનું વિતરણ કરાયું ધાનેરા તાલુકાના ગામોમાં કિટ્સ વિતરણ કરાઈ હોવાનું નિવૃત્ત કર્મચારી મંડળના વડીલોએ જણાવ્યું હતું.

# કાંકરેજ તાલુકામાં બનાસ નદીમાં ફરીથી પાણી આવતા નદી વિસ્તારના ખેડુતો ખુશ ખુશાલ



સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ શીહોરી

આજ રોજ બનાસ નદીમાં ફરીથી પાણી આવતા નદી કાંઠાના ખેડુતોમાં ખુશ થયા છે. કારણ કે ઘણા વર્ષોથી બનાસ નદી કોરી હોવાથી પાણીના તળ ઘણા ઊંડા ગયા છે. ત્યારે આ વર્ષે શરૂઆતથી જ વરસાદ સારો થયો છે અને બનાસ નદી બન્ને કાંઠે વહી છે અને તાલુકામાં તારાજી પણ સર્જી છે. નુકસાન પણ મોટુ કર્યુ છે. એ પછી નદી ફરીથી સુકાઈ ગાઈ હતી, પણ ઉપરવાસમાં થોડો વરસાદ થતા ફરી બનાસ નદીમાં પાણી છોડવામાં આવ્યુ છે તે રેલો કાંકરેજ તાલુકામાં આવી ગયો છે, જો આ રીતે નદીમાં પાણી ચાલુ રખાય તો આ સુકો બનતો વિસ્તારમાં પાણીના તળ ઊચા આવે અને ખેડુતો પોતાના બોરવેલો ચલાવી શકે, બનાસ નદીમાં હાલમાં ચાલતુ પાણી ફોટો બે દિવસ પહેલાનો ફોટો બનાસ નદી કોરી.

# થરાદ તાલુકાના મલુપુરમાં એન.એસ.એસના સ્વયંસેવકો દ્વારા સેવાની સરવાણી



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના મલુપુર ગામમાં "આર્ટસ કોલેજ લવાણા(લાખણી)" નાં એન.એસ.એસ વિભાગ દ્વારા એક ખાસ શિબિરનું આયોજન કરાયું હતુ.ભારે પૂરના કારણે બનાસકાંઠાના ઘણા ગામોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે.જેના લીધે ઠેર-ઠેર જગ્યાએ ગંદકી તેમજ અવ્યવસ્થાપન જોવા મળી રહી છે.તો મલુપુર ગામમાં સ્વચ્છતા અને પુનઃસ્થાપન માટે લવાણા કોલેજના એન.એસ.એસના સ્વંયમ સેવકોએ શ્રેષ્ઠ કામગીરી બજાવી છે.જેમાં સ્વયંમ સેવકો દ્વારા સફાઈ કામ, ભરાયેલા પાણીનો નીકાલ, શોષખાડાની કામગીરી, ઓઈલિંગનો છંટકાવ, ક્લોરિંગની ગોળીઓનું વિતરણ, જાહેર શૌચાલયની સફાઈ, પ્લાસ્ટિક કચરાનો નિકાલ, તુટી ગયેલી દિવાલોની ઈંટોનું વ્યવસ્થાપન, ગામના મંદિરો, શાળાઓ, પંચાયતની સફાઈ, જાહેર સ્થળો પરના બિન જરૂરી ઘાસનો નિકાલ, ઠેર-ઠેર જગ્યાએ નળોથી થતા પાણી માટે નિકોની વ્યવસ્થા, ખેડૂતોને જમીન ધોવાણ ફોર્મ ભરવામાં મદદ વગેરે જેવી કામગીરી કરી છે જે પ્રવૃત્તિની મુલાકાત લેતાં એન.એસ. એસ.પ્રોગ્રામ ઓફીસર પ્રો.ડી.કે. રાજપૂતે હે.ઉ.ગુ.યુ. પાટણના એન.એસ.એસ. કો.ઓ. ડો.જે.ડી. ડામોર, આર્ટસ કોલેજ લવાણાના મેનેજિંગ ટ્રસ્ટી ડો.યુ.કે.રાજપૂત તથા સ્વયંસેવકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# પાલનપુર હરિપુરા શાળાની આચાર્યા સામે રજુઆત



સંજય જોષી

પાલનપુર

પાલનપુરના હરિપુરા પ્રાથમિક શાળાના બાળકોને હેરાનગતિ કરાતી હોવાની રાવ ઉઠી છે. ત્યારે આજે વાલીઓ બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ની કચેરીએ દોડી આવ્યા હતા. જ્યાં તેઓએ ડી.પી.ઈ. ઓ. દિપક દરજી સમક્ષ રજુઆત કરી હરિપુરાની આચાર્યાને બદલવાની માંગ કરી હતી.

# વડગામ તાલુકામાં ભારે વરસાદથી વ્યાપક તારાજી

## સર્વે કરી નુકશાનનું વળતર ચુકવવાની ધારાસભ્યની માંગ



પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

તાજેતરમાં થયેલ ભારે વરસાદને કારણે ખેડુતો તથા પ્રજાને થયેલ નુકસાનનું તાકીદે સર્વે કરી વળતર ચુકવવાની માંગ સાથે ગઈકાલ તારીખ ૧૦ મી ઓગસ્ટે વડગામ ધારાસભ્ય મણીભાઈ વાઘેલાની અધ્યક્ષતામાં રેસ્ટ હાઉસમાં એક સભા યોજાઈ હતી. જેમાં સંબોધન કરતાં તેઓએ જણાવ્યું હતું કે વરસાદના કારણે ખેડુતોના પાકને નુકશાન થયું છે. અને આખે આખા ખેતરો ધોવાઈ ગયા છે. જિલ્લાના અમુક તાલુકાઓમાં ત્રણ માસના લાઈટ બીલ માફ કરેલ છે. જ્યારે વડગામ વિસ્તારના ગામોને સરકારી પેકેજનો લાભ આપવામાં આવ્યો નથી.

તાલુકા સરપંચ યુનિયન પૂર્વ પ્રમુખ ફત્તાભાઈ સી. કરેણ (વણસોલ) તા.પં. પ્રમુખ માનસંગભાઈ ઉપલાણા, તા.પં. પ્રમુખ ડી.એમ. પટેલ, તા.કો.પ્રમુખ યાસીનખાન ખોખર, ઉપપ્રમુખ બળદેવજી ઠાકોર, પૂર્વ પ્રમુખ દેવુસિંહ ડાભી, હયાતખાન બિહારી (નગાણા), ડેલિગેટ અમૃતપુરી જી. ગોસ્વામી, જિ.યુવા અગ્રણી નલિનકુમાર ડી. ચૌધરી, ડેલિગેટ ભિખુભાઈ બિહારી, નરસંગભાઈ રૂપાવટ, વગેરે મહાનુભાવોએ પ્રાસંગિક વિચારો વ્યક્ત કર્યા હતા.

બેઠકના પ્રારંભમાં બનાસકાંઠા જિલ્લા પૂર હોનારતના મૃતકોને શ્રધ્ધાંજલિ અર્પવામાં આવી હતી અને વડગામ મામલતદાર આર.એમ. ચાવડાને આવેદનપત્ર સુપ્રત કરાયું હતું. બેઠકનું આયોજન અને સફળ સંચાલન તા. કોં.પ્રમુખ યાસીનખાન કે.ખોખર (ચાંગા) એ કર્યું હતું.

# દીઓદર ખાતે ગૌ ભક્ત લવજી બાનું દુઃખદ અવસાન



તા.પ્રતિનિધિ દીઓદર

દીઓદર ખાતે જલારામ પાર્ક સોસાયટી મધ્યે રહેતા અને લવજી બા ના હુલામણા નામથી ઓળખાતા લવજીભાઈ ગીરધરલાલ સહાયતાનું તા.૯-૮-૨૦૧૭ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.સ્વ.લવજી બા વર્ષોથી સણાધર અંબાજી આશ્રમ ખાતે સેવાકીય પ્રવૃતિઓ હંમેશા અગ્રેસર રહેતા હતા.પંખીઓને દાણ, ગાયોને ઘાસ તેમજ ગરીબોને દાન આપી પૂન્ય દાતા તરીકેની ઓળખ ધરાવતા હતા. તેમના અવસાનથી ગૌ ભક્તો તેમજ અંબાજી આશ્રમ સણાદર દ્વારા ઉડા દુઃખની લાગણી વ્યક્ત કરેલ.સ્વ.ની.સ્મશાન યાત્રા તા.૯-૮-૨૦૧૭ના રોજ તેમના નિવાસ સ્થાનેથી નીકળેલ જેમાં મોટી સંખ્યામાં ગૌ ભક્તો, અગ્રણીઓ, સમાજના લોકો વિગેરે જોડાઈને શ્રધ્ધા સુમન અર્પણ કરેલ.

**ડિસ્ટ્રીબ્યુટરો નિમવાના છે**

ભારતની અગ્રણી સંસ્થા ઇફકો કિસાન સંચાર લિમિટેડમાં બનાસકાંઠા જિલ્લામાં થરાદ, લાખણી, ભાભર, સુઇગામ, વાવ, દિયોદર, કાંકરેજ, ધાનેરા તાલુકામાં ડિસ્ટ્રીબ્યુટર નિમવાના છે. સ ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરશો. ટેલીફોનનું કામ કરેલ હશે તેવી વ્યક્તિની પ્રથમ પસંદગી કરવામાં આવશે.

સંપર્ક: હિતેશભાઇ મો.૯૮૯૮૪૫૨૭૮૩ — શૈલેષભાઇ મો.૯૯૯૮૮૫૨૬૨૨

**ભારત સંચાર નિગમ લિમિટેડ**
(ભારત સરકારનું સાહસ)
દૂરસંચાર જિલ્લા મહાપ્રબંધકની કચેરી, જોરાવર પેલેસ, પાલનપુર (જી. બનાસકાંઠા)

**ટેન્ડર આમંત્રિત કરતી નોટિસ**

પાલનપુર એસએસએમાં અન્ડર ગ્રાઉન્ડ કેબલ બાંધકામ માટે ટેન્ડર નં. No. ET-30/Tender/OFC laying for various/PNP/17-18 dated @ PNP the 05/06/2017 આથી પાલનપુર એસએસએમાં અન્ડર ગ્રાઉન્ડ કેબલ બાંધકામ માટે ટેન્ડર આપવામાં આવે છે. કૃપા કરી અમારી વેબસાઈટ www.gujarat.bsnl.co.in-નો સંદર્ભ લો.

Tender Document download date & Time : From 10.30 Hrs. of 11.08.2017 to 14.00 Hrs. of 05.09.2017
Date& Time for online bid submission : Up to 14.00 Hrs. on 05.09.2017.
Date & Time of online bid opening : Date 05.09.2017 from 15.00 Hrs. onward.

સહાયક મહાપ્રબંધક (આયોજન)
ભારત સંચાર નિગમ લિમિટેડ
દૂરસંચાર જીલ્લા મહાપ્રબંધકની કચેરી, પાલનપુર-385001

નં.પાનસેસ/સેની.શાખા/૧૩૮૮/૨૦૧૭-૨૦૧૭.
નગર સેવા સદન, પાલનપુર તા.૧૦/૦૮/૨૦૧૭

**પાલનપુર નગરપાલિકા**

**જાહેર નોટીસ**

આથી પાલનપુર શહેરના પશુપાલકોને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે,પાલનપુર નગરપાલિકા દ્વારા શહેરમાં રખડતા તથા ટ્રાફિકને નડતરરૂપ તથા શહેરમાં અવર-જવર કરતા રાહદારીઓને નડતરરૂપ થતા ઢોર પકડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.તો, લાગતા વળગતા પશુના માલિકોએ પોતાના પશુ/ઢોર જાહેર માર્ગ ઉપર રખડતા ન રહે તે અંગે કાળજી રાખવી.પોતાના કબજા હેઠળ રાખવા જણાવવામાં આવે છે. નગરપાલિકાની ઢોર પકડવાની ઝુંબેશ દરમ્યાન રખડતાં ઢોર પકડીને પાંજરાપોળમાં મોકલી આપવામાં આવશે તેમજ ઢોરના માલિકો સામે કાયદેસરની કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, તેની સ્પષ્ટ નોંધ લેવી.

(પંકજભાઈ આઈ. બારોટ) મુખ્ય અધિકારી પાલનપુર નગરપાલિકા
(ગીરીશભાઈ કે.પરમાર) ચેરમેન સેનીટેશન સમિતિ, પાલનપુર નગરપાલિકા
(જયંતિભાઈ એમ.પઢિયાર) ચેરમેન કારોબારી સમિતિ, પાલનપુર નગરપાલિકા
(અશોકભાઈ બી.ઠાકોર) ઉપપ્રમુખ પાલનપુર નગરપાલિકા
(નિલમબેન સંજયભાઈ જાની) પ્રમુખ પાલનપુર નગરપાલિકા

## તંત્રી સ્થાનેથી ...

**વ્યસ્ત વ્યક્તિને આંસુ સારવાનો પણ સમય મળતો નથી.**

# અયોધ્યામાં મંદિર- મસ્જીદનો પ્રશ્ન ઝડપથી ઉકેલવો જરૂરી

અયોધ્યામાં મંદિર- મસ્જીદનો પ્રશ્ન છેલ્લા કેટલાય વર્ષોથી આશાઓ છે. આ પ્રશ્ન સંદર્ભે નરસિંહ રાવની સરકાર હતી ત્યારે અસંખ્ય બેઠકો મળી હતી. મંદિરના પ્રશ્ને સંતો- મહંતો અને વિહપની પણ બેઠકો મળેલ પરંતુ તે બેઠકોનું પરિણામ જોઈએ તેવું લાવી શકાયું નથી. આમ જોવા જઈએ તો મંદિરનો પ્રશ્ન ધાર્મિક છે પરંતુ રાજકીય પક્ષો અને કેટલીક સામાજીક ધાર્મિક સંસ્થાઓ પણ આ પ્રશ્ન ઉકેલવા નિષ્ફળ નિવડેલ છે. મંદિર નિર્માણના પ્રશ્ને સરકાર દ્વારા યોગ્ય વિચારધારા અપનાવવામાં આવે તે મહત્વની વાત છે. દરમ્યાન મસ્જીદના પ્રશ્ને શિયા વકફ બોર્ડે ગત મંગળવારે સુપ્રિમ સમક્ષ જણાવ્યું હતું કે અયોધ્યામાં વિવાદિત સ્થળેથી થોડે દૂર મુસ્લિમ બહુમતી વિસ્તારમાં મસ્જીદનું નિર્માણ થઈ શકે તેમ છે. બાબરી મસ્જીદ શિયા વકફની હોવાથી શિયા વકફ બોર્ડે જ એક એવી સંસ્થા છે. આ વિવાદના શાંતિપૂર્ણ ઉકેલ માટે અન્ય પક્ષો સાથે વાતચીત કરી શકે છે. શિયા વકફ બોર્ડે સુપ્રિમ કોર્ટને જણાવ્યું હતું કે આ વિવાદનો હલ કાઢવા માટે તેને કમિટી બનાવવા માટે સમયની જરૂર છે. આશ્ચર્યની વાત એ છે કે મસ્જીદનો પ્રશ્ન વર્ષોથી ચર્ચાની એરણ પર છે, તેમ છતાં વકફ બોર્ડને કમિટી બનાવવાનો સમય કેમ મળ્યો નહિં હોય?

અયોધ્યા વિવાદના મામલે ગત મંગળવારે સર્વોચ્ચ અદાલતમાં થયેલી સુનાવણીમાં શિયા સેન્ટ્રલ બોર્ડ ઓફ ઉત્તર પ્રદેશ દ્વારા નોંધાવવામાં આવેલી એફિડેવિટમાં એવું જણાવ્યું હતું કે, બાબરી મસ્જીદનો ઈલાકો એ અમારી સંપત્તિ છે. આ વિવાદનો હલ કાઢવા અન્ય પક્ષો સાથે વાતચીત કરવાનો અધિકાર પણ અમારા બોર્ડને જ છે. બોર્ડ આ વિવાદનો હલ કાઢવા એક ફોર્મુલા પણ રજુ કરી હતી. જેમાં જણાવાયું હતું કે બાબરી મસ્જીદની વિવાદિત જગ્યાથી યોગ્ય અંતરે મુસ્લીમ બહુમતી ધરાવતા વિસ્તારમાં મસ્જીદ બનાવી શકાય તેમ છે. સદર વિવાદનો ઉકેલ લાવવા વકફ દ્વારા ફરી બેઠક મળે તેવી શક્યતાને નકારી શકાય તેમ નથી.

જ્યારે અયોધ્યા મામલે સુનાવણી કરવા માટે સર્વોચ્ચ અદાલતના ચીફ જસ્ટિસ જે.એચ. નેહરે સર્વોચ્ચ અદાલતના ત્રણ જજની બેન્ચ લગાવી હતી. સદર બેચ અલાહાબાદ હાઈકોર્ટના ચુકાદા સામે નોંધાવવામાં આવેલી તમામ અપીલોની સુનાવણી કરનાર છે. સદર બેચમાં જસ્ટિસ દિપક મિશ્રા, જસ્ટિસ અશોક ભૂષણ, અને એસ.કે. નઝીરનો સમાવેશ થાય છે. સુબ્રમણ્યમ સ્વામીએ આ મામલે તત્કાલ સુનાવણી હાથ ધરવા માટે ખાસ અરજી કરી હતી. જેના પગલે ૧૧ જુલાઈના રોજ સદર કેસની સુનાવણી કરવામાં આવી હતી.

રામ મંદિર નિર્માણ બાબતે વિહિપ અને ભાજપ દ્વારા અગાઉ જે મંતવ્યો જણાવ્યા હતા તે બાબતે પુનઃ વિચારણા કરવી જરૂરી છે. લાંબો સમય વિવાદ રહે અને કોઈ કાર્યવાહી ન થાય તો પછી આ બાબતને લઈને અયોધ્યામાં અન્ય પ્રશ્નો પણ ઉભા થવાની સંભાવનાને નકારી શકાય તેમ નથી.

બાબરી મસ્જીદ એક્શન કમિટીના ગફરઆલ જિલાનીએ શિયા વકફ બોર્ડને વધારે મહત્વ આપવાનો ઈન્કાર કરતા જણાવેલ કે આ માત્ર એક અપીલ છે અને આ એફિડેવિટનું કાનુની નજરે કોઈ મહત્વ નથી, જોકે સ્વામિએ જણાવ્યું હતું કે શિયા વકફ બોર્ડની કામગીરીને નકારી શકાય તેમ નથી. મંદિર અને મસ્જીદના પ્રશ્ન બાબતે રાજકીય પક્ષો કે સામાજીક સંસ્થાઓએ પોતાના મંતવ્યો સરકારમાં પ્રસ્તુત કરવા જોઈએ તેવું બુદ્ધિજીવીઓનું માનવું છે.

# ઓપ્પો ટાઈમ્સ ફ્રેશ ફેસ ૨૦૧૭ની ૧૦મી આવૃત્તિ અમદાવાદમાં

અમદાવાદ

ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ ઓપ્પો સાથે સહયોગમાં ભારતની કોલેજોમાં અત્યંત પ્રતિષ્ઠિત વ્યક્તિત્વ અને પ્રતિભા તલાશની ૧૦મી આવૃત્તિ ઓપ્પો ટાઈમ્સ ફ્રેશ ફેસ ૨૦૧૭ રજૂ કરી છે. ભારતનીસૌથી વિશાળ આંતરકોલેજ પ્રતિભા તલાશ સ્પર્ધાએ તેના ઓડિશન્સનો પ્રથમ રાઉન્ડ અમદાવાદમાં ૯મીથી ૧૯મી ઓગસ્ટ વચ્ચે યોજવાની જાહેરાત કરી છે. સહભાગીઓ જ્યુરી સામે પોતાની પ્રતિભા બતાવીને ઓડિશન આપી શકે છે. આ આવૃત્તિ માટેની થીમ વ્હોટ ઈઝ યોર ફ્રેશ ફેક્ટર છેસ્પર્ધા અમદાવાદ શહેરમાં ૧૨ દિવસમાં ૧૬ સ્થળે હાથ ધરાશે, જ્યાં કોલેજિયનો પોતાની પ્રતિભા બતાવી શકશે.સહભાગીઓ એચએ કોલેજ ઓફ કોમર્સ, એલજે ઈન્સ્ટિટ્યૂટ,ન્યૂ એલજે કોમર્સ કોલેજ, શાંતિ બિઝનેસ સ્કૂલ, સોમ- લલિત, સીયુ શાહ કોલેજ, એલ.ડી. આર્ટસ કોલેજ, પીડીપીયુ, કર્ણાવતી યુનિવર્સિટી, એનઆઈએફટી, સેન્ટ કબીર ઈન્સ્ટિટ્યૂટ ઓફ પ્રોફેશનલ સ્ટડીઝ, એચએલ કોલેજ ઓફ કોમર્સ, એસએમ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમર્સ ખાતે ઓડિશન આપી શકે છે. ગુલમોહર પાર્ક મોલમાં ઓપન ઓડિશન રખાયું છે. પસંદગી પામેલા ઉમેદવારો સેમી ફાઈનલ્સ માટે પાત્ર બનશે. ફાઈનલિસ્ટોની સેમી ફાઈનલ્સ પછી પસંદગી થશે, જેઓ પછી સિટી ફિનાલેમાં પરફોર્મ કરશે સિટીના વિજેતાઓ ગ્રાન્ડ ફિનાલેમાં રાષ્ટ્રીય સ્પરે સ્પર્ધા કરસે, જે મુંબઈમાં આયોજિત કરાશે. બે રાષ્ટ્રીય વિજેતાઓને ઓપ્પો એફ૩ સેલ્ફી એક્સપર્ટ ડ્યુઅલ સેલ્ફી કેમેરા ફોન અને આંતરરાષ્ટ્રીય સહેલગાહ ઈનામમાં મળશે.અમદાવાદ ઓડિશન્સ માટે વિગતવાર સમયપત્રક નીચે મુજબ છે:

અનુક્રમે કોલેજનું નામ તારીખ સમય૧ એચએ કોલેજ ઓફ કોમર્સ ૯ ઓગસ્ટ બપોરે ૧.૦૦૨ એલ જે ઈન્સ્ટિટ્યૂટ ૧૦ ઓગસ્ટ સવારે૧૧:૦૦૩ ન્યૂ એલજે કોમર્સ કોલેજ ૧૦ ઓગસ્ટ સવારે ૧૧.૩૦૪ શાંતિ બિઝનેસ સ્કૂલ ૧૦ ઓગસ્ટ સાંજે ૪.૦૦

૫ સોમ- લલિત ૧૧ ઓગસ્ટ સવારે ૧૧.૩૦
૬ સીયુ શાહ કોલેજ ૧૨ ઓગસ્ટ સવારે ૮.૩૦
૭ એલ. ડી. આર્ટસ કોલેજ ૧૨ ઓગસ્ટ બપોરે ૧૨.૩૦
૮ પીડીપીયુ ૧૬ ઓગસ્ટ સાંજે ૪
૯ કર્ણાવતી યુનિવર્સિટી ૧૭ ઓગસ્ટ બપોરે ૩.૦૦
૧૦ એનઆઈએફટી ૧૭ ઓગસ્ટ સાંજે ૫.૩૦
૧૧ સેન્ટ કબીર ઈન્સ્ટિટ્યૂટ ઓફ પ્રોફેશનલ સ્ટડીઝ ૧૮ ઓગસ્ટ સવારે ૧૦.૩૦
૧૨ એચ એલ કોલેજ ઓફ કોમર્સ ૧૮ ઓગસ્ટ બપોરે ૩.૩૦
૧૩ એસ મ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમર્સ ૧૯ ઓગસ્ટ સવારે ૧૦.૩૦

૧૪ ઓપન ઓડિશન (ગુલમોહર પાર્ક મોલ) ૧૯ ઓગસ્ટ સાંજે ૫:૦૦ ઓપ્પો ટાઈમ્સ ફ્રેશ ફેસ વ્યાપક ટેલેન્ટ- પૂલ બન્યું છે, જેમાં દર વર્ષે વિદ્યાર્થીઓ વ્હોટ ઈઝ યોર ફ્રેશ ફેક્ટર?ની આ આવૃત્તિની થીમનું પાલન કરીને અમુક અપવાદાત્મક કુશળતા પ્રદર્શિત કરવાની અપેક્ષા છે. ભાગ લેવા માટે નોંધણી કરાવાu www.times-freshface.com અમારા ફેસબુક પેજ પર સ્પર્ધા વિશે અમારી જોડે વાત કરો - TimesFreshFace ફેસબુક ઈન્સ્ટાગ્રામ ટ્વિટર અમારી સાથે કનેક્ટ થાઓ.

# સ્વાસ્થય માટે બટરનો હેલ્ધી વિકલ્પ ટેબલ સ્પ્રેડ

અર્બન ઈન્ડિયામાં જટીલ સમસ્યા જોવા મળી રહી છે. શોર્ટ ડેડલાઈનસ, લાંબા સમયની ફલાઈટ, લેટ નાઈટસ, વહેલી સવાર , વારંવાર બહાર ખાવુ , ભાગ્યેજ લેવાતો બેલેન્સ ડાયટ ની જીવન શૈલી સ્વાસ્થય પર ખરાબ અસર કરે છે. મોટાભાગના લોકો સ્વાસ્થયવર્ધક ભોજન અને એકસરસાઈઝ સામે સમયના અભાવહોવાનો બચાવ કરે રે.

નેશનલ ફેમેલી હેલ્થ સર્વેના જણાવ્યા મુજબ ભારતમાં છેલ્લા દસકામાં સ્થુળ લોકોની સંખ્યા બમણી થઇ ગઇ છે. મોટી સંખ્યામાં લોકો હાઇ બોડી માસ ઈન્ડેકસ ધરાવે છે . જેનાથી હાર્ટ ને લગતા પ્રશ્નો, હાઈ બીપી, ટાઈપ ૨ ડાયાબીટીસ અને કેટલાક પ્રકારના કેન્સર થવાની શકયતા વધી જાય છે. કાર્ડીયોલોજીસ્ટ ની અપોઈન્ટમેન્ટમાં ૪૦%નો વધારો થયો છે જેમાથી મોટે ભાગે ૨૫ થી ૩૫ વર્ષની વયજુથના લોકો હોય છે. ભોજનમાં થોડા ઘણા ફેરફાર કરીને તમારા ભોજનને હેલ્ધી બનાવી શકાય જેમ કે બટર ના બદલે સ્વાસ્થયવર્ધક ટેબલ સ્પ્રેડ વાપરી શકાય જે વધુ સારો વિકલ્પ છે . આવા ટેબલ સ્પ્રેડમાં ૦% કોલેસ્ટેરોલ હોય છે સેચ્યુરેટેડ ફેટ અને ટ્રાન્સ ફેટ ઝીરો હોય છે પણ હોય છે પણ હેલ્ધી ફેટ ઉચ્ચ પ્રમાણમાં હોય છે. તે બેડ કોલેસ્ટેરોલ લો ડેન્સીટી લીપોપ્રોટીન (LDL ) ઘટાડે છે અને હાઈ ડેન્સીટી લીપોપ્રોટીન (HDL) સારો કોલેસ્ટોરોલ વધારે છે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# વીઆઈપી બેગ્સ, કાર્લટન, સ્કાઈબેગ્સ અને કપરીસી ઉત્પાદનોની એક વિશાળ રેન્જ પર ૫૦ ટકા સુધી છૂટ મેળવો




વીઆઈપી ઈન્ડસ્ટ્રીઝ લિ., ભારતની અગ્રણી લગેજ બ્રાન્ડે પોતાના એન્ડ ઓફ સીઝન સેલનેરોમાંચક ઓફર્સ સાથે રજૂ કર્યો છે. આ ઓફર્સ દરેક મુખ્ય બ્રાન્ડ પર સામેલ છે જેમાં વીઆઈપી બેગ્સ, કાર્લટન,સ્કાઈબેગ્સ અને કપરીસી સામેલ છે. આ સેલમાં આકર્ષક ઉત્પાદન ઉપલબ્ધ છે જેમ કે બિઝનેસ સૈચેલ્સ, ડફલ,સ્ટ્રૉલીઝ, મહિલાઓના સુંદર હેન્ડબેગ્સ અને વૉલેટ્સ પર ભારે છૂટની રજૂઆત કરવામાં આવી છે. વીઆઈપીઈન્ડસ્ટ્રીઝ પોતાના દરેક બ્રાન્ડ્સ પર ૫૦ ટકા સુધી છૂટ આપી રહ્યું છે.એક અલગ અંદાજ અને આજના સમયની પસંદ અનુસાર સ્કાઈબેગ્સ અનેક રંગોમાં હલકા વજન અને ટકાઉ બેગ સંગ્રહને રજૂ કરે છે. આકર્ષક હૈશટૈગ સંગ્રહને ફિક્સ્ડ લૉક અને એક તરફ બોટલ હોલ્ડરની સાથે રજૂ કરવામાં આવી છે. સ્ટનર સ્ટ્રૉલી કલેક્શન જેમાં ગલુાબી, વાદળી રંગોમાં ઉપલબ્ધ બોડી રંગના સમાન જ અન્ય હાર્ડવેર સામેલ છે.કપરીસી મહિલાઓમાં ખૂબ જ લોકપ્રિય હાઈફેશન એસેસરીઝ બ્રાન્ડ છે જેમાં આકર્ષક સેચેલ્સ, ટોટ, સ્લિંગ્સ, હોબોસ,બેકપેક્સ અને વૉલેટ્સ સામેલ છે. જલ્દી કરો, તમારી સર્વશ્રેષ્ઠ યાત્રાના હમસફરને ચૂટો, દરેક વીઆઈપી આઉટલેટ્સ અને પ્રમુખ લગેજ સ્ટોર્સ પરઉપલબ્ધ.

*સિંગાપુરમાં ભારતીય ફોટોગ્રાફર્સની ધમાલ*

# રીજનલ વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી કમ્પીટિશનમાં કર્યુ ભારતનું પ્રતિનિધિત્વ વિજેતા નક્કી કરવા માટે જનતાનું વૉટિંગ શરૂ

ભારતીય ફોટોગ્રાફર તપન દીપક કુમાર શેઠને વાઈલ્ડલાઈફ રિઝર્વ્સ સિંગાપુર દ્વારા આયોજિતવાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી કમ્પીટિશન 'થ્રૂ ધ લેન્સ'માં ભારત તરફથી વિજેતા ઘોષિત કરવામાં આવ્યા છે. પ્રતિસ્પર્ધાનું આયોજન વાઈલ્ડલાઈફ રિઝર્વ્સ સિંગાપુરે કુંજુમ (ક્ર્ર્રંઢેર) ની સાથે મળીને કર્યુ હતું. આનો હેતુ વ્યક્તિઓ, વન્યજીવો અને પ્રકૃત્તિ વચ્ચેના સંબંધને કેમેરામાં કેદ કરવાનો હતો. ક્ષેત્રીય ફાઈનલ મુકાબલો સિંગાપુરમાં વીકેન્ડ પરઆયોજિત કરવામાં આવ્યો. આમાં તપન શેઠે ચીન, ઈન્ડોનેશિયા, મલેશિયા અને ફિલીપીન્સના રાષ્ટ્રીય વિજેતાઓનેહરાવીને ક્ષેત્રીય વિજેતા બનવાની સંભાવના મજબૂત કરી લીધી.હવે ફેસબુક દ્વારા પબ્લિક વોટિંગ શરૂ થઈ ગયું છે. આમાં ક્ષેત્રીય મુકાબલાના ફાઈનલમા પહોંચનારા વિજેતાઓ (ફાઈનલિસ્ટ)ની વચ્ચે મુકાબલો થશે. આમાંથી કોઈ એક ફાઈનલ વિજેતા ચૂંટવામાં આવશે.

તપન શેઠે સિંગાપુર ઝૂ, નાઈટ સફારી, રિવર સફાઈ અને જુરોંગ બર્ડ પાર્કમાં પોતાના કેમેરામાં શ્રેષ્ઠ દૃશ્ય કેદ કર્યા.તેમણે રંગ બદલતા ચામાચીડિયાના પણ શ્રેષ્ઠ ફોટો ખેંચ્યા. હવે તમે વાઈલ્ડ રીઝર્વ્સ સિંગાપુરના ફેસબુક પેજ પરજઈને આપણા ભારતીય પ્રતિસ્પર્ધીને વોટ આપીને વિજેતા બનાવી શકો છો. થ્રૂ ધ લેન્સ પ્રતિસ્પર્ધા કે વોટિંગથી જોડાયેલી વધુ જાણકારી માટે રૅંજ://www.facebook. com / wrs. sg/ પર જાઓ.પબ્લિક વોટિંગ ૧૬ ઓગસ્ટ સુધી ચાલુ રહેશે.

# બિગ બાઝારની 'પાંચ દિવસીય મહાબચત' ૧૨થી ૧૬ ઓગસ્ટ સુધી

**રૂ. ૨૦૦૦ની ખરીદી કરો અને એચડીએફસી બેન્ક ક્રેડિટ એન્ડ ડેબિટ કાર્ડ પર ૭ ટકા ડિસ્કાઉન્ટ તથા ફ્યુચર પે વોલેટ્સ પર રૂ. ૫૦૦ વળતર મેળવો**

વર્ષનો ફરી એ સમય આવી ગયો છે જેમાં તળિયાના ભાવો, મેગા ડિસ્કાઉન્ટ અને સૌથી વધુ બચતની તક રહેલી છે!ભારતમાં જેની સૌથી વધુ રાહ જોવાય છે એ દિવસો - બિગ બાઝારના '૫ દિવસ મહાબચત'નું ફરી આગમન થયું છે. મેગા ડિસ્કાઉન્ટઅને વેચાણ સાથે આઝાદી દિનની ઉજવણી મહાબચત સાથે કરતા બિગ બાઝાર સ્ટોર્સ ભારતમાં મેગા બાર્ગેન અને મેગા વેલ્યુ તમામકેટેગરીઝમાં ૧૨થી ૧૬ ઓગસ્ટ, ૨૦૧૭ સુધી 'પાંચ દિવસીય મહાબચત'માં આપશે.અમે વર્ષ ૨૦૦૬ના આઝાદી દિવસથી શરૂઆત કરી છે અને હવે આ ગ્રાહકો માટે સૌથી વધુ રાહ જોવાય છે એવો વાર્ષિક શોપિંગફેસ્ટિવલ બની ગયો છે. તેઓ આકર્ષક કિંમતોમાં કેટેગરીઝની વિશાળ રેન્જમાંથી ઉત્તમ પ્રોડક્ટ્સ પ્રાપ્ત કરી શકે છે. બિગ બાઝાર સ્ટોર્સમહાબચતના પાંચ દિવસોમાં સવારે ૯ વાગ્યે ખુલી જશે. ઈલેક્ટ્રોનિક્સથી લઈને હાઉસહોલ્ડ આઈટેમ્સ, ફૂડ અને ગ્રોસરી આઈટેમ્સથીલઈને ફેશનેબલ વસ્ત્રો, કિચનવેરથી લઈને હોમ ડેકોર સુધી બિગ બાઝારની પાંચ દિવસીય મહાબચત ગ્રાહકોને વધુમાં વધુ બચત અકલ્પનીય ઓફર્સ અને ડિસ્કાઉન્ટ સાથે ઓફર કરશેું, 'બિગ બાઝારની મહાબચત એ વાતનો પુરાવો છે કે અમે અમારા ગ્રાહકોનેસૌથી વધુ બચત અને મૂલ્ય આપવાની અમારી માન્યતા યથાર્થ ઠરે છે. આ પાંચ દિવસોમાં બિગ બાઝાર ખાતે શોપિંગમાં સૌથી વધુબચતની તકો મળશે અને અમે ગ્રાહકો માટે વધુ સફળ શોપિંગ બોનાન્ઝા માટે આતુર છીએ.'તો, તમે તૈયાર છો બિગ બાઝારની 'પાંચ દિવસીય મહાબચત' માટે? તમારા નજીકના બિગ બાઝારના સ્ટોરમાં પહોંચી જાઓ અને વધુ રોમાંચક ડિસ્કાઉન્ટ અને અદભૂત ઓફર્સ મેળવો.

# જિયોનીનો ગેમ ચેન્જર - એ૧ લાઈટ, ૪૦૦૦ એમએએચ પાવર પેક્ડ ફોન હવે ૨૦ એમપી સેલ્ફી કેમેરા સાથે અકલ્પનીય કિંમત રૂ. ૧૪૦૦૦માં ઉપલબ્ધ

સ્માર્ટફોન મેન્યુફેક્ચેરર જિયોની ઈન્ડિયા કે જે સતત ભારતના ગ્રાહકોની પસંદગી સુપ્રીમ સેલ્ફી અને બેટરી કોમ્પીટન્સીસ તેના ડિવાઈસમાં ઉમેરીને બદલે છે તેણે તેની સૌથી અલગ એ૧ સિરીઝમાં એ૧ લાઈટ ફોનની રજૂઆત કરી છે. વિશિષ્ટતાઓથી ભરપૂર, એ૧ લાઈટમાં પ્રોફેશનલ સેલ્ફી કેમેરા છે, ૪૦૦૦ એમએએચ બેટરી અને લાઈટનીંગ ફાસ્ટ ફિંગરપ્રિન્ટ સેન્સર ધરાવે છે. આ ડિવાઈસ ભારતમાં તમામ રિટેલ સ્ટોર્સમાં ખિસ્સાને પરવડે એવી કિંમત રૂ. ૧૪૯૯૯માં ૧૦ ઓગસ્ટ, ૨૦૧૭થી ઉપલબ્ધ છે.૨૦ એમપી સેલ્ફી કેમેરા સાથે, એ૧ લાઈટમાં ૪૦૦૦ એમએએચ બેટરી છે જે સ્લીક ૫.૩ ઈંચના બોડીમાં સામેલ છે, જેના કારણે ફોન એકદમ હળવો રહે છે અને છતાં બેટરી સમગ્ર દિવસ દરમિયાન ઉપયોગી બને છે. એ૧ સિરીઝના આ નવા ફોનમાં ગોરિલા ગ્લાસનું કવચ છે જે તેની મેટાલિક ડિઝાઈનને વધુ સુરક્ષિત બનાવે છે. આજની મલ્ટીટાસ્કીંગ જનરેશન માટે, એ૧ લાઈટ સ્પ્લીટ સ્ક્રીન આપે છે જે યુઝર અનુભવ વધારે છે અને એક જ સમયે યુઝરને એકથી વધુ કામ કરવા સરળતા આપે છે. સ્ટાઈલ ક્વોશન્ટ વધારવા માટે આ ફોન સોફિસ્ટિકેટેડ - ગોલ્ડ અને બ્લેક રંગમાં ઉપલબ્ધ છે.'ભારત અમારામાટે મહત્ત્વનું માર્કેટ છે અને અમે ભારતના ગ્રાહકો માટે કસ્ટમાઈઝ્ડ પ્રોડક્ટ લાવવા માટે પુરતું લક્ષ આપીએ છીએ.

એ૧ લાઈટની રજૂઆત સાથે, જિયોનીએ એરટેલ અને પેટીએમ સાથે સહયોગ કર્યો છે જેની સાથે બે રોમાંચક ઓફર કરવામાં આવશે. નવા અને હાલના એરટેલ ગ્રાહકો કે જેઓ એ૧ લાઈટ ખરીદશે તેમને ૧ જીબી કે તેથી વધુના કોઈપણ ડેટા રિચાર્જ પર ૬ મહિના માટે પ્રતિ માસ ૧૦ જીબી ડેટા વધારાનો મળશે. આમ જિયોની એ૧ લાઈટની દરેક ખરીદી પર ૨ પેટીએમ કેશબેક વાઉચર્સ કોડ મળશે જે ગ્રાહકને પેટીએમ મોલમાં રૂ. ૩૫૦ની ઓછામાં ઓછી ખરીદી પર રૂ. ૨૫૦ કેશબેક આપશે.

# પેનાસોનિક પાવર પેક્ડ એલુગા A3અને A3 પ્રો લોન્ચ કર્યા



નવી દિલ્હી

નવી ટેકનોલોજી રજૂ કરવાની કટિબદ્ધતા પર ભાર આપતાં અને તેની સ્માર્ટફોન શ્રેણીમાં નાવીન્યતાને ગતિ આપતાં પેનાસોનિક ઈન્ડિયાએ આજે પાવર પેક્ડ એલુગા A3અને A3 પ્રો લોન્ચ કર્યો હતો અને એક્ઝિટ કરતા બ્રાન્ડ એમ્બેસેડર વરુણ ધવન ઉપરાંત બોલીવૂડની સેલિબ્રિટી તાપસી પન્નુને તેના સ્માર્ટફોન વેપાર માટે નવો ચહેરો તરીકે નિયુક્ત કરી છે. કંપનીએ તેની નવી એલુગા પ્રોડક્ટ સિરીઝ માચે તેની નવી બ્રાન્ડ કેમ્પેઈન 'સો મચ ટુ ડુ' પણ રજૂ કરી છે, જે ઉપભોક્તાઓને ઘણું બધું કરવાની સુવિધા આપે છે. પેનાસોનિક એલુગા A3 અને એલુગીA3 પ્રો એઆરબીઓથી સુસજ્જ છે, જે વર્ચ્યુઅલ સહાયકની કિંમત અનુક્રમે રૂ. ૧૧,૨૯૦ અને રૂ. ૧૨,૭૯૦ છે. નવી શ્રેણી પેનાસોનિકની સ્ટાઈલિશ નાવીન્યપૂર્ણ ડિઝાઈન અને બહેતર કેમેરા ફીચર્સ સાથે આવે છે, જે ગ્રાહકોને તેનો અનુભવ કરવા અને તે ઉપરાંત ઘણું બધું કરવાની તક આપે છે. સ્પ્લિટ- સ્ક્રીન ફીચર સાથે સંપૂર્ણ મેટલ બોડીના આ સ્માર્ટફોન્સમાં મજબૂત ૪૦૦૦ mAh બેટરી છે, જેને લીધે આખો દિવસ તેને ભરપૂર બેકઅપ આપે છે.

એલુગાA3અને A3પ્રો ૧૦મી ઓગસ્ટ, ૨૦૧૭થી દેશભરમાં બધા પેનાસોનિક બ્રાન્ડ શોપ્સમાં અને અન્ય રિટેઈલ આઉટલેટ્સમાં મળશે.

# દ્વારકાને તેની સૌ પ્રથમ મર્ક્યુરી મળી

*ગુજરાતના પવિત્ર નગરીમાં દ્વારકામાં સૌ પ્રથમ આંતરરાષ્ટ્રીય હોટેલ જૂથનો પ્રવેશ*



મર્ક્યુરી દ્વારકાના ઉદ્ઘાટન સાથે દ્વારકાના પવિત્ર શહેરમાં મર્ક્યુરીએ પ્રવેશ કર્યો છે. દ્વારકા ભારતના પ્રખ્યાત ચારધામમાંનુ ંએક અને સૌથી પૌરાણિક સાત ધાર્મિક શહેરોમાંનુ ંએક શહેર છે. આ હોટેલ ગુજરાતના દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જગતમંદિર તરીકે પ્રખ્યાત દ્વારકાધિશ મંદિરથી નજીક સ્થિત છે. હોટેલ રેલવેસ્ટેશનથી પાંચ મીનીટની ડ્રાઈવ અને પોરબંદર હવાઈમથકથી એક ક્લાકની ડ્રાઈવ તથા જામનગર હવાઈમથકથી બેક્લાકથી થોડા વધુ સમયનાઅંતરે સ્થતિ છે. આ હોટેલ નાગેશ્વરમંદિર, ગોપીતળાવ તિર્થધામ, રુકમણી દેવી મંદિર અને હનુમાન મંદિરની નજીક પણ છે. મર્ક્યુરી દ્વારકાના ઉદ્ઘાટન સાથે ગુજરાતમાં એકોર હોટેલ્સની ચોથી પ્રોપર્ટી છે. એક્સ્યુટ સહિત ખૂબજ સારી રીતે સુસજ્જ ૯૯ ગેસ્ટરૂમ્સ ધરાવતી હોટેલ ભગવાન કૃષ્ણની ધરતી પર આપને આધુનિક ઘર જેવો આરામ પૂરો પાડશે. પ્રત્યેક ગેસ્ટરૂમ સ્પેસિયસ ઈન્ટિરિયર્સ અને આધુનિક ડિઝાઈનથી સજ્જ છે. પ્રત્યેક રૂમ્સ હાઈસ્પીડ વાઈ-ફાઈ એક્સેસ અને ઈન-રૂમની સુવિધાઓથી સજ્જછે. હોટેલમા ંરોકાનાર ફિટનેસ પ્રત્યે જાગૃત મહેમાનો અત્યાધુનિક ફિટનેસ સેન્ટરમાં વર્ક-આઉટની મજા માણી શકે છે. સ્થાનિક સંસ્કૃતિને ગ્રાહકોના જીવનમાં ંલઈ આવવા પ્રત્યેક રૂમ્સને ભગવાન કૃષ્ણની ફ્રેમ્સથી સજાવવામાં આવ્યા છે, જે મહેમાનોને શહેરની દિવ્યતા સાથે સાંકળે છે.

# આદિત્ય બિરલા હેલ્થ ઈન્સ્યોરન્સએ ગુજરાતમાં પ્રવેશ કરીને પશ્ચિમ ભારતમાં કામગીરી મજબૂત કરી



અમદાવાદ

આદિત્ય બિરલા ફાઈનાન્સિયલ સર્વિસીસ ગ્રૂપ લિમિટેડની હેલ્થ વીમાકંપની આદિત્ય બિરલાહેલ્થ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ (એબીએચઆઈસીએલ)એ આજે ગુજરાતમાં અમદાવાદમાં તેની ફૂલ-સર્વિસ બ્રાન્ચનુંઉદ્ઘાટન કરીને રાજ્યમાં કામગીરી શરૂ કરવાની જાહેરાત કરી હતી. એબીએચઆઈસીએલ સંભવિત ગ્રાહકો સુધી પહોંચવા તેની નવી શાખાનો ઉપયોગ કરશે અને આરોગ્યની પ્રતિકૂળ સ્થિતિદરમિયાન નાણાકીય સંરક્ષણમાં વૃદ્ધિ સાથે તેમને સક્ષમ બનાવશે. ઉપરાંત કંપની તેનાં સંપૂર્ણ હેલ્થ વીમા સોલ્યુશન્સ મારફતેસ્વસ્થ જીવનને પ્રોત્સાહન આપવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.એબીએચઆઈસીએલએ વિશિષ્ટ એંગેજિંગ માળખું સ્વીકાર્યું છે, જે વ્યક્તિઓને સ્વસ્થ રહેવા સંલગ્ન વેલનેસ પ્રોગ્રામ સાથેહેલ્થ વીમાને આવરી લેતાં સંપૂર્ણ સોલ્યુશન માટે સક્ષમ બનાવશે. કંપની તેનાં ગ્રાહકોનાં સ્વાસ્થ્ય પર સતત નજર રાખશે અનેવાર્ષિક કુલ પ્રીમિયમનાં ૩૦ ટકા સુધી રિવોર્ડ આપશે, જે નો ક્લેઈમ માટે ઊંચી વીમાકૃત રકમનાં અન્ય બોનસ પાસાંથી વધારે હશે. "ગુજરાત રાજ્યમાં જાગૃતિ વધવાની સાથે હેલ્થ વીમાની વધતી માગથી અમને અમારાં પ્રાથમિકતાધરાવતાં બજારોની યાદીમાં રાજ્યને સામેલ કરવાની પ્રેરણા મળી છે.

આ વિસ્તરણ યોજના સમગ્ર દેશમાં મહત્તમ ગ્રાહકોને સેવાઆપવાની અમારી વ્યાવસાયિક વ્યૂહરચનાને સુસંગત છે અને તેમને કસ્ટમાઈઝ હેલ્થ વીમા સોલ્યુશન્સ ઓફર કરે છે. અમનેખાતરી છે કે ગુજરાતનાં લોકોને અમારી વિવિધ પ્રોડક્ટમાંથી લાભ મળશે અને અમારાં ઉત્પાદનોમાં સંલગ્ન મુખ્ય ઘટક સ્વસ્થ જીવનશૈલી જીવવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે."

# સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા અમદાવાદ ખાતે ડિસેમ્બર માસમાં આંતરરાષ્ટ્રીય વેપાર મેળો યોજાશે

**૩૦ દેશોમાંથી ૩૦૦ થી વધુ વિદેશી બિઝનેસમેન અને ૧૦૦૦ કરતા વધુ બિનનિવાસી ગુજરાતીઓ ભાગ લેશે**

અમદાવાદ

ગુજરાતની વરિષ્ઠ સંસ્થાઓ સઘન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, ગાહેડ- ક્રેડાઈ, ગુજરાત સ્ટેટ પ્લાસ્ટિક મેન્યુફેક્ચર્સ એસોસિયેશન, ઈન્ડિયન ડ્રગ્સ મેન્યુફેક્ચર્સ એસોસિએશન, વિશ્વ ગુજરાતી સમાજ, તેરાપંથી પ્રોફેશનલ ફોરમ સહિત અનેક સંગઠનો આ કાર્યમાં સહયોગી સંગઠનો તરીકે જોડાયેલા છે. સંસ્થાના જણાવ્યા મુજબ હાલ સુધીમાં ટ્રેન્ડ એવો રહ્યો છે કે આપણા ઉદ્યોગપતિઓ પોતાના માલની નિકાસ કરવા માટે સતત વિદેશ પ્રવાસ કરે છે. વર્ષભર જુદા જુદા દેશમાં જઈ ત્યાં અથાગ માર્કેટિંગ કરવાના પ્રયત્નો થાય છે. ત્યાંના લોકોના નિયમો અને શરતોને આધીન થઈ ક્યારેક લાંબી ઉધારી અને ખોટ પણ સહન કરે છે,

પરંતુ જ્યારે સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા છેલ્લા ૩ વર્ષથી સૌરાષ્ટ્રની બ્રાંડ નાના ઉદ્યોગો માટે "સોર્સિંગ ડેસ્ટીનેશન" તરીકે પ્રસ્થાપિત કરવામાં આવી છે. ત્યારે લોકોમાં સૌરાષ્ટ્ર- કચ્છના ઉદ્યોગો અંગે જાણકારી અને વિશ્વનિયતા વધી છે. વિદેશી ઉદ્યોગકારો- સૌરાષ્ટ્રમાં પોતે અહીં આવી અહીના ઉદ્યોગકારોના નિયમ અને શરતોને આધીન થઈ માલ લઈ જાય તે નવા યુગનો આરંભ શરૂ થઈ ગયો છે, ચીનમાં ઉદ્યોગકારો જે રીતે વરસના એક ભાગમાં ટ્રેડ શોના આયોજન કરી વર્ષભરના ઓર્ડર એક સાથે લઈ માત્ર ઉત્પાદન કરવામાં ધ્યાન આપે છે. તે રીતે સૌરાષ્ટ્ર કચ્છમાં પણ ટ્રેન્ડ શરૂ થયો છે. તેને વધુ લોકો સુધી જવા માટે આયોજન છે.

# ચાલુ સરકારી બાંધકામમાં GST 4% નો બોજો હળવો કરવા માંગ

ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસીયેશનના ચેરમેન અરવિંદ પટેલે જણાવેલ છે કે, બાંધકામના સરકારી કામોમાં GST tના દર ૧૮ ટકાથી ઘટાડીને ૧૨ ટકા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો તે બદલ અમે સરકારશ્રીનો આભાર માનીએ છે.પ્રગતીમાં હોય તેવા રોડ પ્રોજેક્ટના કામોમાં ૪ ટકા જેટલો વધારાનો નાણાકીય બોજો ઘટાડવાની જરૂર છે.તેમજ બાકી પડતર પ્રશ્નો અંગે એસોસીયેશનની મીટીંગ તાકીદે બોલીવી ચર્ચા વિચારણા કરવામાં આવશે.ત્યારબાદ સરકારશ્રીમાં રજૂઆત કરવામાં આવશે.અમોને આશા છે કે, આ પ્રશ્નોનો નિકાલ સરકાર સાથેની વાટાઘાટોથી આવી જશે.અમો આશા રાખીએ છીએ કે, હડતાલ જેવા ઉગ્ર પગલા ભરવાની જરૂર પડશે નહી.ગુજરાતના કોન્ટ્રાક્ટરોની મજબુત એકતા અને એસોસીયેશનના સફળ પ્રયત્નોથી આવું પરિણામ મેળવી શકાયું છે.તેમજ ભવિષ્યમાં પણ મેળવી શકાશે.

# નેશનલ જ્યોગ્રાફિક પર ઈન્ડિયન નેવલ એકેડેમી પરનો ખાસ કાર્યક્રમ ઈનસાઈડ આઈએનએ



સશસ્ત્ર દળો સાથે ખાસ પહોંચની વારતાઓનો વારસો ચાલુ રાખતાં આ આઝાદી દિવસે નેશનલ જ્યોગ્રાફિક દર્શકોને એશિયામાં સૌથી વિશાળ નેવલ એકેડેમીની ભીતર ડોકિયું કરાવશે.ઈનસાઈડ આઈએનએ નામે કાર્યક્રમ એક કલાકનો છે,જેમાં ભારતીય નૌકા દળમાં સ્ત્રીઓ અને પુરુષોને કઈ રીતે તાલીમ અપાય છે,રાષ્ટ્રની સેવા આપતા ભાવિ નેવલ હીરોમાં તેમને કઈ રીતે ઘડવામાં આવે છે તેની પર રોમાંચક અને અચૂક બ્રેક-ફ્રી માહિતી આપે છે. દરેક ઉમેદવારને સઘન માનસિક અને શારીરિક તાલીમ હેઠળથી પસાર કરવામાં આવે છે,જેથી તેઓ સમુદ્રના પડકારોને ઝીલી શકે.આ બાબતોમાં ઊંડાણથી ડોકિયું બહાદુરી અને દેશભકિતને પ્રેરિત કરે છે.કૃતિઓ,ભાવનાઓ અને ત્યાગનું આ ઉત્તમ સંમિશ્રણ આઝાદી દિવસ મનાવવાની અને આપણા રાષ્ટ્રના વીરોને સલામ કરવાની અનુકૂળ રીત છે.ઈનસાઈડ આઈએનએ એવી વારતાઓ,વિચારો અને લોકોને પ્રદર્શિત કરે છે જે આપણને જોશ અને ધગશ થકી વધુ આગળ લઈ જાય છે.આ કેડેટ્સ અને નૌકા દળના અધિકારીઓની ભાવિ પેઢી મનઃપૂર્વક ફરજોને કઈ રીતે અંગીકાર કરે છે તે જોવાનું બહુ જ હ્રદયસ્પર્શી છે. આ કાર્યક્રમ ૧૫,ઓગસ્ટ,મંગળવારે રાત્રે ૯: કલાકે નેશનલ જ્યોગ્રાફિક પર દર્શાવશે.

# લે મેરિડિયન દ્વારા કેલાંગૂટ, ગોવામાં પોતાની નવીનતમ હોટલનું ઉદ્ઘાટન



લે મેરિડિયન હોટલ એન્ડ રિસોર્ટ્સ દ્વારા ગોવાના કેલાંગૂટમાં લે-મેરિડિયનની શરૂઆત કરવાની ઘોષમા કરવામાં આવી છે, પેરિસની આ બ્રાન્ડે ભારતમાં પોતાની આ ૧૦મી સંપત્તિ સાથે ભારતમાં પોતાનીઉપસ્થિતિને વધુ મજબૂત બનાવી છે. વિકસતા જતા કેલાંગૂટ – કેન્ડોલીમ રોડ સ્થિત લે મેરિડિયન, ગોવા ઉત્સાહી અને ક્રિએટીવ પ્રવાસીઓને ઉત્તર ગોવામાં પોતાની પ્રાઈવસી જાળવવાનો સુંદર અનુભવ પૂરો પાડશે. અનેકવિધઆર્ટ પ્રોગ્રામ્સ અને બેસ્ટ ફૂડ દ્વારા હોટેલ શ્રેષ્ઠ અનુભવ પૂરો પાડે છેનોર્ટન પરેરા, જનરલ મેનેજર, જણાવે છે કે, અમે કેલાંગૂટ, ગોવામાં અમારી નવીનતમ હોટેલનું અનાવરણ થવાથીખૂબ જ રોમાંચિત છીએ. લે મેરિડિયન 'અનલોક્ડ ડેસ્ટિનેશન' ગોવાનું શ્રીષ્ઠ કલ્ચર, રાંધણકળા, સંગીત પીરસવાનું લોકોને વચન આપે છે.

# અમદાવાદમાં ૧૬મી નેશનલ યુસીમાસ અબેકસ અને મેન્ટલ એરિથમેટિક સ્પર્ધા યોજાશે

*દેશભરમાંથી ૭,૦૦૦ અને ગુજરાતમાંથી ૩૦૦૦ વિદ્યાર્થી સામેલ થશે*




અમદાવાદ

ભારતમા અબેકસ આધારિત એરિથમેટિક પ્રોગ્રામ રજૂ કરનાર યુસીમાસ (CMAS) દ્વારા અમદાવાદમાં ટ્રાન્સસ્ટેડિયા સંકુલ ખાતે તા. ૧૯ અને ૨૦ ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ ૧૬મી નેશનલ યુસીમાસ અબાકસ અને મેન્ટલ એરિથમેટિક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ગણિત અસાધારણ મહારથીપણુ ધરાવતા ( ૪થી ૧૩ વર્ષની ઉંમરના ) વિદ્યાર્થીઓ માટેની આ સ્પર્ધા ગુજરાતમાં સૌ પ્રથમ વખત યોજાઈ રહી છે, જેમાં ૭,૦૦૦થી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓ સામેલ થશે, જેમાં ગુજરાતના વિદ્યાર્થીઓની સંખ્યા આશરે ૩,૦૦૦ જેટલી હશે. રાષ્ટ્રિય સ્પર્ધાને સમાંતર ગુજરાત માટે પણ ૧૩મી રાજ્યસ્તરની યુસીમાસ અબાકસ અને મેન્ટલ એરિથમેટિક એજ સ્થળ અને તારીખના રોજ યોજાશે. લિમકા બુક ઓફ રેકર્ડઝ, એશિયા બુક ઓફ રેકર્ડઝ અને અને ઈન્ડીયા બુક ઓફ રેકર્ડઝના પ્રતિનિધિઓ દ્વારા આ મેગા ઈવેન્ટનું દસ્તાવેજીકરણ કરવામાં આવશે. મલેશિયામાં ૧૯૯૩માં પ્રારંભ કરાયો તે પછી, છેલ્લાં ૨૪ વર્ષમાં યુસીમાસ દ્વારા બ્રેઈનના બહેતર વિકાસ માટે સતત નવતર પ્રકારની ટેકનિક્સ વિકસાવવાનું ચાલુ રાખવામાં આવ્યું છે. યુસીમાસ ભારતમાં વર્ષ ૧૯૯૯થી ૨૫ રાજ્યોમાં ૨૦૦થી વધુ કેન્દ્રો મારફતે ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને તાલિમ આપ્યાની અનોખી સિધ્ધી ધરાવે છે. નેશનલ સ્પર્ધાની ૧૬મી એડીશનએ બાળકો માટે તેમની ગણિત અંગેની કુશળતા દર્શાવવાનું તથા જીવનમાં શરૂઆતના સમયમાં તંદુરસ્ત સ્પર્ધા ભાવના દર્શાવવાનું આદર્શ માધ્યમ બની રહેશે.

યુસીમાસ વિઝ્યુઅલ, ઓડીટરી કિનેસ્થેટિક્સ/ટિકટાઈલ- નામની ત્રણ લન'ગ સ્ટાઈલનો ઉપયોગ કરાય છે આ પ્રોગ્રામ મહદઅંશે માનવ શરીરરચનાના વિકાસમાં સહાયક બને છે, કારણ કે તે શરીરનાં ૫ +૫ અંગોના વિકાસમાં સહાયક બને છે. એટલે કે બરોળ, લીવર, હૃદય, ફેફસાં, અને કીડની અને તેના મારફતે અનુક્રમે હોજરી, ગોલ બ્લેડર, નાના આંતરડા, મોટા આંતરડા બ્લેડરના વિકાસમાં સહાયક બને છે. હકિકતમાં અમારા ઘણા વિદ્યાર્થીઓ આઈઆઈટી પ્રવેશ પરિક્ષા, સ્પર્ધાત્મક પરિક્ષાઓ અને સ્કૂલનાં બોર્ડઝની પરિક્ષાઓમાં ટોચનાં સ્થાન હાંસલ કરી શક્યા છે. યુસીમાસની તાલિમથી આત્મવિશ્વાસ વધે છે, ધ્યાન આપવાની તથા ધ્યાન કેન્દ્રિત કરવાની એકાગ્રતા વધે છે અને યાદશક્તિમાં વધારો થાય છે. પ્રત્યક્ષ જ્ઞાનના મહત્વને કારણે એકંદર શૈક્ષણિક ઉત્કૃષ્ટતામાં વધારો કરવામાં તે ઉપયોગી નિવડે છે. યુસીમાસ તાલિમથી આંકડાઓ પ્રત્યેના પ્રેમમાં વૃધ્ધિ થાય છે અને ગણિતનો ડર નીકળી જતાં એકેડેમિક અને પ્રવેશ પરિક્ષાઓમાં સફળતા હાંસલ થાય છે. "

મનોરંજનનો રસ થાળ લાવે છે
# સિને-સરિતા
ફિલ્મો અને ટીવી જગતના નવીનતમ નજરાણાં...

## જેક્લીનની ઓગષ્ટ માસમાં બે મોટી ફિલ્મો રજૂ કરાશે



સુપરહિરોની ફિલ્મ ફલાઈગ જાટ ફલોપ રહ્યા બાદ પણ જેક્લીન નિરાશ થઈ નથી. તેની પાસે હાલમાં ખુબ વધારે કામ છે. જેથી કોઈ ફિલ્મ અંગે વિચારવા તેની પાસે સમય નથી. ઓગષ્ટ મહિનામાં તેની બે મોટી ફિલ્મ રજૂ કરવામાં આવનાર છે. જેમાં ૧૬મી ઓગષ્ટના દિવસે ડેવિડ ધવનની ફિલ્મ જુડવા-૨ ફિલ્મનો સમાવેશ થાય છે. આ ફિલ્મ સલમાનની વિતેલા વર્ષોની ફિલ્મની રીમેક છે. જેમાં તે વરૂણ સાથે નજરે પડનાર છે. ઉપરાંત ૨૫મી ઓગષ્ટના દિવસે તેની જેન્ટલમેન ફિલ્મ રજૂ કરવામાં આવનાર છે. જેમાં સિદ્ધાર્થ તેની સાથે રહેશે. ત્યારબાદ નવમી નવેમ્બરે ડ્રાઈવ નામની ફિલ્મમાં તે દેખાશે. જેમાં સુશાંત તેની સાથે રહેશે. સલમાન સાથે કિકમાં કામ કર્યા બાદ તેની કેરિયર તેજીમાં આવી હતી. કિક બાદ સુપરસ્ટાર અને લોકપ્રિય અભિનેત્રીઓની યાદીમા સામેલ થયેલી ખુબસુરત જેક્લીને ખુલાસો કરતા કહ્યુ છે કે લિંક અપના અહેવાલ ખુબ ફની લાગે છે.**અનુસંધાન પાના નં.૬ ઉપર**



## જબ હેરી મેટ સેજલ




**નવી ફિલ્મ**

આ ફીલ્મના નિર્માતા ગૌરીખાન, દિગ્દર્શક ઈમ્તીયાઝ અલી, કલાકારોમાં શાહરૂખ ખાન, અનુષ્કા શર્મા, એવલીન શર્મા, શયાની ગુપ્તા. સંગીત : પ્રીતમ.

૪ ઓગષ્ટે રીલીઝ થયેલ આ ફિલ્મમાં ઈમ્તિયાઝ અલીની ફિલ્મ હોય અને શાહરૂખ અનુષ્કા જેવા મેગા સ્ટાર્સ કામ કરતા હોય ત્યારે દર્શકોમાં એક અલગ પ્રકારનું આકર્ષણ હોય એ સ્વાભાવિક છે. ખાસ કરીને જ્યારે ઈમ્તીયાઝની આ પહેલાંની ફિલમ નબળી બની હોય ત્યારે ઈમ્તીયાઝ આ ફિલ્મ માટે વધારે ચોકસાઈથી કામ કરશે તેવું અનુમાન બધાએ લગાવ્યુ ંહશે.

ફિલ્મની વાર્તા સેજલ (અનુષ્કા શર્મા)અને હેરી (શાહરૂખ ખાન)ની છે. સેજલ કે જે ફોરેન ફરવા જાય છે અને ત્યાં તેની એંગેજમેન્ટ રીંગખોવાઈ જાય છે ત્યારે ટુરીસ્ટ ગાઈડ હેરી તેની મદદ કરે છે અને ત્યારબાદ શું બને છે તે બેઝ ઉપરથી આ ફિલ્મ બનાવી છે. ફિલ્મનું પ્રમોશન ખાસ્સા સમયથી થઈ રહ્યું છે. તેના ટ્રેલરને લોંચ કરતાં પહેલાં નાના નાના ચાર ટ્રેલ્સ લોંચ કરવામાં આવ્યા હતા. આ ટ્રેલ્સે પણ લોકોમાં ઘણું આકર્ષણ જગાવ્યું હતું. જોકે ફિલમની વાર્તામાં કંઈ ખાસ નવું નથી પણ ઈમ્તીયાઝઅલીનો પ્લસ પોઈન્ટ એ છે કે નોર્મલ વાર્તાને પણ તે પોતાનો આગવો ટચ આપીને ફિલ્મને એક અલગ લેવલ ઉપર લઈ જાય છે. તો હવે જોવું રહ્યું કે ઈમ્તીયાઝ, શાહરૂખ અને અનુષ્કાની

## ડિસ્કો કીંગ અને સંગીતકાર બપ્પી લાહીરી

**ફિલ્મી સિતારા-કમલેશ કંસારા**

હિંદી ફિલ્મોમાં બપ્પી લાહેરીએ તાલ વાદ્ય યંત્રોના પ્રયોગની સાથે ફિલ્મી સંગીતમાં પશ્ચિમ સંગીતનું સંમિશ્રણ કરીને ડીસ્કો સંગીતની એક નવી શૈલીનો વિકાસ કરી દીધી. પોતાની આ નવી સંગીત શૈલીના પ્રયોગના કારણે શરૂઆતના સમયમાં બપ્પી લહેરીને ખુબ જ આલોચનાનો સામનો કરવો પડેલ પરંતુ પછી શ્રોતાઓએ એમના સંગીતને વખાણ્યું અને તેઓ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં ડિસ્કો કીંગના નામે ઓળખાવા લાગ્યા.



૨૭ નવે.૧૯૫૨ ના રોજ પશ્ચિમ બંગાળના કોલકત્તા શહેરમાં જન્મેલ બપ્પી લહેરીનું મુળ નામ આલોકેશ લાહીરી હતું. તેઓને બાળપણથી જ સંગીત પ્રત્યે રૂચિહતી. એમના પિતા અપરેશ લાહિરી બંગાળી ગાયક હતા અને માતા વનસરી લાહીરી સંગીતકાર અને ગાયિકા હતી. માતા પિતાને સંગીત પ્રત્યે રૂચિને જોતાં પુત્રે પણ એ જ રસ્તા પર ચાલવાને માટે પ્રેરીત થયા હતા.

તેઓ જ્યારે નાના હતા ત્યારથી જ સંગીતનાં સપનાં જોતાં હતાં કે તેઓ સંગીતમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરીને આંતર રાષ્ટ્રીય ખ્યાતિ મેળવી શકી. માત્ર ત્રણ વર્ષની ઉંમરે જ બપ્પી લહેરીએ તબલા વગાડવાની શિક્ષા પ્રાપ્ત કરવાની શરૂઆત કરી દીધી હતી. જેમાં વચ્ચે એમણે પોતાના માબાપ પાસેથી સંગીતની પ્રારંભિક શિક્ષા પણ મેળવીહતી.

એક સંગીતકારના રૂપમાં બપ્પી લહેરીએ પોતાની કેરીયરની શરૂઆત ૧૯૭૨ માં પ્રદર્શિત થયેલ બાંગ્લા ફિલ્મ દાદથી કરી પરંતુ તે સફળ ના થઈ.પોતાના સ્વપ્નોને સાકાર કરવાને માટે બપ્પી લહેરી મુંબઈ આવ્યા. હિંદી ફિલ્મ જગતમાં પોતાની ફિલ્મી કેરીયરની શરૂઆત ૧૯૭૩ માં પ્રદર્શિત થયેલી ફિલ્મ 'નન્હા શિકારી' થી સંગીત યાત્રા શરૂ કરી હતી પરંતુ દુર્ભાગ્યપૂર્ણ આ ફિલ્મ ફલોપ ગઈ હતી. 'બપ્પી લાહીરી' નું કીસ્મત ચમકયું. ફિલ્મ 'ઝખ્મી' થી ૧૯૭૫ માં પ્રદર્શિત થયેલ આ ફિલ્મમાં સુનીલ દત્ત, આશા પારેખ, રીનારોય અને રાકેશ રોશનની મુખ્ય ભૂમિકા વાળી આ ફિલ્મમાં 'આઓ તુમ્હેં ચાંદ પે લે જાયે.., અને જલતા હૈ જિયા મેરા ભીગી ભીગી રાતો મેં..' જેવા ગીતો રાતોરાત લોકપ્રિય બની ગયા અને એમાંય હોળી ગીતોમાં વિશેષ સ્થાન મેળવનાર એક ગીત.. 'જખ્મી દિલો કા બદલા ચુકાને..' આજે પણ લોકપ્રિય છે.

૧૯૭૬ માં પ્રદર્શિત ફિલ્મ 'ચલતે ચલતે' માં કિશોરકુમારે ગાયેલ ટાઈટલ ગીત 'ચલતે ચલતે મેરે યે ગીત યાદ રખના' આજેપણ શ્રોતાઓની વચ્ચે લોકપ્રિય છે. 'ઝખ્મી' અને ચલતે ચલતે ફિલ્મ પછી બપ્પી લહેરીએ એક ઉમદા સંગીતકાર તરીકેની ઓળખ હિંદી ફિલ્મ જગતમાં ઉભી કરી દીધી.

૧૯૮૨ ના વર્ષમાં પ્રદર્શિત ફિલ્મ 'નમક હલાલ' બપ્પી લહેરીની કેરીયરની મહત્વપુર્ણ ફિલ્મોમાંની એક હતી. જેના કર્ણપ્રિય ગીતો આજે પણ શ્રોતાઓના મને ડોલાવી દે છે.

૧૯૮૩ માં પ્રદર્શિત ફિલ્મ ડિસ્કો ડાન્સર' બપ્પી લહેરીની`કેરીયરની શ્રેષ્ઠ ફિલ્મ બની. બી. સુભાષના નિર્દેશનમાં મિથુન ચક્રવર્તીની મુખ્ય ભૂમિકાવાળી આ ફિલ્મમાં બપ્પી લહેરીએ સંગીતનો નવો અંદાજ પ્રેક્ષકો સમક્ષ રજુકર્યો. આ ફિલ્મમાં પોતાના પોતાના સંગીતબદ્ધ ગીતોની સફળતા બાદ તેઓ ડિસ્કો કીંગ તરીકે ફિલ્મ જગતમાં મશહુર થયા.

૧૯૮૪ માં બપ્પી લહેરીની સીને કેરીયરની એકવધુ સુપરહીટ ફિલ્મ 'શરાબી' પ્રદર્શિત થઈ. આ ફિલ્મમાં એમને ફરી એકવાર નમકહલાલ પછી પ્રકાશ મહેરા અને અમિતા બચ્ચન જેવા સુપરસ્ટાર સાથે કામ કરવાની તક મળી. ફિલ્મમાં પોતાના સંગીતબદ્ધ સુપરહીટ ગીત.. દેદે પ્યાર દે.., અને મંજીલે અપની જગહ હૈ.. જેવા લોકપ્રિય ગીતો આજે પણ શ્રોતાઓને દીવાના બનાવી દે છે. આ ફિલ્મ માટે બપ્પી લહેરીને કેરીયરમાં પ્રથમ વાર સર્વશ્રેષ્ઠ સંગીતકાર માટે ફિલ્મ ફેર એવોર્ડ આપીને સન્માન કર્યુ હતું.

નેવુંના દશકમાં બપ્પી લહેરીને કાંઈ ખાસ સફળતા નહોતી મળી પરંતુ ૧૯૯૩ ના વરસમાં પ્રદર્શિત ફિલ્મ 'આંખેઅને દલાલ' જેવી ફિલ્મોમાં હીટ સંગીત આપવા બદલ પાછા ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં આવ્યા પરંતુ ત્યારબાદ એક પણ ફિલ્મ વધુ સફળ થઈ નહોતી.

**કમલેશ કંસારા**




**ન્યુઝ સ્ટ્રીપ્સ**

★ખુબસુરત અદાકારાઓ પ્રીયંકા સિંહ અને સોનીયા શર્મા લોકપ્રિય સીરીયલ તેનાલી રામમાં મહારાજા કૃષ્ણદેવરાયની પત્નીઓ બની છે. કૃષ્ણદેવરાય સગીરાવસ્થામાં ચિન્નાદેવી સાથે વિવાહ કરે છે. ચિન્નાદેવી અત્યંત બુધ્ધિશાળી અને ચબરાક છે. તે તેના પતિ (માનવ ગોહીલ) ના મુડને બરાબર પારખી લે છે અને તે મુજબ તેમની સાથે વર્તે છે. એટલું જ નહીં તે મહારાજાને ઉતાવળા નિર્ણયો લેતાં પણ અટકાવે છે. જયારે પ્રીયંકા સિંહ કૃષ્ણદેવ રાયની બીજી પત્ની તિરૂમાલમ્બાનો રોલ કરી રહી છે. તે અત્યંત સ્વરૂપવાન છે પરંતુ ચિન્નાદેવી જેવી ચબરાક નથી. તેના રૂપ પાછળ ઘેલા બનેલા મહારાજ તેના મુડ પ્રમાણે વર્તે છે.

★ધારાવાહીક સાથિયા સાથ નિભાના માં સાડા સાત વર્ષ સુધી કામ કર્યા પછી મોહમ્મદ નઝીમ હમણાં થોડો નવરો પડયો છે. જો કે તે ઈચ્છતો હતો કે આ શો એક દશક પુરો કરે. અભિનેતાના કહેવા પ્રમાણે આ ધારાવાહીક ૨૦૧૦ માં શરૂ થઈ ત્યારથી હું તેમાં કામ કરી રહ્યો હતો. મેં પહેલાં તેમાં અહમ મોદીની અને પછી જગ્ગીની ભૂમિકાઓ ભજવી હતી. આ સીરીયલમાં આ વર્ષો દરમિયાન કેટલાય કલાકારો આવ્યા અને ગયા પણ મેં તેમાં આરંભથી અંત સુધી કામ કર્યું. મારા માટે આ શોના કલાકાર, કસબીઓ પરીવારજનો જેવા બની ગયા હતા. આ વર્ષો દરમિયાન મને મારી અભિનય કળા અજમાવવાની તક પણ મળી હતી. જોકે હવે નઝીમને કૌટુંબિક ધારાવાહીકમાં કામ નથી કરવું. વર્ષ ૨૦૦૯ માં પૃથ્વીરાજ ચૌહાણથી અભિનય કારકીર્દી શરૂ કરનાર આ કલાકાર કહે છે કે મારો શારીરિક બાંધો સુદ્રઢ છે. તેથી હવે મને એકશન શોમાં કામ કરવું છે. ચાહે તે ઐતિહાસિક હોય કે પૌરાણિક.

★ છેલ્લા એક દાયકામાં ત્રણ લોકપ્રિય ધારાવાહીક અને બે ફિલ્મોમાં કામ કર્યા પછી અભિનેતા શરદ મલ્હોત્રાને દિગ્દર્શન કરવાની ચાનક ચડી છે. તેણે કહ્યું હતુ કે, ૧૦ વર્ષ સુધી અભિનય કર્યા પછી હું મારી સર્જનાત્મકતા દિગ્દર્શન તરફ વાળવા માગું છું. મુંબઈમાં બનેલી કેટલીક ઘટનાઓ લઈને હું એક શોર્ટ ફિલ્મ બનાવવાની તૈયારી કરી રહ્યો છું. આ શોર્ટ ફિલ્મના નિર્માતા મારી વર્ષ ૨૦૧૨ માં આવેલી ફિલ્મ સીડની વીથ લવના સર્જક પ્રતિક ચક્રવર્તી છે. હું આ ફિલ્મ બનાવ્યા પછી કેટલાંક ફિલ્મોત્સવમાં મોકલીશ. ત્યાર બાદ હું તેને ઓનલાઈન રજુ કરીશ.

## સુશાંતની સાથે ચંદા મામા દુર કેમાં શ્રદ્ધા નજરે પડશે




સુશાંતસિંહ રાજપુત હાલના દિવસોમાં પોતાની નવી ફિલ્મ ચંદા મામા દુર કે ફિલ્મને લઈને તૈયારી કરી રહ્યો છે. આ ફિલ્મના ભાગરૂપે તે હાલમાં નાસાના સ્પેસ સેન્ટરમાં ટ્રેનિંગ લઈ રહ્યો છે. મળેલી માહિતી મુજબ આ ફિલ્મમાં હવે સુશાંતની સાથે શ્રદ્ધા કપુર અભિનેત્રી તરીકે રાખવાનો નિર્ણય લઈ લેવામાં આવ્યો છે. તેના નામ પર છેલ્લા કેટલાક દિવસથી ચર્ચા ચાલી રહી હતી. હવે શ્રદ્ધા કપુરની પસંદગી કરી લેવામાં આવી છે. ફિલ્મની પટકથા ત્રણ અંતરિક્ષ યાત્રીની આસપાસ ફરે છે. આ ત્રણ અંતરિક્ષ યાત્રી પૈકી બેમાં તો સુશાંત સિંહ રાજપુત અન નવાજુદ્દીન સિદ્દીકી છે. ત્રીજી અંતરિક્ષ યાત્રી તરીકે શ્રદ્ધા કપુરને લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સુત્રોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો ફિલ્મનુ શુટિંગ સપ્ટેમ્બર મહિનામાં શરૂ કરવામાં આવનાર છે. તે પહેલા શ્રદ્ધા પણ પોતાના હિસ્સાનુ શુટિંગ પૂર્ણ કરી લેશે. નાસાના ટ્રેનિંગ સેન્ટરમાં સુશાંત કેટલાક વર્કશોપમાં હિસ્સો લઈ રહ્યો છે. જ્યાં તે અંતરિત્ર યાત્રીની લાઈફને નજીકથી સમજી લેવાના પ્રયાસમાં છે. સાથે સાથે તે અંતરિક્ષયાનને ઉડાવવાની ટેકનોલોજીને લઈને પણ અભ્યાસ કરી રહ્યો છે. જીરો ગ્રેવિટી, પ્રોફેશનલ સ્પેસ સુટ પહેરવા જેવી માહિતી મેળવી રહ્યો છ. ચંદા મામા દુર કે ફિલ્મનુ શુટિંગ મુંબઈ, દિલ્હી અને હૈદરાબાદ ખાતે મોટા ભાગ કરવામાં આવનાર છે.

સાથે સાથે આંતરરાષ્ટ્રીય સ્ટુડિયોમાં પણ ફિલ્મનુ શુટિંગ કરવામાં આવનાર છે. સુશાંત થોડાક સમય પહેલા ધોનીની લાઈફ પર બનેલી ફિલ્મમાં જોરદાર ભૂમિકા અદા કરી ગયો હતો. તેની ભૂમિકાની ચારેબાજુ ભારે પ્રશંસા થઈ હતી. હવે તે વધુ એક મોટી અને શાનદાર પડકારરૂપ ભૂમિકા ધરાવતી ફિલ્મમાં કામ કરવા જઈ રહ્યો છે. જેમાં તેની સાથે નવાજુદ્દીન પણ કામ કરી રહ્યો છે.

**બીહાઈન્ડ ધ સ્ક્રીન**

## કૃતિ ખરબંદા આલિયા અને દીપિકાને પસંદ



બોલિવુડની અભિનેત્રી કૃતિ ખરબંદા આલિયા ભટ્ટ અને દીપિકાને ખુબ પસંદ કરે છે. તેનુ કહેવુ છે કે તે દીપિકા સાથે જો તક મળશે તો કામ કરીને ગર્વ અનુભવ કરશે. આલિયા અને દીપિકા ખુબ શાનદાર અભિનેત્રી છે. કૃતિ છેલ્લે ગેસ્ટ ઈન લંડન ફિલ્મમાં નજરે પડી હતી. કોમેડી ફિલ્મ લિવ ઈન રિલેશનશીપ પર આધારિત ફિલ્મ હતી. જે જુલાઈ મહિનામાં રજૂ કરવામાં આવી હતી. આ ફિલ્મ વર્ષ ૨૦૧૦માં રજૂ કરવામાં આવેલી અજય દેવગનની ફિલ્મ અતિથી તુમ કબ જાવોગે ફિલ્મની સિક્વલ ફિલ્મ હતી. ફિલ્મમાં કાર્તિક આર્યન અને પરેશ રાવલની ભૂમિકા હતી. કૃતિએ કહ્યુ છે કે તે દીપિકાની ફેન છે. કૃતિ માને છે કે આલિયા ભટ્ટ અને દીપિકા સ્ટાર છે અને અભિનેત્રી પણ છે. આલિયા ભટ્ટ અંગે વાત કરતા કૃતિ કહે છે કે ત ફેક અભિનય કરતી નથી. આલિયા પ્રત્યે તેના મનમાં ખુબ સન્માન છે. કૃતિનુ કહેવુ છે કે તે જ્યારે ભટ્ટ કેમ્પની ફિલ્મ રાજ રીબુટ ફિલ્મમાં કામ કરી રહી હતી ત્યારે માત્ર એક વખત આલિયા ભટ્ટને મળી હતી. પહેલા તેને લાગતુ હતુ કે પુજા ભટ્ટ સારી અભિનેત્રી છે. પરંતુ આલિયા સ્ટાર પણ છે અને અભિનેત્રી પણ છે. તે આલિયા ભટ્ટની કોઈ ફિલ્મ છોડતી નથી. કૃતિનુ કહેવુ છે કે તે આલિયાની ફિલ્મ પ્રથમ દિવસે પ્રથમ શોમાં જોઈ કાઢે છે.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## અભિમાનની રીમેક ફિલ્મમાં અભિષેક-એશ નજરે પડી શકે

**ઓન ધ સ્ક્રીન**



સુપરસ્ટાર અભિનેતા અમિતાભ બચ્ચન અને જયા બચ્ચન અભિનિત ફિલ્મ અભિમાનની રીમેક બનાવવા માટની તૈયારી હવે કરવામાં આવી રહી છે. મળેલી માહિતી મુજબ રીમેક ફિલ્મમાં અભિષેક બચ્ચન અને તેની રીયલ લાઈફ પત્નિ અને વિતેલા વર્ષોની સ્ટાર અભિનેત્રી એશને લેવાની હિલચાલ ચાલી રહી છે. એક ફેસબુક ચૈટ પર અભિષેકે હાલમાં આ પ્રકારની કોઈ હિલચાલ ચાલી રહી હોવાના હેવાલને રદિયો આપ્યો છે પરંતુ જાણકાર લોકોનુ કહેવુ છે કે અભિષેકને ઓફર કરવામાં આવી છે. અભિષેકે કહ્યુ છે કે તે એશ સાથે કોઈ ફિલ્મ કરી રહ્યો નથી. તેનુ કહેવુ છે કે વિતલા વર્ષોની ફિલ્મમાં એક મેજિક છે. જેને એમ જ રહેવા દેવામાં આવે તે જરૂરી છે. સાથે કામ કરવાની બાબત અને આ પ્રકારની મુવી બનાવવાની બાબત ખુબ મુશ્કેલ છે. અભિષેક બચ્ચનની પાસે વધારે કોઈ ફિલ્મ આવી રહી નથી. ત ફલોપ સ્ટારની યાદીમાં પણ આવી ગયો છે. જો કે તેની પાસે નાની નાની ભૂમિકાવાળી ફિલ્મો આવી રહી છે. મુખ્ય સ્ટાર તરીકે તેને લેવા માટે કોઈ નિર્માતા નિર્દેશક હિંમત કરી રહ્યા નથી. હવે તે જેપી દત્તાની આર્મી પર આધારિત ફિલ્મ પલટન અને અનિલ કપુર અને એશ અભિનિત ફિલ્મ ફન્નેખાનમાં નજર પડનાર છે. અભિષેક બચ્ચનને કોઈ મોટી ફિલ્મો હજુ મળી રહી નથી. જ્યારે અમિતાભ બચ્ચનને હજુ પણ શ્રેણીબદ્ધ સારી અને મોટી ફિલ્મો મળી રહી છે.

બીજી બાજુ અભિષેક કરતા અમિતાભની સાથે સાથે એશને પણ ફિલ્મો મળી રહી છે. તે છેલ્લે કરણ જોહરની ફિલ્મ યે દિલ હે મુશ્કેલમાં નજરે પડી હતી. હવે તે અનિલ કપુરની સાથે નજરે પડનાર છે. અનિલ કપુરની છેલ્લે મુબારકા ફિલ્મ રજૂ કરવામા આવ્યા બાદ ભારે ધુમ મચાવી રહી છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ રહી છે. અભિમાન ફિલ્મની રીમેક પર ચર્ચા છે.

## શિલ્પા શેટ્ટી હવે પ્રમુખ સ્ટાર તરીક કામ કરવા તૈયાર નથી



બોલિવુડની વિતેલા વર્ષોની લોકપ્રિય અભિનેત્રી અને હાલમાં બિઝનેસ વુમન તરીકે સક્રિય રહેલી શિલ્પા શેટ્ટી સારી પટકથા ધરાવતી ફિલ્મો કરવા ઈચ્છુક છે. જો કે તેની પાસે હાલમાં મુખ્ય અભિનેત્રી તરીકેની ફિલ્મો આવી રહી નથી. સાથે સાથે તે મુખ્ય અબિનેત્રી બનવા માટે પણ તૈયાર નથી. તેને શોભે તેવી ભૂમિકા કરવા માટે તે ઈચ્છુક છે. શિલ્પાએ કહ્યુ છે કે તે ફિલ્મોમાં વાપસી કરવા માટે કોઈ ઉતાવળ કરી રહી નથી. તેનુ કહેવુ છે કે તે આડેધડ કોઈ રોલ કરશે નહી. તે હવે નંબર ગેમમાં વિશ્વાસ કરતી નથી. માત્ર મનોરંજન પુરતી ફિલ્મોમાં કામ કરવાની ઈચ્છા ધરાવે છે. યોગ્ય પટકથા હાથ લાગશે તો જ તે ફિલ્મમાં કામ કરનાર છે. તેનુ કહેવુ છે કે તે પારિવારિક જવાબદારીમાં હાલ વ્યસ્ત થયેલી છે. તેની પાસે કેટલીક પટકથા આવી પણ છે પરંતુ આ પટકથા તેને પસંદ પડી નથી. કોઈ સારી પટકથા રહેશે તો જ તે ફિલ્મમાં કામ કરશે.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## રણબીરની સાથે કોઈ સંબંધ હોવાનો શ્રુતિનો સાફ ઈન્કાર



**સીને**

બોલિવુડ અને દક્ષિણ ભારતમાં ભારે લોકપ્રિયતા મેળવી રહેલી ખુબસુરત સેક્સી સ્ટાર શ્રુતિ હસને કહ્યુ છે કે રણબીર કપુર સાથે તેના કોઈ પણ પ્રકારના સંબંધ નથી. મિડિયામાં આવી રહેલા અહેવાલ આધારવગરના છે. હાલમાં તે બ્રિટ- ીશ બોયફ્રેન્ડની સાથે ક્વોલિટી સમય ગાળી ચુકી છે. કેટરીના કેફ સાથે છ વર્ષ સુધી સંબંધ રહ્યા બાદ રણબીરના સંબંધ થોડાક સમય પહેલા તુટી ગયા હતા. બન્ને વચ્ચે સંબંધનો અંત આવ્યા બાદ હવે રણબીર સાથે શ્રુતિના સંબંધની ચર્ચા રહી છે ત્યારે શ્રુતિએ આ અહેવાલને રદિયો આપ્યો છે. એક જાહેરાત માટે બન્નેએ સાથે શુટિંગ કર્યાબાદ બન્ને વચ્ચે સંબંધની ચર્ચા શરૂ થઈ હતી. સાથે સાથે જાહેરાતમાં કામ કર્યા બાદ બન્ને એકબીજાના સંપર્કમાં છે. શ્રુતિ હસને વિગત આપતા કહ્યુ છે કે તે ખુબ વ્યસ્ત છે. તેની પાસે હાલમાં કોઈ પણ અન્ય બાબત માટે સમય નથી. તેનુ કહેવુ છે કે તેને લઈને આવરી રહેલા અહેવાલ બિલકુલ આધારવગરના છે. અફવાના કારણે કોઈની અસર થશે નહી. હાલમાં કેટલાક અન્ય પ્રોજેક્ટ પણ હાથમાં ધરાવે છે. આવી સ્થિતીમાં રણબીર સાથે કોઈ પણ સંબંધના અહેવાલ ખુબ જ હાસ્યાસ્પદ છે. શ્રુતિ હસન હાલમાં સોશિયલ મિડિયા પર પણ છવાયેલી રહે છે. શ્રુતિ સોશિયલ મિડિયા પર સૌથી વધારે ફોલોઅર્સ ધરાવનાર સેલિબ્રિટી તરીકે પણ છે. કેટરીના કેફ સાથે સંબંધ તુટ્યા બાદ રણબીરના સંબંધો જેક્લીન અને શ્રુતિ સાથે હોવાના હેવાલ હાલમાં સતત આવી રહ્યા છે. જો કે શ્રુતિએ હાલમાં અહેવાલને રદિયો આપ્યો છે. જો કે બોલિવુડના લોકો આ અંગે વાત કરવા માટે તૈયાર નથી. શ્રુતિના બોયફ્રેન્ડ હાલમાં મુંબઈમાં આવ્યો ત્યારે તેની સાથે તે માજા માણતી નજરે પડી હતી.

**સ્વાઈન ...**

**પાના નં.૧ ચાલુ**

નીતિ આયોગ દ્વારા રાષ્ટ્રીય આરોગ્ય સુચકાંક અને ડેશ બોર્ડ તૈયાર કરવામાં આવ્યું છે. આપણા દેશ અને ગુજરાત સરકાર દ્વારા ગ્લોબલ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલનો સ્વિકાર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત આરોગ્યના મહત્વના ઈન્ડીકેટર્સ હાંસલ કરવાના થાય છે. આરોગ્ય વિભાગ દ્વારા માતા મૃત્યુદર, બાળમૃત્યુ દર, રસીકરણ, ન્યુટ્રિશન, સ્ત્રીઓમાં પા-ંડુ રોગનું પ્રમાણ, જન્મ સમયે ઓછા વજનવાળા બાળકોની વિશેષ કાળજી અને રોગચાળાથી થતા મૃત્યુ તેમજ મેન્ટર હેલ્થ, જાતિ પ્રમાણમાં સુધારો કરવા, કુટુંબ કલ્યાણ કાર્યક્રમ અને બિનચેપી રોગો એમ ૭ અને ૪ મળી કુલ ૭-૧૧ સુચકાં-કો પર ભાર મુકીને નીતિ આયોગ દ્વારા સુચવ્યા પ્રમાણેનો લક્ષ્યાંક પૂર્ણ કરાશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં દેશ અને રાજ્યમાંથી માતા મૃત્યુદર ઘટાડવા આપણે સૌએ પ્રયાસો કરવા પડશે, તેમ કહી આજના આ ૭-૧૧ના સુચકાંકોને સાથે મળીને સિદ્ધ કરવાનું આહવાન મંત્રી કર્યું હતું. તબીબી સેવા અને તબીબી શિક્ષણના અધિક મુખ્ય સચિવ પુનમચંદ પરમારે આજના સાત મુખ્ય મુદ્દાઓને સાત પગલાં સ્વાસ્થ્યના ગણાવી તેની ઉપર ખાસ ભાર મુકવા જણાવ્યું હતું. ભારત છોડોને ગઈકાલે એટલે કે તા. ૯ ઓગસ્ટના રોજ ૭૫ વર્ષ પૂર્ણ થયા ઓગસ્ટક્રાંતિની આ ઘટનાના ૭૫ વર્ષની ઉજવણીમાં આપણે આરોગ્યતંત્રના સમાજ સુધારક તરીકે કામ કરવાનું છે. આપણે ખાસ કરીને બાળકો અને તેમના માતા પિતાને પૌષ્ટિક ખોરાક ભોજન અંગે જાગૃત કરવા પડશે, તો જ સ્વસ્થ્ય તન આપી શકીશું. આરોગ્ય વિભાગના અગ્રસચિવ અને આરોગ્ય કમિશનર જયંતિ રવિએ જણાવ્યું હતું કે, નીતિ આયોગના ૭-૧૧ સુચકાંકોને સિદ્ધ કરવા આપણે સૌએ આરોગ્ય સેનાની જેમ કાર્ય પરિશ્રમ કરવો પડશે. સમગ્ર દેશમાં માતામૃત્યુદર ઘટાડવા એક અભિયાન ઉપાડ્યું છે. આ સંકલ્પસિદ્ધ માટે આપણે ગુ-જરાતે અગ્રેસરની ભૂમિકા ભજવવાની છે. જીવનશૈલીમાં બદલાવના કારણે રોગોમાં વધારો થયો છે, જેની સામે જાગૃતિ આવે તે જરૂરી છે. સાત અને ચાર એમ કુલ ૧૧ સુચકાંક મુદ્દાઓમાં સફળતા મેળવવા આપણી સાથે યુનિસેફ, ડબલ્યુએચઓ, યુએનડીપી, રાજચંદ્ર પરિવાર અને અનેક એનજીઓ પણ જોડાઈ છે.

**સર્વોદય કોમ....**

**પાના નં.૩ ચાલુ**

નિરાધાર થયેલ ગરીબ વસ્તી માટે સુખડી, તેમજ થેપલા ફુડપેકેટ સાથે ડીસાના સીની. ડેવ.મેનેજર તથા ધાનેરા શાખા બ્રાંચ મેનેજર તથા ઓફિસર તથા ક્લાર્કો તથા સ્ટાફ સાથે વરસતા વરસાદમાં કાદવ ખુંદીને અંતરિયાળ વિસ્તાર ઝુંપડપટ્ટીઓમાં જઈ ફુડપેકેટની વહેંચણી કરેલ. ત્યારપછી પણ ગરીબ વસ્તીની આફત વધુ હોઈ કરીયાણાનો સામાન ઘઉં ૧૦ કિલો, ચોખા ૪ કિલો, મગ દાળ ૧ કિલો તેમ કુલ રૂા. ૫૦૦ ની કીટ ગરીબ ઝુંપડપટ્ટી વિસ્તાર, કોટડા વાસ, શિવનગર, નેનાવા રોડની વસ્તીમાં જઈ બેંકની કુપન આપેલ.

જે મહેશ પ્રોવીઝન સ્ટોર્સ ધાનેરામાંથી માલ આપવાની સરાહનીય સગવડ કરી આપેલ. બેંકોને વધુ સહાય કરવાની તેમજ લોકોના વધુ પડતા નુકશાનમાં ફુડ પેકેટો પુરતુ ન હોઈ વાસણ, તેમજ ધાબળાની જરૂરિયાત હોઈ બે કે આજુબાજુના ગામડાનો સર્વે કરી રેલ નદીના કાંઠા વિસ્તારના ગામડા સબાવડી, જોરાપુરા, રામપુરા, જાડી, નાનામેડા, મેવાડા વગેરે ગામોની દુધ મંડળીઓના મંત્રી મારફતે વાસણ તેમજ ધાબળા કુપનો આપી બેંકમાંથી વિતરણ કરેલ. આથી બેંકની ધાનેરા વિસ્તારની પ્રજાએ સરાહનીય મદદ માટે સર્વોદય કોમ. કો.ઓ. બેક ડીસા/ ધાનેરા અને મહેસાણા વડી કચેરીના બેંકના વખાણ કરેલ. ધાનેરા સર્વોદય બેંક તરફથી વિસ્તારના કુપન સીસ્ટમ કરવાથી જરૂરિયાતવાળા અને સાચા લાભાર્થીને જ લાભ મળે જેમાં કોઈ પણ ગરબડ થવાની શંકા જ ન ઉપજે તે રીતે કુપનસીસ્ટમને ધાનેરાની પ્રજાએ આવકારરૂપ ગણેલ છે.

**વાવ પંથકના...**

**પાના નં.૩ ચાલુ**

જેથી રોગચાળાનું પ્રમાણઅટકે છે. બે દિવસ દરમિયાન વાવ પંથકના ૭૮ ગામોમાં ફોગીંગની કામગીરી પુર્ણ થઈ જશે. ગુજરાત સરકારના આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ સમગ્ર વાવ તાલુકામાં ફોગીંગની કામગીરી હાથ ધરાઈ છે. જે પ્રસંગે તા.હેલ્થ ઓફિસર એસ.વી.જયપાલ, ટી. આઈ.સી.ઓ. એચ.કે. ગૌસ્વામી, ટી.એમ.પી.એચ. એસ.બી. બી. ભુંસા, ડૉ.મુકેશ પટેલ તેમજ આરોગ્ય સ્ટાફ મિત્રો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. આરોગ્ય વિભાગની આ ઉમદા કામગીરીને વાવ પંથકના લોકોએ બિરદાવી હતી.

**ધાનેરા ખાતે ...**

**પાના નં.૮ ચાલુ**

કરવામાં આવશે. ૧૫ મી ઓગષ્ટની ઉજવણીની તૈયારીઓના ભાગરૂપે પાલનપુર ખાતે કલેક્ટર દિલીપ રાણાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન, પોલીસ પરેડ, સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન, સ્વચ્છતા અને સફાઈની વિશેષ ઝુંબેશ, પાણીની વ્યવસ્થા, રોશની શણગારની કામગીરી અને રંગરોગાન, બ્લડ ડોનશન કેમ્પ, અશ્વ શો અને ડોગ શો કાર્યક્રમ, પ્રભાતફેરી, મશાલ રેલી, વૃક્ષારોપણ, રમતગમત અને શિક્ષણક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ મેળવનારાઓનું સન્માન કરવામાં આવશે. બેઠકમાં કલેક્ટરએ જણાવ્યું હતું કે તા. ૧૫ મી ઓગષ્ટની પૂર્વ સંધ્યાએ ધાનેરામાં તિરંગા યાત્રા અને મશાલ રેલી યોજવામાં આવશે. તા. ૧૩ ના રોજ કાર્યક્રમનું રિહર્સલ કરવામાં આવશે. તેમ કલેક્ટરે જણાવ્યું હતું. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અમિત અરોરા, પોલીસ અધિક્ષક નિરજ બડગુજર, નિવાસી અધિક કલેક્ટર બાંમણીયા, ધાનેરા પ્રાંત અધિકારી પી.પી.પટેલ સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

**બનાસ નદીના..**

**પાના નં.૮ ચાલુ**

જાનહાનિ થવા પામી છે. જેથી આ વર્ષે બનાસ નદી ગોઝારી પુરવાર થઈ છે. પરંતુ અનેક રીતે ઉપયોગી પણ થઈ છે. બે વર્ષ સુકીભઠ્ઠ રહેલી બનાસ નદીના કારણે જિલ્લાના ભૂગર્ભ જળમાં મોટો ઘટાડો થયો હતો. ચાલુ વર્ષે ભૂગર્ભ જળના તળ ઉંડા ઉતરવા લાગ્યા હતા. એક જ સિઝનમાં ૪૦ ફુટ જેટલો ભુગર્ભમાં ઘટાડો થયો હતો. જેને લઈ જિલ્લાવાસીઓ સહિત ખેડુતવર્ગમાં ચિંતાનો માહોલ છવાઈ ગયો છે. જેથી આ વર્ષે ચોમાસાની ઋતુ પર મોટો દામોદાર હતો. ત્યારે ચોમાસાની ઋતુમાં બનાસકાંઠા જિલ્લા સહિત જિલ્લાના ઉપરવાસમાં સૌથી વધુ વરસાદ પડતા બનાસકાંઠા જિલ્લામાં અતિવૃષ્ટિ થઈ પડી છે. વર્ષ ૨૦૧૫ બાદ ફરી એકવાર મોટો ફાયદો થવા પામ્યો છે. ડીસા સહિત જિલ્લાના અનેક વિસ્તારમાં ભૂગર્ભ જળમાં મોટો ઘટાડો નોંધાયો હતો. પણ ફરી એકવાર બનાસ નદી સજીવન થઈ ઉઠતા જિલ્લાવાસીઓમાં નવો જોમ આવ્યો છે. શ્રાવણ મહિનાના પ્રથમ દિવસે જ બનાસ નદી બે કાંઠે વહેવા લાગી હતી. જે રક્ષાબંધનના દિવસ સુધી તેઓ રેલો ચાલુ રહ્યો હતો અને બે દિવસ પાણીનો રેલો બંધ થયા બાદ ગતરોજ ફરી ઉપરવાસમાં વરસાદ પડતા પાણી છોડવામાં આવતા બનાસ નદી વહેવા લાગી છે. આમ આ વર્ષે બનાસ નદીમાં પાણી સતત ચાલુ રહેતા ભૂગર્ભ જળમાં મોટો ફાયદો થાય તેવી શક્યતાઓ રહેલી છે.

**પૂરગ્રસ્ત લોકોને...**

**પાના નં.૮ ચાલુ**

આયોજન અને પ્રયાસો કરીએ. ધાનેરાની મુલાકાત દરમિયાન પૂજ્ય શ્રી શ્રી રવિશંકરજી ગુરૂજી ડી.બી. પારેખ હાઈસ્કુલ ખાતે પૂર અસરગ્રસ્તોને મળ્યા હતા તેમજ તેમણે માર્કેટયાર્ડની મુલાકાત લઈ પરિસ્થિ તીનું નિરીક્ષણ કરી વિગતો મેળવી હતી. હીરાણી પાર્ટી પ્લોટ ખાતે તેઓ વિશાળ સંખ્યા માં લોકોને મળી આશીર્વચન પાઠવ્યા હતા. આ પ્રસંગે પૂ. શ્રી શ્રીના હસ્તે જી. ઉધોગ કેન્દ્રની યોજનાઓના લાભાર્થીઓને ચેક વિતરણ કરવામાં આવ્યાવ હતા.

આ પ્રસંગે આરોગ્યત અને પરિવાર કલ્યાણ તથા શહેરી વિકાસ રાજ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી, ધારાસભ્યો સર્વશ્રી પરબતભાઈ પટેલ અને શ્રી જોઈતાભાઈ પટેલ, જી. પંચાયત પ્રમુખશ્રી દિનેશભાઈ દવે, પૂર્વમંત્રી હરજીવનભાઈ પટેલ, માર્કેટયાર્ડના ચેરમેનશ્રી ભગવાનદાસ પટેલ, કલેકટર દિલીપ રાણા સહીત અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિાત રહ્યા હતા.

**વહીવટીતંત્રના વ્યાપક...**

**પાના નં.૮ ચાલુ**

રૂા.૪૦૮.૫૬ લાખ તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ૩૬૭ ટીમ દ્વારા ૪૭,૭૦૬ લાભાર્થીઓને રૂા. ૨૬૭૫.૨૫ લાખ રૂા. જે મળી જિલ્લાઓમાં કુલ ૪૦૮ ટીમો દ્વારા ૫૪૦૪૬ લાભાર્થીઓને કુલ ૩૦૮૩.૮૧ લાખ રૂા. ઘરવખરી સહાય ચુકવેલ છે. ★ પશુમૃત્યુ- જિલ્લા કુલ ૧૪ તાલુકાઓમાં કુલ ૧૨,૫૦૪ પશુ મૃત્યુ આજદિન સુધી નોંધાયેલ છે. જે પૈકી ૫૩૦૫ કેસમાં કુલ રૂા. ૧૨૨૩.૫૬ લાખની સહાય ચુકવવામાં આવી છે. તેમજ નોંધાયેલ તમામ મૃત પશુઓનો નિકાલ કરવામાં આવ્યો છે. ★ એસ.ટી. બસ સેવા- એસ.ટી. બસની તમામ ૨૩૫૩ ટ્રીપો સંપૂર્ણપણે ચાલુ છે. ★ વીજળી - તમામ ગામો, નગરપાલિકા વિસ્તાર, તમામ સબ સ્ટેશન તેમજ તમામ પાણી પુરવઠા વર્કસ સ્ટેશનમાં વીજળી નિયમિત ચાલુ થયેલ છે. ★ પાણી પુરવઠા- કુલ ૧૨૩૪ ગામો પૈકી ૧૧૦૫ ગામોમાં અન્ય સોર્સ/ ગામ જૂથ યોજના દ્વારા પાણી પુરૂ પાડવામાં આવે છે. ૬૭ ગામોમાં ૫૬ ટેન્કરો દ્વારા પાણી પુરૂ પાડવામાં આવે છે. જિલ્લાના તમામ ગામોમાં પીવાના પાણીની વ્યવસ્થા પૂર્વવત કરવામાં આવી છે. ★ રોડ/રસ્તા - સ્ટેટના તમામ રસ્તાઓ પર વાહન વ્યવહાર પૂર્વવત કરવામાં આવ્યો છે. પંચાયતના ૪ રસ્તા ચાલુ કરવાની કામગીરી પ્રગતિમાં છે. ★ રાશન કીટ- જિલ્લામાં કુલ ૬૯,૨૩૩ રાશન કીટ મળેલ છે. જે તમામનું વિતરણ કરવામાં આવ્યું છે. ★ આરોગ્ય- જિલ્લાના તમામ ૧૩૪ સી.એચ.સી./ પી.એચ.સી. કાર્યરત છે. તેમજ કુલ ૭૮૧ ટુકડીઓ કાર્યરત છે. તા. ૯/૮/૨૦૧૭ (૧૬.૦૦ કલાક) સુધીમાં કુલ ૧૭૭૪ મેડીકલ કેમ્પમાં રૂા. ૬૨,૧૬૩ દર્દીઓની તપાસ કરવામાં આવી છે. જે તમામ કેસોમાં પુરતી સારવાર આપવામાં આવી છે. જિલ્લામાં આરોગ્ય, વિષયક કામગીરી અન્વયે કુલ ૧૮,૮૩૯ આર.સી. ટેસ્ટલ કરવામાં આવ્યા છે. તેમજ ૨૮૧૧૪૦૬ ક્લોરીનની ગોળીઓ વિતરણ કરવામાં આવી છે.

ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા ૧૩,૨૧૬ ફળીયામાં ડસ્ટી ગની કાર્યવાહી કરવામાં આવી છે. તેમજ ૧૩,૪૩૪ ફળીયા/ સોસાયટીઓમાં ફોગીગની કાર્યવાહી કરવામાં આવી છે. ★ વીડીયોગ્રાફી- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ૨૪ વીડીયોગ્રાફી ટીમ દ્વારા ૫૪૨ ગામોના ૪૦૫ લારી ગલ્લા તેમજ ૧૦૭૦ દુકાનો મળી કુલ ૧૪૭૫ દુકાનો/ લારી ગલ્લાની વિડીયોગ્રાફી પૂર્ણ કરવામાં આવી છે. હાલમાં ગ્રામ્ય વિસ્તારોમાં વિડીયોગ્રાફીની કાર્યવાહી ચાલુ છે. ★ ઘાસ વિતરણ- તા. ૯/૮/૨૦૧૭ ના સાંજે ૧૭.૦૦ કલાક સુધીમાં ૮૧૪ ગાડીમાં કુલ ૪૩,૮૨૨ ગાંસડી-૨૬,૮૪,૨૯૩ કિ.ગ્રા. ઘાસની આવક થયેલ છે. જેની સામે કુલ ૨૬,૮૪,૨૯૩ કિ.ગ્રા. ઘાસને ૮૯૦ ગામોમાં વિતરણ કરવામાં આવ્યું છે. આમ, મળેલ તમામ સો ટકા ઘાસનું વિતરણ કરવામાં આવ્યું છે. ★ મકાન/ ઝુંપડાં સર્વે અને સહાય- ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૯૫૭૨ કાચા પાકા મકાનના નુકશાનીનો સર્વે કરવામાં આવ્યો છે. જ્યારે ૨૭૧ કેસમાં રૂા. ૨૪.૧૯ લાખનું ચુકવણું કરેલ છે. શહેરી વિસ્તારમાં કુલ ૧૪૧૨ કાચા પાકા મકાન/ ઝુંપડાનો સર્વે કરવામાં આવ્યો છે. તેમજ ૧૩૦૧ કેસમાં રૂા. ૧૭૩.૫૧ લાખનું ચુકવણું કરવામાં આવ્યું છે. ★ રાહત કેમ્પની કામગીરી જિલ્લામાં ૧૬૭ કેમ્પમાં કુલ ૭૮,૨૮૩ વ્યક્તિઓને જમાડવામાં આવી છે. હવે જરૂર ન હોઈ રાહત કેમ્પો બંધ કરવામાં આવ્યા છે. ★ પાક નુકશાન- પાક નુકશાનની કામગીરી અન્વયે જિલ્લામાં ૧૨૭ ટીમો દ્વારા આજદિન સુધી કુલ ૭૩૬ ગામોમાં ૮૭,૩૯૯ ખેડૂતોની ૧,૦૩,૩૮૦ હેક્ટર જમીનમાં સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. સર્વેની કામગીરી ચાલુ છે. ★ જમીન ધોવાણ- જમીન ધોવાણ સર્વે કામગીરી અંતર્ગત ૭૪ ગામોની ૮,૮૬૮ હેક્ટર જમીનની સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. સર્વેની કામગીરીચાલુ છે.

**વાવના ચૂવા...**

**પાના નં.૮ ચાલુ**

પરંતુ તા.૧૦/૦૮/૨૦૧૭ ના રોજ ચૂવા થરાદ રોડ પર આવેલા એક ખેતરના સેઢા પર તેની ફાંસો ખાંધેલી હાલતમાં પડેલી લાશ ખેતર માલીકના ભાગીયાની નજરમાં આવતાં ભાગીયાએ આ બાબતની જાણ ખેતર માલીકને કરી હતી જેથી ખેતર માલીકે વાવ પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે પહોંચી લાશનો કબજો મેળવી તેની તપાસ કરતાં મૃતક મહિલા પાસેથી દવા, પાણીનો બાટલો અને કપડાની થેલી મળી આવી હતી જોકે મૃતક મહિલાના ફોનના લોકેશનના આધારે તેનું નામ સરનામુ અને તમામ વિગત જાણી શકાઈ હતી.આ મૃતક મહિલાની આત્મહત્યા કે હત્યા એ સવાલ સમગ્ર પંથકમાં ચર્ચાઈ રહ્યો છે.જો કે હાલમાં પોલીસે આત્મહત્યાનો ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

**ડીસામાંથી શ્રાવણીઓ ...**

**પાના નં.૮ ચાલુ**

રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા.દરમ્યાન સાથેના પો.કો. રાજેશકુમારની બાતમી હકીકત આધારે ભોંયણ ગામની સીમમાં રેઈડ કરતા રામાજી કેવાજી માળી રહે.બેકરી કુવા ડીસા , પુનમાજી જવાનજી માળી રહે.અજાપુરા ડીસા,નવીનભાઈ જોરાભાઈ નાઈ રહે.મોઢેશ્વરી સોસાયટી ડીસા,હેમંતકુમાર ઉર્ફે બન્ટી જીતેન્દ્રભાઈ માળી રહે.અનુપમ સોસાયટી ડીસા,શામળભાઈ જુવારભાઈ માળી રહે.અજાપુરા ડીસા, ગણપતલાલ કાનજીભાઈ માળી રહે,અંબિકાનગર ડીસા અને ભીમાજી રણછોડજી માળી રહે,મોઢેશ્વરી સોસાયટી ડીસાને જુગાર રમતા ઝડપી લીધા હતા. તમામ શખ્સો ભોયણ ગામની સીમમાં લવ મીનરલ વોટર પલાન્ટની આગળ ખુલ્લી જગ્યામાં તીન પતી નો જુગાર જાહેરમાં રમતાં હોઈ પોલીસ રેઈડ દરમીયાન પકડાય જતા પોલીસે રોકડ રકમ રૂ ૧૩૪૪૦/- તથા મોબાઈલ નંગ-૧૦ કી. રૂ.૨૬૦૦૦/-તથા જુગારનું સાહિત્ય મળી કુલ રૂ.૩૯,૪૪૦/-નો મુદામાલ જપ્ત કર્યો હતો.

પોલીસે તમામ ઈસમો સામે ડીસા રૂરલ પોલિસ મથકે જુગારધારા હેઠળ ગુનો નોંધાવતા રૂરલ પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

**ડીસામાં બગીચા...**

**પાના નં.૮ ચાલુ**

અંદાજે ૭૦ વર્ષીય ભિક્ષુકનું બીમારીના કારણે મોત થયું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિ એ જાણવા મળ્યું હતું. રાત્રીના સમયે આ ભિક્ષુક નું મોત થતા સવારે આ બનાવ ની જાણ થઈ હતી. જે અંગે પોલીસ ને જાણ કરતા એ ડી નોંધ કરી તપાસ હાથ ધરી હતી. જ્યારે લાશને ડીસાના સેવાભાવી મનુભાઈ આસ્નાનીએ પી એમ અર્થે ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી. ડીસા દક્ષિણ પોલીસે મૃતક ના વાલી વારસો ની શોધખોળ હાથ ધરી છે.

## શિલ્પા શેટ્ટી

**અનુસંધાન ૫ નું ચાલુ**

શિલ્પા શેટ્ટી કહે છે કે પુત્ર વિયાન મોટો થયો છે. તે હાલમાં સ્કુલ જવા લાગી ગયો છે. તેનુ કહેવુ છે કે બોલિવુડની અન્ય વિતેલા વર્ષોની સુપરસ્ટાર અભિનેત્રીઓની જેમ તે વાપસી કરવા માટે ઈચ્છુક નથી. તે બિઝનેસ અને પરિવારને હાલમાં ન્યાય આપવા માટેના પ્રયાસમાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે તે રાજ કુન્દ્રા સાથે થોડાક સમય સુધી પ્રેમમાં રહ્યા બાદ તેની સાથે લગ્ન કરી લીધા હતા.ત્યારબાદ તે ક્રિકેટના બિઝનેસમાં દેખાઈ હતી. આઈપીએલ મેચમા તે મોટા ભાગે જોવા મળતી હતી. જો કે આઈપીએલ કોંભાડને લઈને મામલો સપાટી પર આવ્યા બાદ તે પણ વિવાદના ઘેરામાં આવી હતી. કારણ કે રાજ કુન્દ્રા ફસાઈ ગયા હતા.

ફિલ્મોમાં તે ફરી એકવાર ક્યારેય દેખાશે કે કેમ તે અંગે પુછવામાં આવતા શિલ્પાએ કહ્યુ હતુ કે સારી પટકથા આવશે તો ચોક્કસપણે તે કામ કરશેપરંતુ પહેલાની જેમ તે કામ નહી કરે.

## કૃતિ

**અનુસંધાન ૫ નું ચાલુ**

દીપિકા અંગે વાત કરતા તે કહે છે કે તે શાનદાર અભિનેત્રી હોવાની સાથે સાથે ખુબ કુશળ પ્રોફેશનલ સ્ટાર છે. દીપિકાની ફિલ્મ ત્રીપલ એક્સના પ્રમોશન વેળા કૃતિ દીપિકાને મળી હતી. સ્ટાર અભિનેત્રી દીપિકાને પ્રથમ વખત કૃતિ એ વખતે મળી હતી જ્યારે તે ૧૨ વર્ષની હતી. દીપિકા એ વખતે ૧૬ વર્ષની આસપાસ હતી. એક જાહેરાત માટે બન્ને ઓડીશનના ભાગરૂપે પહોંચી હતી. જાહેરાતમાં તે તેની નાની બહેનના રોલમાં દેખાનાર હતી. જો કે કોઈ કારણસર આ જાહેરાત બની ન હતી.

## જેક્લીન

**અનુસંધાન ૫ નું ચાલુ**

અર્જૂન કપુર સાથે સંબંધ અંગે પુછવામાં આવતા જેક્લીને આ મુજબની વાત કરી હતી. એન્ટરટેઈનમેન્ટ વર્લ્ડના ગોસિપ્સ વર્લ્ડ સાથે ખુબ જુના સંબંધ રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસથી અર્જૂન કપુર અને જેક્લીન વચ્ચેના સંબંધોની ચર્ચા ચાલી રહી છે.

હવે આ અહેવાલ અંગે જેક્લીને પ્રતિક્રિયા આપતા કહ્યુ છે કે આ અહેવાલ પાયાવગરના છે. તેમાં કોઈ સાચી વાત નથી. જેક્લીને કહ્યુ છે કે તે સિંગલ છે. તેનુ કહેવુ છે કે ક્યારે પણ કોઈનુ નામ કોઈની સાથે જોડી દેવામાં આવે છે. જ્યારે કેટલીક વખત તો સંબંધ ન હોવા છતાં બ્રેક અપની સ્થિતી દર્શાવી દેવામાં આવે છે. જો કે જેક્લીને કબુલાત કરી છે કે તેની અને અર્જૂન કપુર વચ્ચે સારી મિત્રતા છે. જ્યારે પણ અમારા અંગે કોઈ સમાચાર પ્રકાશિત કરવામાં આવે છે છે ત્યારે અમે બન્ને એન્જોય કરીએ છીએ તેમ જેક્લીને કહ્યુ છે.

# મનીષા કોઈરાલાના તુમ મિલે ગીતને નવો જ અંદાજ અપાશે

સોનાક્ષી સિંહા બોલિવુડમાં એક આશાસ્પદ અભિનેત્રી જ નથી બલ્કે બોલિવુડમાં મ્યુઝિકની દુનિયામાં પણ નામ કમાવી ચુકી છે. તે ગાયિકા તરીકે પણ સક્રિય રહી છે. આ સિંગિગના મામલે સોનાક્ષી હવે નવા પ્રયોગ કરવાની દિશામાં આગળ વધી રહી છે. બોલિવુડ હંગામાના હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે સોનાક્ષી કેનેડિયન રેપરની સાથે મળીને વર્ષ ૧૯૦ના દશકમાં જાદુ જગાવનાર ગીત તુમ મિલેને નવા અંદાજમાં રજૂ કરવા માટે તૈયાર છે. ફિલ્મની સાથે સાથે સોનાક્ષી સિંહા પોતાના મ્યુઝિક કેરયર પર પણ ધ્યાન આપી રહી છે. આ જ માર્ગ પર આગળ વધીને તે લોકપ્રિય ગીતોને નવા વર્જનમાં રજૂ કરવા માટે તૈયાર છે. તેલુગુ અને હિન્દી ફિલ્મ ક્રિમિનલના ગીત તુમ મિલને નવા અંદાજમાં રજૂ કરવા માટે તે તૈયાર છે. આ ફિલ્મમાં સાઉથ ઈન્ડિયન અભિનેતા નાગાર્જુને ભૂમિકા અદા કરી હતી. જ્યારે અભિનેત્રી તરીકે મનિષા કોઈરાલાએ ભૂમિકા અદા કરી હતી. આ ગીતને જુદી જુદી રોમેન્ટિક જગ્યાએ શુટ કરવામાં આવ્યા બાદ આ ગીત લોકપ્રિય થયુ હતુ. આ ગીત આજે પણ લોકોના દિલોદિમાગ પર છે. નવા વર્જનમાં મોટા ભાગે સોનાક્ષી નજરે પડનાર છે. જ્યારે કેટલાકમાં કેનેડિયન રેપર પરિચય પણ દેખાશે. આ ગીતને લઈને તૈયારી ચાલી રહી છે. કોરિયોગ્રાફર તરીકે કોણ રહેશે તે વિષય પર ચર્ચા ચાલી રહી છે. સોનાક્ષી અને પરિચય છેલ્લા પાચ મહિનામાં અનેક વખત મળી ચુક્યા છે. કેટાલાક ગીતો પણ રેકોર્ડ કરી લીધા છે. એમ માનવામાં આવે છે કે આ વર્ષના અંત સુધી તમામ કામને પૂર્ણ કરી લેવામાં આવશે. સોનાક્ષી આ મ્યુઝિકને લઈને ખુબ આશાવાદી છે. તે ફિલ્મોની સાથે સાથે મ્યુઝિક કેરિયર પર ખાસ ધ્યાન આપી રહી છે.

# ફરહાનની લખનૌ સેન્ટ્રલને લઈ બોલિવુડમાં ચર્ચા શરૂ

ફરહાન અક્ષરની નવી ફિલ્મ લખનૌ સેન્ટ્રલ ૧૫મી સપ્ટેમ્બરના દિવસે રજૂ કરવામાં આવનાર છે. આ ફિલ્મનુ શુટિંગ આશરે પૂર્ણ થવા આવ્યુ છે. ફરહાન પોતાની આ ફિલ્મને લઈને ભારે ખુશ છે. ફિલ્મ નિર્માતા નિખિલ અડવાણી દ્વારા આ ફિલ્મનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. નિખિલના કહેવા મુજબ અમે તમામ અમારી આ અનોખી ફિલ્મને લઈને ભારે આશાવાદી છીએ. આ ફિલ્મ જેલ અને કેદીઓની પટકથા છે. તમામ કલાકારોએ સાથે મળીને ફિલ્મને ચાર ચાંદ લગાવી દીધા છે. મનોરંજનથી ભરપુર આ ફિલ્મને અમે ચાહકોની સમક્ષ રજૂ કરવા માટે તૈયાર છીએ. આ ફિલ્મ એક એવી વ્યક્તિના જીવન પર આધારિત છે જે સળિયા પાછળ છે. સાથે સાથે એક અજીબ સ્થિતીમાં અટવાયો છે. ફિલ્મના નિર્દેશન તરીકેની જવાબદારી રણજીત તિવારી સંભાળનાર છે. ફિલ્મના તેની સાથે ડાયના પેન્ટી, ગિપ્પી ગ્રેવાલ અને રાજેશ શર્મા મુખ્ય રોલમાં છે. અત્રે નોંધનીય છે કે ફિલ્મના કલાકારોને કેટલીક વખત બદલી નાંખવામાં આવ્યા હતા. સૌથી પહેલા ફિલ્મમાં મુખ્ય અભિનેત્રી માટે કૃતિ સનુન અને ત્યારબાદ સૈયામી ખેરની પસંદગી કરવામાં આવી હતી. જો કે અંતમાં ડાયના પેન્ટીની પસંદગી કરવામાં આવી હતી. ડાયના પેન્ટી પણ બોલિવુડમાં ફલોપ સાબિત થઈ રહી છે.

ફરહાન અક્ષરને બોલિવુડમાં સન્માન સાથે જોવામાં આવે છે. તે એક્ટિંગની સાથે સાથે ફિલ્મના નિર્દેશન અને નિર્માણમાં પણ સારી કુશળતા ધરાવે છે. ફરહાન પોતાની બોલિવુડ કેરિયરને લઈને આશાવાદી છે. તે નિર્માણ ક્ષેત્રે પણ સંપૂર્ણપણે સક્રિય રહ્યો છે. તેની પાસે હાલ કેટલીક ફિલ્મો છે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચય: ..................................................
સરનામુ : ................................................
મોકલનારની સહી : ......................................

# સ્થાનિક બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **ચોકસી બજાર** (કીલોના) | દુન તીબાર ૫ કી. ૮૨૦૦ | ઓરેન્જ ૫૬૦૦ | વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦ |
| **ચાંદી ચોરસા ૩૮૫૦૦-૩૯૦૦૦** | દુન તીબાર ૧ કી. ૮૨૦૦ | દાવત અપ્સરા ૫૦૦૦ | વડેચા ૫ કી. ૪૮૦૦ |
| રૂપુ કાચું ૩૮૫૦૦-૩૯૦૦૦ | હાથી ૧૧૨૧ ૬૮૦૦ | જીરાસર ચંદન ૨૮૦૦ | વડેચા ૧ કી. ૫૦૦૦ |
| સોનુ તોલો ૨૯૦૦૦-૨૯૩૦૦ | બેસ્ટ પ્રીમીયમ ૭૫૦૦ | ચણાદાળ ૪૪૪ ૮૮૦૦ | વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦ |
| **તેલ બજાર** | નર્મદા મગ પોલીસ ૫૮૦૦ | મગદાળ સમરદીપ ૭૨૦૦ | સાંગલી ૧૦ કે. ૪૩૦૦ |
| **રાધે પામોલીન ૮૯૦-૯૦૦** | મગદાળ નર્મદા સુપર ૫૮૦૦ | મગમોગર રીયલ ૮૦૦૦ | **ખોળ બજાર** |
| પામોલીન ૮૮૫-૯૫૦ | નર્મદા મગ મોગર ૬૫૦૦ | અડદદાળ અક્ષર ૮૩૦૦૦ | દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦ |
| સોયા રીફાઈન ૧૨૧૦-૧૨૨૦ | મગમોગરનર્મદાપ્રીમી ૬૫૦૦ | મગ ૫૭૦૦ | મોરબી ખોળ ૧૨૫૦-૧૨૮૦ |
| રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦ | નર્મદા અડદદાળ ૮૫૦૦ | અંગુર તુવેરદાળ ૬૦૦૦ | જીરાળુ ૧૯૦૦-૨૦૦૦ |
| સીંગતેલ૧૫ કી. ૧૬૦૦-૧૬૩૦ | અડદદાળ નર્મદા પ્રી. ૮૦૦૦ | અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦ | ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦ |
| સીંગતેલ ૧૫ લી.૧૫૦૦-૧૫૨૦ | દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦ | ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦ | મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૯૦ |
| સીગતેલ ૫ લી. ૫૦૦ | દુન દહેરાદૂન મીની દુબારજુના ૫૦૦૦ | કિસાન તુવેરદાળ ૬૨૦૦ | જવ ભરડો ૩૫ કી.ગ્રા.૬૦૦ |
| તિરૂપતી કપા. ૧૨૬૦ | દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦ | પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦ | **પરચુરણ** |
| ૫ લીટર ૪૧૦ | દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦ | પરખ સ્પેશીયલ ૫૨૦૦ | સોજી ૮૬૦ |
| વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦ | દુન કણકી જુની ૩૦૦૦ | લાલપરી તીબાર જુના ૪૨૦૦ | મેંદો ૮૬૦ |
| કોપરેલ ૧૫ કિલો ૨૩૦૦ | ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦ | લાલપરી દુબાર જુના ૩૮૦૦ | શ્રીફળ એમ. ૮૮૦ |
| ૫ કે. કોપરેલ ૮૪૦ | ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦ | લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦ | નિરમા સાબુ ૫૨૫ |
| ૫લી. અંકુર સીંગતેલ ૫૦૦ | ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦ | લાલપરી દુબાર નવા ૩૯૦૦ | મેદી ૬૦-૧૦૦ |
| **૧૫ લીટર સનફલાય ૧૧૮૦** | ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦ | રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦ | અજમો ૧૫૦-૨૪૦ |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦ | હાથી ૮૧૭ આખા નવા ૭૭૦૦ | લાલમંદિર બાસમતી ૩૬૦૦ | સાકરીયા ૪૫૦૦ |
| ૫ લી. ૩૭૦ | હાથી૮૧૭ નવા દુબાર પાંણાં ૫૮૦૦ | **ખાંડ બજાર** | ખાંડ બુરૂ ૪૨૦૦ |
| ૨ લી. ૧૫૭ | તુવરદાળ કૃષ્ણા ૮૫૦૦ | (બોરીના ભાવ) | કોકમ ફુલ ૧૮૦ |
| **ચોખા-દાળ બજાર** | તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦ | **ખાંડ એસ. ૩૮૫૦-૩૯૦૦** | એલચી ૧૧૦૦-૧૪૦૦ |
| (૧૦૦ કીલોના ભાવ) | તુવરદાળ ખીડીયાર ૫૮૦૦ | **ખાંડ એમ.૪૦૦૦** | મોરૈયો ૬૫-૯૪ |
| ગેટવે પ્રીમીયમ ૮૫૦૦ | દાવત સીલેકટનવા ૮૮૦૦ | ખાંડએલ. ૪૦૫૦-૪૦૦૦ | તલ ૯૦-૧૦૦ |
| ગેટ વ. રોયલ ૬૦૦૦ | દાવત સુપર જુના ૯૮૦૦ | **ચા-બજાર** | ખસ-ખસ ૩૫૦-૫૮૦ |
| ગેટવે રેગ્યુલર ૫૨૦૦ | દાવત દીલખુશ નવા ૭૫૦૦ | સુરજ છાપ ચા ૩૦૦ | સીંગદાણા ૬૫-૮૦ |
| ગેટવે રીઝાના ૪૪૦૦ | દાવત દીલખુશ જુના ૬૫૦૦ | હરણ છાપ ચા ૨૨૦ | **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** |
| ગેટવે એવરેડી ૪૦૦૦ | દાવત દુબાર જુના ૬૦૦૦ | **આખા મરચાં-હળદર** | દુધી ૪૦૦-૫૦૦ |
| ગેટવે ડેઈલી ૩૫૦૦ | દાવત રોઝાના જુના ૫૫૦૦ | હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦ | સુકી ડુંગળી ૫૮૦-૬૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦ | દાવત ૭૦ જુના ૪૧૦૦ | હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦ | લસણ ૭૦૦-૮૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦ | દાવત ૬૦ મીની જુના ૩૨૦૦ | હળદર આખી સેલમ ૯૦ | ધાણા ૯૦૦-૧૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦ | લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦ | હળદર તળેલી સાંગલી ૮૦ | મરચાં ૧૨૦૦-૧૪૪૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦ | લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦ | મરચા વન્ડર હાટ ૨૦૫૦ | લીંબુ ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦ | લાલ કીલ્લો તીબાર ૭૦૦૦ | મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦ | અડવી પત્તા ૨૦૦-૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૨૩૦૦ | લાલ કિલ્લો દુબાર ૫૫૦૦ | મરચા તેજા ૧૮૦૦ | આદુ ૮૦૦૦-૧૦૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦ | લાલ કિલ્લો મોગરો ૪૫૦૦ | મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦ | રીંગણ ૬૦૦-૮૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૫૦૦ | હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૫૦૦ | મરચા ટોમેટો ૨૨૦૦ | ટામેટા ૧૪૦૦-૧૬૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦ | હેરીટેજ તીબાર ૭૨૦૦ | મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦ | ભીંડા ૫૦૦-૭૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦ | હેરીટેજ દુબાર ૫૫૦૦ | કાશ્મીરી ૯૦ | કોબી ૨૮૦-૪૬૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦ | હેરીટેજ મીની દુબા ૪૫૦૦ | કાશ્મીરી મમરી ૯૦ | વટાણા ૯૦૦-૧૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦ | કાયનાત પી ૮૫૦૦ | સુપર પટની ૧૦૫ | ટીંડસા ૭૦૦-૮૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦ | કાયનાત સુપર ૮ ૦ ૦ ૦ | સુપર રજવાડી ૧૯૦ | **ગવાર ૧૦૦૦-૧૨૦૦** |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦ | કાયનાત ૬૮૦૦ | મરચા ડેડીકટ ૧૨૫ | બાદશાહ બટાકા ૨૦૦-૨૨૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦ | રાજા બાસમતી ૪૦૦૦ | મરચાં ૫૮૦૦ | સાંગા બટાકા ૧૨૦-૧૪૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦ | કુરૂક્ષેત્ર ૫૮૦૦ | **ગોળ બજાર** | ચોળી ૧૨૦૦-૧૬૦૦ |
| દુન પ્રીમીયમ ૯૦૦૦ | એપ્પલ પ્રીમીય ૪૮૦૦ | વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦ | તુરીયા ૮૦૦-૧૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી.૭૭૦૦ | | | |
| દુન તીબાર ૧૦ કી.૭૨૦૦ | | | |

## દેવીનગરથી રવિપુરાકંપા વચ્ચેના માર્ગ પરનું નાળુ ધોવાતા વાહન વ્યવહાર ઠપ

વડાલી

વડાલી તાલુકાના પૂર્વ વિસ્તારમાં આવેલા દેવીનગર–રવિપુરકંપા વચ્ચેના માર્ગ પર આવેલુ નાળુ ગત સપ્તાહે પડેલા ભારે વરસાદથી ધોવાઇ જતાં માર્ગપરનાં વાહન વ્યવહાર ઠપ થઇ ગયો છે. જેથી દેવીનગર ગામના લોકોને ૨ કિ.મી.ચાલીને બસ પકડવાનો વારો આવતાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. જેથી લોકો તંત્ર દ્વારા નાળુ રિપેર કરી માર્ગ ડામરનો બનાવવા માંગ ઉભી થઇ છે. આ અંગે રવિપુરાકંપાના સંજયભાઇ પટેલના જણાવ્યાનુસાર, વડાલી તાલુકાના પૂર્વ વિસ્તારમાં દેવીનગર થી રવિપૂરાકંપા વચ્ચેના ૨ કિ.મી.લાંબો માર્ગ આવેલો છે.આ માર્ગ ડામરનો બનાવવા અનેક રજૂઆતો કરવા છતાં જવાબદાર તંત્ર ધ્વારા કોઇ પગલાં લેવામાં આવ્યા નથી. તાલુકામાં પડેલા ભારે વરસાદથી કાચો માર્ગ મોટાપાયે ધોવાઇ ગયો હતો. દેવીનગર ગામમાં વસવાટ કરતા લોકોની જીવાદોરી સમાન એસ.ટી.બસ સેવા ઠપ થઇ ગઇ છે. દેવીનગર ગામ ઘઉંવાવ ડુંગરની તળેટીમાં આવેલ હોવાથી જંગલી પ્રાણીઓનો પણ ડર લાગતા માર્ગ ઠપ હોવાથી મોટી હોનારત સર્જાતા મદદ મેળવવામાં હાલાકી પડતાં લોકોમાં ડર ફેલાઇ રહ્યો છે જેથી લોકો તંત્ર દ્વારા માર્ગ પરનું નાળુ રીપેર કરી ડામર રોડ બનાવવા માંગ ઉભી થઇ છે.

## રાધનપુરની શ્રી બી.જે.ગઢવી બી.એડ.કોલેજમાં આવકાર સત્કાર અને રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ

કમલ ચક્રવર્તી



પ્રતિનિધિ રાધનપુર

કરણી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી બી.જે.ગઢવી બી.એડ કોલેજ રાધનપુરમાં વર્ષ ૨૦૧૭-૧૮ ના વિદ્યાર્થીઓનો આવકાર કોલેજના ઈ.આચાર્ય શૈલેન્દ્રસિંહ સોઢાનો સત્કાર અને ભાઈ-બહેનનો અતૂટ નાતો ધરાવતો રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી.આજરોજ ત્રિવેણી સંગમના પર્વનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ટ્રસ્ટના મંત્રી લીંમદાનભાઈ ગઢવી વિનય વિદ્યાલયના આચાર્ય અરવિંદભાઈ જોષી,બી.એડના આચાર્ય મનિષાબેન વ્યાસ, શૈલેન્દ્રસિંહ સોઢા, દિલીપભાઈ પ્રજાપતિ, શૈલેષભાઈ યોગી, અમિતકુમાર સોલંકી, સ્નેહલબેન કાપડીયા, જીજ્ઞાબેન ઠક્કર, કૌશલભાઈ વ્યાસ, રામજીભાઈ ચૌધરી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમની શરૂઆતમાં સૌપ્રથમ પ્રો.અમિતકુમાર સોલંકી મહેમાનો શાબ્દિક પરિચય આપ્યો હતો.ત્યાર બાદ વર્ષ ૨૦૧૭-૧૮ના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો.ત્યારબાદ કોલેજમાં ૫ વર્ષ ફરજ બજાવેલ શૈલેન્દ્રસિંહ સોઢાનું સાલ, મોમેન્ટથી સન્માન કરવામાં આવ્યું હતું.અંતમાં કોલેજના સ્ટાફ પરિવાર અને પ્રશિક્ષણાર્થી બહેનોએ ભાઈઓને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.શૈલેષભાઈ યોગી, આભારવિધી દિલીપકુમાર પ્રજાપતિએ કરી હતી.

## ભાંખરીયા તળાવમાં આધેડનો પગ લપસતાં ડૂબી જતાં મોત

પ્રાંતિજ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાંખરીયા ટેકરા ઉપર રહેતાં આધેડ તળાવ પાસે કુદરતી હાજતે ગયાં બાદ પગ લપસતા તળાવમાં ડુબ્યાં હતાં. પ્રાંતિજ ભાંખરીયા ટેકરા ઉપર રહેતાં મારવાડી વિનુભાઇ ભીખાભાઇ ઉ. વર્ષ -૫૨ કે જેવો ચાર સંતાનોના પિતા છે. અને તેવો ભાંખરીયા પાસે કુદરતી હાજતે ગયાં હતાં અને તળાવ પાસે હતાં તે સમયે તેવોનો પગ લપસતાં તેવો તળાવમાં ડુબ્યાં હતાં.

ત્યારે બૂમાબૂમ થતા લોકો દોડી આવ્યાં હતાં અને પ્રાંતિજ ફાયરટીમ ને જાણ કરવામાં આવીહતી અને ફાયરટીમ દ્વારા શોધખોળ હાથ ધરી હતી અને હિંમતનગર ફાયરટીમને જાણ કરતા તેવો પણ દોડી આવ્યાં હતાં તથા સ્થાનિક તરવૈયાની મદદથી ચાર કલાકની મહેનત બાદ આધેડ મૃતક હાલતમાં મળી આવ્યાં હતાં જયારે પ્રાંતિજ મામલતદાર બી.જી.મકવાણા, નગરપાલિકા ચીફ ઓફિસર વિશાલભાઇ પટેલ સહિત પ્રાંતિજ પોલિસ પણ ઘટના સ્થળે દોડી આવ્યાં હતાં અને મૃતકનું પંચનામું કરી લાશને પ્રાંતિજ સિવિલ ખાતે પી.એમ અર્થે મોકલવામાં આવી હતી.

## મહેસાણાઃ કાર ઝાડ સામે અથડાતાં પત્નીને તેડવા જઈ રહેલા પતિનું મોત

મહેસાણા

રક્ષાબંધને ભાઇને રાખડી બાંધવા ગયેલી પત્નીને તેડવા જઇ રહેલા પતિને પીલવાઇ ચોકડી નજીક અકસ્માત નડ્યો હતો. ઝાડ સાથે કાર અથડાતા યુવાનનું સારવાર પૂર્વે જ મોત નિપજ્યું હતું.પોલીસે લાશનું પીએમ કરાવવા સહિતની કાર્યવાહી હાથધરી હતી.

લાખવડગામનો ભાણીયો અને નાની ચરાડુગામનો ૩૫વર્ષનો કલ્પેશ શકરાભાઇ પંચાલ રક્ષાબંધન નિમીતે ભાઇને રાખડી બાંધવા ગયેલી પત્નીને તેડવા બુધવારે બપોરે ઘરેથી નીકળ્યો હતો.આશરે ૪ વાગ્યાના અરસામાં રામપુરાથી પીલવાઇ ચોકડી તરફ જઇ રહેલા કલ્પેશે કાર પરથી કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. ઝાડ સાથે કાર અથડાતા યુવાનને માથા અને શરીરના અન્ય ભાગોએ ગંભીર ઇજા થયેલી હાલતમા સારવાર માટે મહેસાણા સીવીલમા ખસેડ્યો હતો.જ્યા તેનું ગણતરીની મીનીટોમા મોત નિપજ્યું હતું. ઉપરોક્ત બનાવની જાણ થતા જ સીવીલમા ૧ વર્ષના પુત્ર સાથે દોડી ગયેલ મૃતકની પત્નીએ કરેલા આક્રદે વાતાવરણ ગમગીન બનાવ્યું હતું.પોલીસે લાશનું સીવીલમા પીએમ કરાવી આગળની કાર્યવાહી હાથધરી છે.

## વિવિધ બજાર ભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| થરા | | રજકો | ૨૫૮૦ | રાયડો | ૬૨૦-૬૮૦ |
| જીરૂ | ૨૯૦૧- | | -૨૬૦૦ | એરંડા | ૮૫૦-૮૯૨ |
| | ૩૩૩૦ | વરી. | ૧૦૦૦-૧૧૨૧ | ઘઉં | ૩૧૫-૩૪૬ |
| એરંડા | ૮૦૦-૮૯૦ | પાટણ | | જુવાર | ૫૦૦-૮૪૩ |
| રાયડો | ૬૪૩-૬૪૫ | જીરૂ | ૩૦૫૦ | બાજરી | ૨૨૪-૨૬૬ |
| ગવાર | ૬૭૨-૮૮૦ | વરીયાળી | ૭૫૦-૯૮૦ | અડદ | ૬૫૧-૭૪૫ |
| ઘઉં | ૩૦૨-૩૨૪ | મેથી | ૪૦૦-૪૮૨ | ગવાર | ૬૪૫-૬૯૪ |
| બાજરી | ૨૨૦-૨૪૮ | સુવા | ૮૪૦-૯૫૨ | ર.બાજરી | ૨૩૫-૨૫૦ |
| જુવાર | ૫૯૬-૭૮૭ | બંટી | ૩૩૦-૩૪૦ | | |

## રાજયસભામાં અહેમદ પટેલની જીત થતાં ચાણસ્મા બહુચરાજીમાં કોંગ્રેસ દ્વારા જશ્ન મનાવાયો

ચાણસ્મા

રાજયસભાની ૩ બેઠકો માટે યોજાયેલી ચુંટણીમાં કોંગ્રેસપક્ષના ઉમેદવાર અહેમદભાઈ પટેલે તેમના પ્રતિસ્પર્ધી ભાજપના ઉમેદવાર બલવંતસિંહ રાજપૂતને હાર આપી વિજેતા થતાં ચાણસ્મા અને બેચરાજી ખાતે તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા વિશાળ રેલી કાઢી, આતશબાજી કરી વિજય ઉત્સવ મનાવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં તાલુકાભરમાંથી કોંગ્રેસના કાર્યકરો જોડાયા હતા.

ભાજપ પક્ષ દ્વારા સા.દામ.દંડની નીતી અપનાવી સરકારી મશીનરીનો દુરઉપયોગ કરી નાંણાના જોરે હાલના કોંગ્રેસી વિધાયકોને ખરીદી અને ક્રોસ વોટીંગ કરાવી રાજયસભાના કોંગ્રેસના ઉમેદવાર અહેમદ પટેલને પરાસ્ત કરવા એડી ચોટીનું જોર લગાવ્યું હતું. પરંતુ અસત્યની સામે આખરે સત્યનો વિજય થયો હતો. અને હમણાં જ કોંગ્રેસના સિધ્ધપુર વર્તમાન ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતે રાજીનામું આપી ભાજપ પક્ષ તરફથી ઉમેદવારી નોંધાવી હતી. જો કે આ ખરાખરીના જંગમાં કોંગ્રેસમાંથી સતત ચાર ટર્મથી રાજયસભામાં ચુંટાઈને જતા અહેમદ પટેલનો વિજય થયો હતો.

ગતરોજ ચાણસ્મા ખાતે કોંગ્રેસના પ્રમુખ નાગજીજી દરબાર, રાજુલ પટેલ સહિતના કાર્યકરોએ મોટી સંખ્યામાં ભેગા થઈ સરદારચોક, તાલુકા પંચાયત કચેરી અને ચાણસ્મા ચાર રસ્તા પાસે આતશબાજી કરી મીઠાઈ વહેચી ઉત્સવ મનાવ્યો હતો. જ્યારે બેચરાજી ખાતે મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરોએ હાજર રહી એક વિશાળ રેલી કાઢી ભાજપ વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરી કોંગ્રેસના વિજેતા ઉમેદવારને અભિનંદન આપી આગામી ૨૦૧૭ ની ચૂંટણીમાં કોંગ્રેસના ભવ્ય વિજય માટે સંકલ્પ જાહેર કર્યો હતો.

## હિંમતનગરના ટાઉનહોલ ખાતેથી કલા મહાકુંભનો પ્રારંભ

હિંમતનગર

રમત ગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગ, ગાંધીનગર અને જિલ્લા વહિવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે આયોજીત કલા-મહાકુંભ-૨૦૧૭ને હિંમતનગર નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી નીલાબેન પટેલ તથા જિલ્લા સમાહર્તા શ્રી પી.સ્વરૂપના હસ્તે હિંમતનગરના ટાઉનહોલ ખાતેથી ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેમાં રમત ગમત અધિકારી શ્રી અશોક રાવલ સહિત અન્ય પદાધિકારી-અધિકારી ઉપરાંત મોટી સંખ્યામાં રમતવીરો ઉપસ્થિત રહ્યા હતા.



સતીષ ભટ્ટ

## મહેસાણામાં ઘર આંગણે બેસેલી મહિલા પર પ્રથમ માળનું છજું પડતા મોત

મહેસાણા

મહેસાણા શહેરના ટીબી રોડ પર આવેલ ઋતુરાજ ફ્લેટમાં બુધવારે ગ્રાઉન્ડ ફ્લોર પર મકાનના ઓટલા પર બેસીને વાતો કરી રહેલી ૨ મહિલા ઉપર પ્રથમ માળેથી જર્જરિત છજું પડતાં ગંભીર હાલતમાં સિવિલમાં ખસેડાઇ હતી. જેમા ગીતાબેન બારોટનું બ્રેઇન હેમરેજથી મોત થયું હતું, જયારે અન્ય મહિલાની હાલત ગંભીર હોઇ આઇસીયુમાં ખસેડાઇ હતી.

શહેરના ઋતુરાજ ફ્લેટમાં રહેતાં ૫૨ વર્ષનાં ગીતાબેન આનંદભાઇ બારોટ તેમના જ ફ્લેટમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં રહેતી ૪૨ વર્ષની બહેનપણી અર્ચનાબેન મનોજભાઇ દેશમુખના ઘરના ઓટલા પર બુધવારે સાંજના ૫-૩૦ વાગે બેસવા ગયા હતા. અહીં બંને મહિલાઓ વાતો કરી રહી હતી, તે સમયે અચાનક પ્રથમ માળેથી ૧૦ બાય ૪ ફૂટ જેટલો જર્જરિત છજાનો ભાગ ધડાકા સાથે નીચે આવતાં બંને મહિલાઓ દટાઇ હતી.

આ બનાવને પગલે ઘટના સ્થળે દોડી આવેલા રહીશોએ કાટમાળ હટાવી બંને ઇજાગ્રસ્ત મહિલાઓને સારવાર માટે સિવિલમાં લઇ ગયા હતા. જ્યાં ગીતાબેન બારોટને બ્રેઇન હેમરેજ હોઇ ગણતરીની મિનિટોની સારવાર દરમિયાન મોત થયું હતું. જયારે અર્ચનાબેનના કમરના ભાગે ગંભીર ઇજા થતાં આઇસીયુમાં ખસેડાયાં હતાં. શહેરમાં સૌપ્રથમ આ ફ્લેટ બન્યાં હતાં.

## દલિત છાત્રના વાળ કાપવાનો ઈન્કાર કરી કાઢી મૂકતાં મામલો ગરમાયો

વડનગર

વડનગર તાલુકાના કરબટિયા ગામમાં વાળ કપાવવા માટે સલૂનમાં ગયેલા દલિત છાત્રને વાળંદે હડધૂત કરી કાઢી મૂકતાં મામલો ગરમાયો છે. ૩ દિવસથી ધક્કા ખાતા છાત્રએ તેના પિતાને વાત કરતાં તેઓ વાળંદને કહેવા જતાં તેમને પણ કડવો અનુભવ થયો હતો. આ અંગે ગામના સરપંચને જાણ કરતાં સરપંચે વાળંદને ઠપકો આપી સમાધાન કરાવ્યું હતું.

વડનગરથી ૭ કિમી દૂર આવેલા કરબટિયા ગામમાં રહેતા અને ખેતીકામ કરી ગુજરાન ચલાવતા લક્ષ્મણભાઈ પરમારનો પુત્ર હર્ષ ધોરણ-૯માં અભ્યાસ કરે છે. તે મંગળવારે ગામમાં આવેલા સલૂનમાં વાળ કપાવવા માટે ગયો હતો. ત્યારે સલૂનધારકે તેને અમે તમારા વાળ કાપતા નથી તેમ કહી હડધૂત કરી દીધો હતો. ૩ દિવસથી ધક્કા ખાતા હર્ષે પિતાને વાત કરતાં તેઓ બુધવારે જયેશ નામના વાળંદ પાસે ગયા તો તેમને પણ કડવો અનુભવ થયો હતો. વાળંદે વાળ કાપવાનો ઈન્કાર કરી દીધો હતો.

આથી લક્ષ્મણભાઈ પરમારે ગામના સરપંચ જશવંતસિંહ રાજપુતને ફરિયાદ કરી હતી. સરપંચે વાળંદને ઠપકો આપી સમાધાનના પ્રયાસો હાથ ધર્યા હતા. છેવટે વાળંદ વાળ કાપવા તૈયાર થયો હતો. ગ્રામ્ય વિસ્તારમાં હજુ પણ દલિતો પ્રત્યે ભેદભાવ રખાતો હોવાની રાવ ઊઠી છે. ઉલ્લેખનિય છે કે, એક વરસ અગાઉ પણ ગામમાં વાળ કપાવવા ગયેલા દલિત વ્યક્તિને હડધૂત કરાયાનો કિસ્સો બહાર આવ્યો હતો.

આ અંગે સરપંચ જસવંતસિંહ રાજપુતે જણાવ્યું કે, વાળંદે આ મુદ્દે માફી માગી વાળ કાપવાની તૈયારી બતાવી આવી ભૂલ ક્યારેય નહીં કરે તેવી ખાતરી આપતાં સમાધાન થયું છે. ગામના દરેક કોમના વ્યકિત પ્રત્યે સમભાવ રખાય તે મુદ્દે ગામલોકો પણ સહકાર આપી રહ્યા છે.

## પ્રાંતિજના ૭ વર્ષીય બાળક સહિત ઉત્તર ગુજરાતમાં સાતને સ્વાઈન ફ્લુ પોઝીટીવ

હિમતનગર

સમગ્ર રાજ્યમાં સ્વાઇનફલુએ ફરી એકવાર માથુ ઉચક્યુ છે ત્યારે પ્રાંતિજના ૭ વર્ષીય બાળકને પણ સ્વાઇનફલુના લક્ષણો જણાયા બાદ સમયસર સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ બાળકની તબીયત રીકવર થઇ રહી હોવાનુ આરોગ્ય તંત્ર દ્વારા જણાવાઇ રહ્યુ છે. જયારે ઉત્તર ગુજરાતમાં મહેસાણા સિવિલ ટ્રોમા સેન્ટરમાં બે શંકાસ્પદ સ્વાઇન ફ્લુના દર્દીઓ જણાતાં લાળના નમૂના લેવાયા હતા. તો પાટણના કમાલીવાડામાં મહિલા જયારે સમોડામાં એક યુવકને સ્વાઇન ફ્લુ પોઝિટીવ આવ્યો હતો. પાલનપુર સિવિલમાં બનાવેલા આઇસોલેશન વોર્ડમાં ૨ શંકાસ્પદ સ્વાઈન ફ્લૂ દર્દીઓ ને સારવાર આપવામાં આવી રહી છે. જે શંકાસ્પદ દર્દીઓ છે તેમાં ૩ પુરુસ ૨ સ્ત્રી અને ૧ બાળકનો સમાવેશ થાય છે.

જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.મનીષ ફેન્સીએ વિગત આપતા જણાવ્યુ હતુ કે પ્રાંતિજના ૭ વર્ષીય બાળકને સ્વાઇનફલુના લક્ષણો જણાતા અમદાવાદ સીવીલ હોસ્પીટલમાં ગત ૨૧મી જુલાઇએ સારવાર અર્થે દાખલ કરવામાં આવેલ અને ૫ મી ઓગસ્ટે તેનો સ્વાઇનફલુ પોઝેટીવ રીપોર્ટ આવ્યો હતો.જેને પગલે બાળકના પરીવારના પાંચ સભ્યોને ટેમી ફલુ સારવાર આપવા સહિત જરૂરી પગલા લેવામાં આવી રહ્યા છે તદપરાંત સીવીલ હોસ્પીટલમાં આઇસોલેશન વોર્ડની ક્ષમતા વધારવામાં આવી છે તથા વેન્ટીલેટર,માસ્ક,ટ્રીપલએર માસ્કની સંખ્યા પણ પર્યાપ્ત માત્રામાં વધારાઇ છે તદપરાંત ખાનગી પીડીયાટ્રીશ્યન અને ફીઝીશ્યનના સંપર્કમાં પણ રહેવા જણાવાયુ છે.

## સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા અહેમદ પટેલની જીતનો જશ્ન મનાવાયો

પ્રતિનિધિ હિંમતનગર

તા.૯-૦૮-૨૦૧૭ બુધવારના રોજ સાબરકાંઠા જિલ્લાના વડામથક હિંમતનગર ખાતે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગોપાલસિંહ રાઠોડની આગેવાની હેઠળ રાજ્યસભાના સાંસદ ભારતીય રાષ્ટ્રિય અહેમદ પટેલનો ભવ્ય વિજય થયો તેના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે વિજયની ઉજવણી કરેલ અને એકબીજાને મીઠાઈઓ ખવડાવી અને રેલી દ્વારા ગગનભેદી સુત્રોચ્ચાર કરતા ટાવરચોક પહોંચી ફટાકડા ફોડી જશ્ન મનાવ્યો હતો.જેમાં હિંમતનગર તાલુકા પ્રમુખ રણજીતસિંહ સોલંકી, શહેર પ્રમુખ સતીષભાઈ શાહ, જીલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ પ્રીયવદન પટેલ, જિલ્લા માલનોરીટી પ્રમુખ ઈમરાનભાઈ દાવડા, એસ.સી.સેલના ચેરમેન કાન્તિભાઈ પરમાર, ઓબીસી સેલના ચેરમેન કાળુસિંહ, તાલુકા પંચાયત પ્રમુખ ઈમરાનભાઈ ઠાકોર, જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ હર્ષદ પટેલ, તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ અમીતભાઈ પટેલ, હિંમતનગર નગરપાલિકા વિરોધપક્ષના નેતા જગદીશભાઈ જયસ્વાલ, જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના સદસ્યો, નગરપાલિકાના કોર્પોરેટરો, જિલ્લા અને તાલુકાના કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

## ચાણસ્મા શેષનારાયણ ગોગા મહારાજના સ્થાનકે નાગપંચમીનો મેળા ભરાશે

ચાણસ્મા

પવિત્ર શ્રાવણ માસમાં તહેવારોની હારમાળાનો પ્રારંભ શનિવારે નાગપંચમીથી થશે. જે નિમિત્તે ચાણસ્મા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારમાં અનેક જગ્યાએ લોકમેળા ભરાય છે. જે અંતર્ગત ચાણસ્મા નગરના જુના રબારીવાસમાં મોજૂદ શેષનારાયણ ગોગા મહારાજના૧૨૦૦ વર્ષ પૌરાણિક સ્થાનકે સોમવારે નાગપંચમીનો ભવ્ય લોકમેળો ભરાશે. આ નિમિત્તે લઘુરુદ્ર,ધ્વજારોહણ સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જેની હાલમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ચાણસ્મા નગરની સ્થાપના સમયના એટલે કે ૧૨૦૦ વર્ષ પૂર્વે રબારી સમાજના નેસડામાં ગોગા મહારાજની પવિત્ર સ્થાપના કરાઈ હતી. જે મંદિરનો ગોગાબાપાના પરમ ઉપાસક જોરાભા અને ત્યારબાદ અમથાભાઈ દેસાઈ દ્વારા જીર્ણોદ્ધારા કરાયો હતા. હાલમાં આરસપહાણમાં મઢેલા આ મંદિરમાં ગોગા મહારાજ સહિત દેવી દેવતાઓની નિત્યપૂજા અર્ચના થાય છે. આ પૌરાણિક સ્થાનેક વર્ષો જૂની પરંપરા મુજબ નાગપંચમીનો ભવ્ય લોકમેળો સોમવારે ભરાનાર છે. ગોગાબાપાના ભુવાજી મહેન્દ્રભાઈ અમથાભાઈ દેસાઈ (એડેવોકેટ) ના જણાવ્યા મુજબ નાગપંચમી નિમિત્તે સવારે ૭ વાગે લઘુરુદ્ર યોજાશે. ત્યારબાદ સવારે ૧૦ વાગે મંદિરે ધ્વજારોહણ કરાશે. ગોગાબાપાના દર્શને આવતા દરેક શ્રધ્ધાળુ માટે ગોગા મહારાજ પરિવાર દ્વારા ભોજનની વ્યવસ્થા કરાઈ છે. અહીં દર્શન માટે ચાણસ્મા, બહુચરાજી અને પાટણ પંથકમાંથી માલધારી સમાજ સહિતના શ્રધ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડશે. તેમ પુજારી હસમુખપુરી ગોસ્વામીએ જણાવ્યું હતું.

પંથકના પ્રસિધ્ધ ગોગા સ્થાનક ધરમોડા, ધાણોધરડા, કંબોઈ સહિતના ગામોએ પણ પરંપરાગત મેળામાં શ્રધ્ધાળુઓ દર્શન માટે ઉમટી પડી ધન્યતા અનુભવશે.

## હિંમતનગરના સહકાર હોલ ખાતે મહિલા બાળ પોષણ જાગૃતિ દિવસ યોજાયો

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લા પંચાયતના સંકલિત અને બાળ વિકાસ યોજના કચેરી ધ્વારા હિંમતનગરના સહકાર હોલ ખાતે મહિલા અને બાળ પોષણ જાગૃતિ દિવસ યોજાયો હતો. આ જન જાગૃતિ રેલીને કલેકટર શ્રી પી.સ્વરૂપે રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. જે શહેરના વિવિધ વિસ્તારમાં ફરીને જાગૃતિ લાવવાનો સંદેશ વહતો કર્યો હતો. સહકાર હોલ ખાતે આયોજીત આ જાગૃતિ દિવસમાં જિલ્લા પંચાયતના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



સતીષ ભટ્ટ

## પાકને નુકસાન કરતી ગાયોથી ત્રાસીને લોકો વિજાપુર તા.પં.કચેરી ધસી ગયા

વિજાપુર

વિજાપુર તાલુકાના દેવપુરા, કનકપુરા, મહેશ્વરપુરા, રણછોડપુરા તથા રામપુરા (ફુવાયડા) સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં રખડતી ગાયો ખેતરોમા ઘૂસી ખરીફ પાકોને વ્યાપક નુકસાન કરતી હોઇ ખેડૂતો ચિંતામાં મૂકાયા છે.આ મામલે અગાઉ પ્રાંત અધિકારી સમક્ષ સંકલન સમિતિની મિટિંગમાં રજૂઆત કરાઇ હતી, પરંતુ તેનો નિકાલ નહીં આવતાં ખેડૂતોનું ટોળુ મંગળવારે તાલુકા પંચાયતમાં ધસી આવ્યું હતું અને ટીડીઓને રખડતી ગાયોનો ઉકેલ લાવવા માંગ કરી હતી.

આ મામલે દેવપુરા, કનકપુરા, મહેશ્વરપુરા, રણછોડપુરા તથા રામપુરા (ફુ) ગામના ખેડૂતોએ આક્રોશ ઠાલવતાં જણાવ્યું કે, હાલ ખેતરોમાં મગફળી, કપાસ, મગ સહિતના ખરીફ પાકોનું વાવેતર કરાયું છે. આ ખેતરોમાં બિનવારસી રખડતી ભટકતી ગાયો ખેતરોમાં ઘૂસી પાકને વ્યાપક નુકસાન કરાઇ રહ્યું છે. આથી ખેડૂતો દ્વારા પાક સંરક્ષણ માટે રીતસર ખેડૂતોમાં રખેવાળી કરવા બેસી રહેવું પડે છે.

ગાયોના આ ત્રાસથી કંટાળેલા ખેડૂતો દ્વારા ૨જી ઓગસ્ટના રોજ આવી ગાયોને હાલ સલામત જગ્યાએ બાંધીને રાખવામાં આવી છે, પરંતુ આજદિન સુધી કોઇ લેવા નહીં આવતાં તે બિનવારસી હોઇ પાંજરાપોળમાં મોકલી આપવા તેમજ પ્રશ્નનો કાયમી નિકાલ લાવવા માંગ ઊઠી છે. આ મામલે મંગળવારે ખેડૂતોએ તાલુકા વિકાસ અધિકારી વી.આર. બારોટ સમક્ષ લેખિત રજૂઆત કરી હતી.

## ઊંચું વ્યાજ લેવા જતાં ૩૫ જણે ૫.૫૯ લાખ ખોયા: ત્રણ ઠગ વિરુદ્ધ ફરિયાદ

મહેસાણા

મહેસાણાના મોઢેરા રોડ પર ૬ વર્ષથી ચાલતી મંત્રય પ્લોટ એન્ડ સ્ટ્રકચર પ્રા.લી.ના નામે પ્લોટ કે પછી ઊંચુ વ્યાજ આપવાની લલચામણી સ્કીમમાં ફસાયેલા ૩૫ ગ્રાહકો પૈકીના કરણનગરના યુવાને શહેર બી ડિવિજન પોલીસ સ્ટેશનમાં મુંબઇના ૩ ગઠિયાઓ વિરુદ્ધ રૂ.૫.૫૯ લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાવતાં આ મામલો ચર્ચાસ્પદ બન્યો છે. આ કંપનીની મહેસાણા બ્રાન્ચમાં ૧ હજારથી વધુ ગ્રાહકોએ ૧ કરોડ જેટલી રકમ ગુમાવ્યાનું પ્રાથમિક તબક્કે ખુલ્યું છે.

મુંબઈમાં વર્ષ ૧૯૯૮માં શરૂ થયેલી મંત્રય પ્લોટ એન્ડ સ્ટ્રકચર પ્રા.લી.કંપનીએ વર્ષ ૨૦૧૧માં મહેસાણામાં મોઢેરા ચોકડી પર આવેલા સંસ્કૃત મોલમાં બ્રાન્ચ ખોલી હતી. જેમાં પ્લોટ કે પછી બેંકથી વધુ વ્યાજ આપવાની લોભામણી જાહેરાત કરાઇ હતી. જેમાં મહેસાણા, વિસનગર, કડી, ખેરાલુ સહિત જિલ્લામાંથી ૧ હજારથી વધુ ગ્રાહકોએ ૧ કરોડ જેટલી માતબર રકમ વિવિધ યોજના અંતર્ગત જમા કરાવી હતી. જોકે, તાજેતરમાં આ કંપનીની ઓફિસને તાળાં વાગી જતાં ગ્રાહકો ફસાયા હતા. જેમાં કડીના કરણનગર રોડ પર આવેલા નારાયણનગરમાં રહેતા હરી મોતીરામ સિંદેએ પોતાની સાથે સગા-સંબંધીઓ વગેરે મળી ૩૫ વ્યક્તિઓ પાસે કરાવેલું કુલ રૂ.૫.૫૯ લાખનું રોકાણ કંપનીમાં ફસાતાં મામલો પોલીસમાં પહોંચ્યો હતો.

# પૂરગ્રસ્ત લોકોને સરકાર અને સેવાભાવી સંસ્થાઓ તરફથી સરાહનીય સહયોગ મળ્યો છે : પૂ.શ્રી શ્રી રવિશંકરજી

**આર્ટ ઓફ લિવીંગના સ્થાપક પૂ.શ્રી શ્રી રવિશંકરજીએ ધાનેરા મુકામે પૂરગ્રસ્ત લોકો સાથે મુલાકાત લીધી**



એન.કે.મોદી



તા.પ્રતિ. ધાનેરા

બનાસકાંઠા જીલ્લાના ધાનેરા મુકામે વિશ્વપ્રસિધ્ધી આર્ટ ઓફ લિવીંગ ફાઉન્ડેપશનના સ્થાપક પૂજ્ય શ્રી શ્રી રવિશંકરજી ગુરૂજીએ પૂરગ્રસ્ત લોકો સાથે મુલાકાત કરી પરિસ્થિતી જાણી અસરગ્રસ્તોને મદદરૂપ થવાની તત્પરરતા દર્શાવી હતી. તેમણે કહ્યું કે તાજેતરમાં પડેલા ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતીમાં લોકોને જે મુશ્કેશલીઓ અને દુઃખ પડયું તે સમજી શકાય છે, અનુભવી શકાય છે પરંતુ સંકટ હવે દુર થયું છે ત્યારે મનમાંથી તેનો ડર દુર કરીએ.

પૂજ્ય શ્રી શ્રી રવિશંકરજી ગુરૂજીએ જણાવ્યું કે પૂરની આપત્તિમાં લોકોને કેન્દ્ર અને રાજય સરકાર તથા સેવાભાવી સંસ્થાઓ તરફથી સરાહનીય સહયોગ મળ્યો છે. તેમણે કહ્યું કે મુશ્કે લીઓમાંથી બહાર આવવા માટે ભરપુર આત્મબળની જરૂર હોય છે. મજબુત આત્મવિશ્વાસ કેળવવા તેમણે શીખ આપી હતી. તેમણે કહ્યું કે આપત્તિના સમયમાં નાના–મોટા કે અમીર-ગરીબના ભેદભાવ ભુલીને સૌ એક બનીને સૌને મદદરૂપ બન્યા તે માટે આપ સૌને અભિનંદન પાઠવું છું. નદી-નાળાને ચોખ્ખા રાખવા તેમજ પકૃતિનું જતન કરવા તેમણે જણાવ્યું હતું. પૂજ્ય શ્રી શ્રી રવિશંકરજીએ કહ્યું કે પૂરનું સંકટ હવે દુર થયું છે તેમજ તેની વ્યાધિમાંથી બહાર આવવા તે સંકટને ભુલી જઈએ તે બહુ જ જરૂરી છે. તેમણે કહ્યું કે ભુતકાળને ભુલી જઈને હવે શું કરવાનું છે તેનુ

અનુસંધાન પાના નં.૬

# ધાનેરા ખાતે રાજયમંત્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાશે

**૧૫ મી ઓગષ્ટની ઉજવણી અંગે પાલનપુર ખાતે કલેક્ટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ**



પાલનપુર

ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતિમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ બનાસકાંઠા જિલ્લામાં પાંચ- પાંચ દિવસ સુધી રોકાણ કરી તંત્રને જરૂરી સુચના અને માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે પૂર અસરગ્રસ્ત ધાનેરાને હતુ તેનાથી સવાયું બનાવવા આ વરસે જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી ધાનેરા ખાતે કરવામાં આવશે.

આગામી તા.૧૫ મી ઓગષ્ટના રોજ બનાસકાંઠાના જિલ્લાના ધાનેરા મુકામે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા શહેરી વિકાસ રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય દિનની ભવ્ય ઉજવણી

અનુસંધાન પાના નં.૬

# બનાસ નદીના પૂરથી તારાજી પણ ભૂગર્ભ જળની સમૃધ્ધિ

**કુદરતી કહેરની જગતના તાત ઉપર મહેર**





નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

જેના નામ પર સમગ્ર જિલ્લાનું નામ પડ્યું છે. તેવી બનાસ નદી પર બંધાયેલા દાંતીવાડા અને સીપુ ડેમ ચાલુ વર્ષે ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે ઓવરફ્લો થતા બનાસ નદીમાં પાણી છોડવામા આવતા સુકીભઠ્ઠ ભાસતી બનાસ નદી પાણીના ખળખળતા વહેણથી સજીવન થઈ ઉઠતા બનાસવાસીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. બે વર્ષ બાદ બનાસ નદીમાં પાણી આવતા સૌ કોઈ બનાસ નદીને જોવા ઉમટી પડ્યા હતા. ઉપરવાસમાં ભારે વરસાદના કારણે નદીમાં પાણી ફરી વળ્યુ હતું. જેના કારણે મોટી

અનુસંધાન પાના નં.૬

**જળ સંકટનો ખતરો ટળ્યો**

જિલ્લામાં ગત વર્ષે ઓછો વરસાદ થતા ભૂગર્ભ જળમાં ધરખમ ઘટાડો થયો હતો. જેથી એક જ વર્ષમાં ૪૦ ફુટ જેટલુ ભુગર્ભ જળ ઘટતા જિલ્લાવાસીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યુ હતું. ત્યારે જો આ વર્ષે ઓછો વરસાદ થયો હોત તો આગામી સમયમાં જિલ્લામાં જળ સંકટની સમસ્યા સર્જાતા પણ આ વર્ષે કુદરતે મહેર કરતાં જિલ્લાવાસીઓને અતિવૃષ્ટિનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે કુદરતી કહેરમાં તારાજી સર્જાઈ છે પણ ભૂગર્ભ જળ ઊંચકાવાની કુદરતી મહેરથી આગામી સમયમાં નુકશાન સરભર થઈ જશે તેવી જિલ્લાવાસીઓને આશા છે.

**ભૂગર્ભ જળ ઊંચકાશે**

બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫ માં પણ પૂરની સ્થિતિ સર્જાઈ હતી. જેમાં બનાસ નદીમાં પણ બે દિવસ સુધી પાણી ચાલુ રહ્યું હતું. જેના કારણે ડીસા સહિત જિલ્લાના અનેક વિસ્તારોમાં ભુગર્ભ જળમાં ૨૦ ફુટ પાણી ચઢતા બોરવેલમાંથી બે કોલમ ખેડુતોને બહાર કાઢવી પડી હતી. આ વર્ષે પંદર દિવસ કરતા પણ વધુ દિવસથી લોકમાતા વહી રહી છે. જેના કારણે ભૂગર્ભ જળમાં વિક્રમી વધારો થશે. જેનાથી ખેડુતોને ૩-૪ વર્ષ રાહત રહેશે.

# વહીવટીતંત્રના વ્યાપક પ્રયાસોથી બનાસકાંઠા જિલ્લામાં જનજીવન પૂર્વવત

**પૂરઅસરગ્રસ્તોને કેશડોલ, ઘરવખરી અને પશુ મૃત્યુ સહાયની રૂા.૯૫.૪૫ કરોડની જંગી સહાય ચુકવાઈ**

પાલનપુર

ભારે વરસાદ અને પૂરની આપત્તિ પછી બનાસકાંઠા જિલ્લામાં ઝડપથી પૂર્વવત પરિસ્થિતિના નિર્માણ માટે વહીવટીતંત્ર દ્વારા વ્યાપક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. પરિણામે જિલ્લામાં ઝડપથી જનજીવન પૂર્વવત બન્યું છે. કલેક્ટર દિલીપ રાણાની સુચના અને માર્ગદર્શન અનુસાર સંખ્યાબંધ ટીમો દ્વારા અસરગ્રસ્તોને સહાય ચુકવવામાં આવી રહી છે. તા. ૯/૮/૨૦૧૭ સુધીમાં પૂર રાહતની થયેલ કામગીરી અંગેની વિગતો નીચે પ્રમાણે છે.

માનવ મૃત્યુ- શહેરી વિસ્તારના ૧૫ તેમજ ગ્રામ્ય વિસ્તારના ૪૬ મળી કુલ ૬૧ માનવ મૃત્યુ નોંધાયેલ છે. જે પૈકી શહેરી વિસ્તારમાં ૯ તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ૪૩ મળી કુલ ૫૨ (બાવન) કેસોમાં સહાય ચુકવવામાં આવી છે. બાકીના કિસ્સામાં બિનવારસી મૃતદેહ તેમજ વારસદારો નક્કી કરવા પર કાર્યવાહી પ્રગતિમાં છે.

★ કેશડોલ- શહેરી વિસ્તારમાં ૪૧ ટીમ દ્વારા કુલ ૪૮,૬૯૨ લાભાર્થીઓને. રૂા. ૨૬૮.૧૦ લાખ તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ૩૬૭ ટીમ દ્વારા ૯,૦૭,૬૩૪ લાભાર્થીઓને રૂા. ૪૯૭૧.૫૩ લાખ જે મળી જિલ્લામાં કુલ ૪૦૮ ટીમો દ્વારા ૯,૫૬,૩૨૬ લાભાર્થીઓને કુલ ૫૨૩૯.૬૩ લાખ રૂા. કેશડોલ ચુકવાયેલ છે.

★ ઘરવખરી- શહેરી વિસ્તારમાં ૪૧ ટીમ દ્વારા કુલ ૬૩૪૦ લાભાર્થીઓને

અનુસંધાન પાના નં.૬

# વાવના ચૂવા ગામે ખેતરના સેઢેથી આધેડ મહિલાની લાશ મળી

**મહિલાની હત્યા કે આત્મહત્યા : લોકોમાં ચર્ચાનો પ્રશ્ન**



વિષ્ણુ પરમાર

તા.પ્રતિનિધિ વાવ

ગત તા.૧૦/૦૮/૨૦૧૭ ના રોજ વાવ તાલુકાના ચૂવા ગામના થરાદ રોડ પર આવેલા પાટીયા પાસે ફાંસો ખાંધેલી હાલતમાં મહીલાની બીન વારસી લાશ મળી આવતા ચકચાર મચી ગઈ છે.પોલીસે આ બાબતે અકસ્માતનો ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી માહીતી અનુસાર પાટણ જિલ્લાના સકરિયા ગામે પિયર ધરાવતી અને વાવ તાલુકાના આકોલી ગામે સાસરે આવતી સકુબેન ધુડાભાઈ ઠાકોર (ઉ.વ.૪૫) સાસરે (આકોલી) પોતાના પીયરમાં મરણપ્રસંગે જવાનું કહી નીકળી હતી

અનુસંધાન પાના નં.૬

## ડીસામાં બગીચા વિસ્તારમાં અજાણ્યા ભિક્ષુકનું મોત

ડીસા

ડીસા શહેરમાં સરદાર બાગ સામે આવેલ દુકાનોના ઓટલા રાતવાસો કરતા એક અજાણ્યા ભિક્ષુક નું મોત નીપજ્યું હતું.આ બનાવની જાણ ડીસાના સેવાભાવી એ દક્ષિણ પોલીસને કરતા પોલીસે અકસ્માતે મોત અન્વયે નોંધ દાખલ કરી લાશ ને પી એમ અર્થે ખસેડી તપાસ હાથ ધરી હતી.

ડીસામાં સરદાર બાગ સાંઈબાબા મંદિર આગળ એક અજાણ્યા ભિક્ષુક નું કુદરતી મોત નીપજ્યું હતું. લગભગ ભિક્ષા વૃત્તિ કરતા અને વિવિધ દુકાનોના ઓટલા આગળ રાતવાસો કરતા

અનુસંધાન પાના નં.૬

# દીઓદરમાં મહિલાને જાનથી મારી નાખવાની ધમકી આપતા ફરિયાદ

તા.પ્રતિનિધિ દીઓદર

દીઓદર ખાતે રેલ્વે સ્ટેશન વિસ્તારમાં રહેતા ઠાકોર ભાનુબેન કાનજીભાઈ વેરશીભાઈ ઠાકોરે દીઓદર પોલીસ મથકે ફરીયાદ નોંધાવેલ છે કે તા.૯-૮-૨૦૧૭ના રોજ સાંજના સુમારે હુ બજારમાં દરણું દળાવવા માટે ગયેલ હતી તે દરમ્યાન અમારી સામે રહેતા લાલાજી દુદાજી ઠાકોર (મુળ રહે.કાટડીયા, તા.કાંકરેજ) હાલ રહે માળી બોર્ડીંગ પાસે તેનું બાઈક લઈ મારી પાસેથી નીકળતા મેં તેને કહેલ કે કેમ મારી નજીકથી બાઈક લઈ નીકળે છે.તેમ કહેતા આ લાલાજી એ આગળ જઈ બાઈક ઉભુ રાખી મારી પાસે આવી અને મને ગાળો બોલી હાથથી પકડી રોડ ઉપર પડતી કરેલ અને મારા મોં ઉપર લાફો મારવા આવતા મોં ખેસવી દેતા મોંઢા ઉપર ઢુસો મારતા મારા મોઢા ઉપર વાગેલ જેથી કેં બુમ પાડતા નજીકમાંથી મારી મમ્મી તથા બાજુમાંથી લોકો દોડી આવી વચ્ચે પડી મને વધુ મારમાંથી છોડાવેલ. જતાં જતાં લાલજી મને મહેતો હતો કે આજે તો આ લોકો આવી જતા તું બચી ગયેલ છે.

પરંતુ ફરીથી આ રસ્તે નીકળીશ તો તને તથા તારા કુટુંબને જાનથી મારી નાખીશ તેવી ધમકીઓ આપી જતો રહેલ.ત્યારબાદ મારા બાપા આવી જતાં મોબાઈલ વાનને ફોન કરતા ૧૦૮માં મને દીઓદર સરકારી દવાખાને લઈ ગયેલ અને ત્યાં સારવાર કરાવી દીઓદર પોલીસ મથકે ફરિયાદ આપવા આવું છું. આ અંગેની ફરિયાદ દીઓદર પોલીસે ઈ.પી.કો.કલમ ૩૨૩, ૨૯૪ (ખ), ૫૦૬(૨) મુજબ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ડીસામાંથી શ્રાવણીઓ જુગાર રમતા સાત ઝડપાયા



ડીસા

ડીસામાં શ્રાવણીયા જુગારની બોલબાલા ચાલી રહી છે ત્યારે બુધવારે મોડી રાત્રે ડીસા તાલુકાના ભોયણ ગામની સીમમાં મિનરલ વોટરના પ્લાંટ નજીક ખુલ્લી જગ્યામાં જુગાર રમતા સાત જુગારીયાને રૂા.૩૯,૪૪૦/-ના મુદામાલ સાથે એલસીબી પોલીસ પાલનપુરની ટીમે ઓચિંતી રેડ કરી ઝડપી લીધા હતા.

બનાસકાંઠા પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગુજર દ્વારા જિલ્લામાં દારૂ જુગારની પ્રવુતિ નેસ્તનાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતાં એલસીબીના ઈન્ચાર્જ પી આઈ જે એચ સિંધવ તેમજ સ્ટાફના ડાયાભાઈ, રઘુવીરસિંહ, રાજેશ કુમાર, નરેશભાઈ, ભગાભાઈ, ભરતજી, વિજયસિંહની ટીમ ડીસા

અનુસંધાન પાના નં.૬


**પાંચમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



સ્વ.સરદારભાઈ વિરસંગભાઈ વળાગાંઠ
સ્વ.તા.૧૧/૮/૨૦૧૩

ઉગતો સૂરજ ઢળીને આથમી ગયો, તે જોઈને સમય પણ થંભી ગયો, સૂકા ઘાસનું તણખલું નહીં આ તો લીલુછમ આંગણાનું ફૂલ બળી ગયું, તમારા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.

માંઘજીભાઈ વિરસંગભાઈ વળાગાંઠ - પૂર્વ સરપંચ (ભાઈ)
કેશરભાઈ વિરસંગભાઈ વળાંગાઠ (ભાઈ)
જૈમીનકુમાર સરદારભાઈ વળાગાંઠ (પુત્ર)
તથા સમસ્ત વળાગાંઠ પરિવાર, રૂપાલ, તા.વડગામ (બ.કાં.)


## ચુવાની યુવતી દાઝી જતા મોત

પાલનપુર

વાવ તાલુકાના ચુવા ગામની ૧૯ વર્ષીય યુવતી વિમુબેન નારણભાઈ રાજપૂત કોઈ અગમ્ય કારણોસર દાજી જતા તેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.


**શ્રધ્ધાંજલી**



સ્વ. શ્રી જબ્બરસિંહજી રાયમલસિંહજી ચૌહાણ
સ્વ.તા.૦૬-૦૮-૨૦૧૭, રવિવાર

જીવનમાં હરપળ હસતા રહ્યાં, સ્નેહથી સૌને હૈયે વસતા રહ્યાં, આશા અને અરમાનોની શ્રેષ્ઠ ક્ષણોમાં ઓચિંતી લીધી વિદાય, જીવન શ્રેષ્ઠ જીવી ગયા, સર્વત્ર સુવાસ ફેલાવી, સંભારણા સૌના દિલમાં રાખી ગયા.

લિ.

વાઘેલા બળવંતસિંગ પ્રેમજી (રાહ)
ચૌહાણ નરપતસિંગ લાખજી (પીલુડા)
વાઘેલા સેધજી જે.(રાહ)
ઠાકોર ગણાજી ધરમાજી (સીંધોતરા)
પટેલ કાંનાભાઈ ગોમાજી (મોટા મેસરા)
પટેલ ગણેશભાઈ પ્રભુજી (મોટા મેસરા)



**ઓપન ઈન્ટરવ્યું**

**જોઈએ છે આસિ. પ્રોફેસર તથા લેબ. આસિસ્ટન્ટ**

હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સંલગ્ન શ્રી ધાનેરા તાલુકા યુવક પ્રગતિ મંડળ, ધાનેરા સંચાલિત શ્રી કે.આર.આંજણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધાનેરા તથા સાયન્સ કોલેજ, ધાનેરા (સ્વનિર્ભર) માટે નીચે મુજબના સ્ટાફની ભરતી કરવાની છે. તો લાયકાત ધરાવતા ઉમેદવારોએ લેખિત અરજી સાથે સ્વખર્ચે નીચેના સ્થળે ઓપન ઈન્ટરવ્યુંમાં ઉપસ્થિત રહેવું.

| ક્રમ | જગ્યાનું નામ | લાયકાત | જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ઈતિહાસ વિષય (આ.સિ.પ્રોફેસર) | એમએ.-૫૫% | ૧ |
| ૨ | બોટની વિષય (આ.સિ.પ્રોફેસર) | એમએસસી-૫૫% | ૧ |
| ૩ | લેબ.આસિસ્ટન્ટ-ફીઝીક્સ | બી.એસસી. પાસ - સ્નાતક ફીઝીક્સ વિષય સાથે | ૧ |

નોંધ : તમામ નિમણુંકો માટેની લાયકાત તેમજ શરતો હેમ.ઉ.ગુ.યુનિ. પાટણ યુ.જી.સી. તથા સરકારશ્રીના હાલના પ્રવર્તમાન નિયમો તેમજ મેનેજમેન્ટને આધીન રહેશે.

ઈન્ટરવ્યું તારીખ : ૧૨/૦૮/૨૦૧૭ શનિવારે સવારે ૧૧: ૦૦ કલાકે

ઈન્ટરવ્યું સ્થળ : શ્રી કે.આર.આંજણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કોલેજ કેમ્પસ, કારગીલ ત્રણ રસ્તા આગળ થરાદ રોડ, મુ.પો.તા. ધાનેરા, જિ.બનાસકાંઠા (ઉ.ગુ.) પીન. નં. ૩૮૫૩૧૦

પ્રમુખશ્રી/મંત્રીશ્રી
શ્રી ધાનેરા તાલુકા યુવક પ્રગતિ મંડળ
તા. ધાનેરા જિ.બનાસકાંઠા (ઉ.ગુ.)



